# પ્રભાત

તંત્રી : આશિષ કોઠારી • Dt. : 24-05-2026 • Sunday • Samvat : 2082 • Jeth Sud-08 • Vol : 97 • No. : 141 • Page : 8 • Price : 2.00 | • Prabhat-Ahmedabad * RNI No. 1815/57



# RBIને રૂ. ૮.૭૦ કરોડનો ચૂનો લગાવનાર બેંક કર્મચારીની ધરપકડ


અમદાવાદ, તા. ૨૩

શહેરના કાલુપુર સ્થિત ગાંધી રોડ પર આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં રાખવામાં આવેલા ઈૅમ્ના સત્તાવાર કરન્સી ચેસ્ટમાંથી અંદાજે ૮.૭૭ કરોડ રૂપિયા ગાયબ થવાના સનસનીખેજ મામલામાં પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરી લીધી છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે સોલા એનએફસી રોડ વિસ્તારમાંથી બેંકના જ જોઈન્ટ કસ્ટોડિયન હરસિદ્ધ કડિયાણાની ધરપકડ કરી છે. તેની પાસેથી પાર્ક કરેલી કારમાંથી ૨.૨ કરોડ રૂપિયાની રોકડ પણ જપ્ત કરવામાં આવી છે.

પકડાયેલો મુખ્ય આરોપી હરસિદ્ધ અર્જુનભાઈ કડિયાણા (ઉંમર ૪૨ વર્ષ, રહે. ચાંદખેડા) બેંકમાં જોઈન્ટ કસ્ટોડિયન તરીકે ફરજ બજાવતો હતો. આરોપીની કબૂલાત બાદ સોલા વિસ્તારના એક એપાર્ટમેન્ટના બેઝમેન્ટમાં પાર્ક કરેલી અર્ટિગા કારમાંથી કરોડોની રોકડ મળી આવી. કેશ બોક્સમાંથી ૫૦૦ રૂપિયાના દરની નોટોના બંડલ કાઢીને તેની જગ્યાએ કાગળના થોથા ગોઠવી દેવાતા હતા. જેથી કોઈને શંકા ન જાય. કૌભાંડ છૂપાવવા માટે આરોપીએ ઈૅમ્ના સત્તાવાર 'ૌદ્વૈદ્વૌ' પોર્ટલ પર નકલી ચેસ્ટ બેલેન્સ સર્ટિફિકેટ અને સ્લિપ અપલોડ કરી રકમોની હેરાફેરી કરી હતી.








પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી હરસિદ્ધે ૬ જાન્યુઆરીથી ૧૩ મે વચ્ચેના ગાળામાં આ આખી ચોરીને અંજામ આપ્યો હતો. તે બેંકના હિસાબોના ચોપડામાં ખોટી એન્ટ્રીઓ કરતો અને 'ૌદ્વૈદ્વૌ' પોર્ટલ પર પણ ખોટો ડેટા સબમિટ કરીને ઓડિટ ટીમને છેતરતો હતો. બેંકના સત્તાવાળાઓને હિસાબમાં મોટી વિસંગતતા દેખાતા આખરે ૧૫ મેના રોજ કાલુપુર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ હેઠળ સત્તાવાર ગુનો નોંધાયો હતો. લોકલ ક્રાઈમ બ્રાન્ચની પૂછપરછ દરમિયાન આરોપીએ પોતે છૂપાવેલા નાણાંની વિગતો આપી હતી. કાલુપુર પોલીસે સોલા નજીક એવરેસ્ટ એક્લેવના બેઝમેન્ટ પાર્કિંગમાં દરોડો પાડ્યો હતો. ત્યાં પાર્ક કરેલી અર્ટિગા કારની અંદરથી ૨.૨ કરોડ રૂપિયાની રોકડ કબ્જે કરવામાં આવી હતી. પોલીસે ૨.૨ કરોડ રૂપિયા રોકડા, ૬ લાખની કાર અને ૩ મોબાઈલ ફોન મળીને કુલ ૨.૨૬ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી હરસિદ્ધે આ આખી ચોરી એકલા હાથે નથી કરી. આ ગુનામાં બેંકમાં લોડિંગ-અનલોડિંગનું કામ કરતા અન્ય બે સાગરીતો ઝુલ્ફીકાર અંસારી અને સુલતાન અંસારી પણ સામેલ હતા. તેઓ કેશ બોક્સમાં કાગળ ગોઠવીને રૂપિયા ભરેલા બોક્સ ટ્રોલીમાં મૂકીને બેંક પરિસરની બહાર કાઢી લેતા અને ત્યાંથી સીધા આરોપીના ઘરે પહોંચાડતા હતા. ચોરીના કરોડો રૂપિયા ત્રણેય વચ્ચે વહેંચાયા હતા. જેમાં હરસિદ્ધે પોતાની પાસે ૭ થી ૮ કરોડ રૂપિયા રાખ્યા હતા અને બાકીના સાગરીતોને ૧ કરોડ રૂપિયાનું બોક્સ આપ્યું હતું. હાલ પોલીસ બાકીના ફરાર આરોપીઓને પકડવા અને બાકીની રકમ રિકવર કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

આરોપીએ ચોરી કરેલી રકમમાંથી ચાંદખેડામાં ૨ કરોડ રૂપિયાથી વધુ રકમનો આલિશાન બંગલો ખરીદ્યો હતો. આ ઉપરાંત તેણે ૧.૪૦ કરોડ રૂપિયાની દુકાન પણ ખરીદી હતી. આ ઉપરાંત તેણે એક છોટા હાથી નામનું વાહન પણ ખરીદ્યું હતું. આ ઉપરાંત કેટલીક રકમનું ક્રિપ્ટો કરન્સીમાં પણ રોકાણ કર્યું હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત આરોપીએ તેની સાથે કામ કરતી વૈશાલી નામની મહિલાને પણ મકાન ખરીદવા માટે ૨૮ લાખ રૂપિયા ઉધાર આપ્યા હતા. આરોપીના પત્ની રેલવે પોલીસમાં હેડ કોન્સ્ટેબલ છે. ફરિયાદ થયા બાદ આરોપી પરિવાર સાથે મનાલી ફરવા માટે જતો રહ્યો હતો. જો કે આરોપીને મનાલીમાં ફરિયાદ અંગે જાણ થઈ જતા તે ફરાર થઈ ગયો હતો.

### વિદેશ મંત્રી બન્યા બાદ માર્કો રૂબિયોનો આ પ્રથમ ભારત પ્રવાસ

# પીએમ મોદી અને અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો વચ્ચે બેઠક થઈ

નવી દિલ્હી, તા.૨૩

ફેબ્રુઆરી ૨૦૨૫માં પીએમ મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત બાદ આ પ્રથમ ઉચ્ચ સ્તરીય બેઠક; સુરક્ષા, વેપાર અને ક્રિટિકલ ટેકનોલોજી પર થઈ વ્યાપક ચર્ચા થઈ હતી. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો ભારતના પ્રવાસે નવી દિલ્હી આવી પહોંચ્યા છે, જ્યાં તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક કરી હતી. વિદેશ મંત્રી બન્યા બાદ માર્કો રૂબિયોનો આ પ્રથમ ભારત પ્રવાસ છે. આગામી ૨૬ તારીખે યોજાનારી ક્વાડ (Quad) દેશોના વિદેશ મંત્રીઓની બેઠક પહેલાં યોજાયેલી આ દ્વિપક્ષીય મુલાકાતને ભારત-અમેરિકાના વ્યૂહાત્મક સંબંધો માટે ખૂબ જ મહત્વની માનવામાં આવી રહી છે.

સુરક્ષા, વેપાર, ક્રિટિકલ ટેકનોલોજી અને ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સહયોગ જેવા મહત્વના મુદ્દાઓ પર વિગતવાર મંથન થયું હતું. આ બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સત્તાવાર રીતે અમેરિકા આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે. બેઠકમાં ભારતીય પક્ષ તરફથી વિદેશ મંત્રી એસ. જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ પણ હાજર રહ્યા હતા. દિલ્હી બાદ યુએસ વિદેશ મંત્રી જયપુર, આગ્રા અને કોલકાતાની પણ મુલાકાત લેશે.

અમેરિકી વિદેશ મંત્રી સાથેની મુલાકાત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને આ બેઠક અંગે ખુશી વ્યક્ત કરી હતી. તેમણે લખ્યું કે, "ભારત અને અમેરિકા દુનિયાની ભલાઈ માટે આગળ પણ સાથે મળીને કામ કરતા રહેશે."

આશરે એક કલાક સુધી ચાલેલી આ હાઈ-પ્રોફાઈલ બેઠકમાં મુખ્યત્વે અનેક મુદ્દાઓ પર સહમતી અને રણનીતિ ઘડવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે બંને દેશો વચ્ચેના સંરક્ષણ સંબંધોને વધુ મજબૂત કરવા અને દ્વિપક્ષીય વેપારને નવી ગતિ આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ભવિષ્યની નવી અને આધુનિક ટેકનોલોજીના ક્ષેત્રમાં પરસ્પર સહયોગ વધારવા અંગે ચર્ચા થઈ હતી.

હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં દરિયાઈ માર્ગોની સ્વતંત્રતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે બંને દેશોના નૌકાદળ અને વ્યૂહાત્મક સહયોગને વધારવા પર વાત થઈ.

ટ્રમ્પ પ્રશાસન દ્વારા માર્કો રૂબિયોને ભારત મોકલવા અને પીએમ મોદીને વોશિંગ્ટનનું આમંત્રણ આપવું એ દર્શાવે છે કે બદલાતા વૈશ્વિક સમીકરણો વચ્ચે અમેરિકા ભારત સાથેની દોસ્તીને ટોચની પ્રાથમિકતા આપી રહ્યું છે.

### ભાવ વધારાની હેટ્રિક

# ૧૦ દિવસમાં ત્રીજી વખત વધ્યા પેટ્રોલ-ડીઝલના ભાવ

નવી દિલ્હી, તા.૨૩

મિડલ-ઈસ્ટ (મધ્ય-પૂર્વ) માં ચાલી રહેલા આંતરરાષ્ટ્રીય તણાવની સીધી અસર હવે ભારતના સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડી રહી છે. દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે. શનિવારે ફરી એકવાર પેટ્રોલના ભાવમાં ૮૭ પૈસા પ્રતિ લીટર અને ડીઝલના ભાવમાં ૯૧ પૈસા પ્રતિ લીટરનો ઝીંકાયો છે. સામાન્ય જનતા માટે ચિંતાની વાત એ છે કે છેલ્લા ૧૦ દિવસની અંદર આ ત્રીજી વખત છે જ્યારે ઈંધણના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. આ વધારા સાથે મે મહિનામાં અત્યાર સુધીમાં પેટ્રોલ અને ડીઝલ અંદાજે ૫ રૂપિયા જેટલા મોંઘા થઈ ચૂક્યા છે.આ અગાઉ ૧૫ મેના રોજ પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં એકસાથે ૩-૩ રૂપિયાનો મોટો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૯ મેના રોજ ફરી પેટ્રોલ ૮૭ પૈસા અને ડીઝલ ૯૧ પૈસા મોંઘું થયું હતું. હવે શનિવારના વધારા બાદ દેશની રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૭ પૈસા વધીને ૯૮.૬૪ થી વધીને ૯૯.૫૧ પ્રતિ લીટર થઈ ગઈ છે. જ્યારે ડીઝલની કિંમત ૯૧ પૈસા વધીને ૯૧.૫૮ થી ૯૨.૪૯ પ્રતિ લીટર પર પહોંચી ગઈ છે.દેશમાં ઈંધણની વધતી કિંમતો અને સપ્લાયને લઈને સોશિયલ મીડિયા પર ચાલી રહેલી અટકળો વચ્ચે કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે જનતાને આશ્વાસન આપ્યું છે. મંત્રાલયે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, ''સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલની પૂરતી ઉપલબ્ધતા છે અને સપ્લાય ચેઈન સંપૂર્ણપણે સ્થિર છે. અમે તમામ નાગરિકોને અપીલ કરીએ છીએ કે તેઓ કોઈ પણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપે અને જરૂરિયાત મુજબ જ ઈંધણ ખરીદે, પૅનિક બાઈંગ (ગભરાટમાં આવીને વધુ ખરીદી કરવી) થી બચે.''મંત્રાલયે વધુમાં ઉમેર્યું હતું કે, કેટલાક પસંદગીના પેટ્રોલ પંપો પર જે કામચલાઉ ભીડ કે દબાણ જોવા મળી રહ્યું છે તેને વહેલી તકે દૂર કરવામાં આવી રહ્યું છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સતત સપ્લાય પર નજર રાખી રહી છે અને પરસ્પર તાલમેલ સાથે તેલનું વિતરણ સુનિશ્ચિત કરી રહી છે.

### થાઈલેન્ડ જવા માગતા લોકોને ઝટકો

# સ્થાનિક સરકારે ૬૦ દિવસની વિઝા ફ્રી એન્ટ્રી બંધ કરી

બેંગ્કોક,તા.૨૩

ભારતીય પ્રવાસીઓનું ફેવરિટ થાઈલેન્ડ હવે ૯૦થી વધુ દેશો માટેની પોતાની પ્રખ્યાત ૬૦ દિવસની વિઝા-ફ્રી એન્ટ્રી પોલિસી બંધ કરી રહ્યું છે. આ મોટા નિર્ણયના કારણે ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીમાં હલચલ મચી ગઈ છે. જો તમે બેંગકોક, પટાયા કે ફુકેટ જવાનું વિચારતા હોવ તો આ અપડેટ ખૂબ જ મહત્ત્વની છે, કારણ કે હવે પૂરતી તૈયારી વિના લાંબા સમય સુધી થાઈલેન્ડમાં રોકાવું સરળ નહીં રહે. કોરોના પછી પ્રવાસનને વેગ આપવા થાઈલેન્ડે ૬૦ દિવસની વિઝા-ફ્રી સુવિધા આપી હતી, જેનો ભારતીયોએ ઘણો લાભ લીધો હતો. જોકે, કેટલાક વિદેશી નાગરિકો દ્વારા આ સુવિધાનો દુરુપયોગ કરી ઓવરસ્ટે કરવાના અને ગેરકાયદેસર બિઝનેસ ચલાવવાના કિસ્સા સામે આવ્યા હતા. આથી, સુરક્ષા વધુ ચુસ્ત કરવા અને આવી પ્રવૃત્તિઓ રોકવા થાઈ સરકારે હવે આ કડક પગલું ભર્યું છે. થાઈ સરકાર હવે જૂના દ્વિપક્ષીય કરારોના આધારે એન્ટ્રી નિયમો નક્કી કરશે, જેથી ભારતીયો માટે વિઝા-ફ્રી સ્ટે ૬૦ દિવસથી ઘટીને ફરી ૩૦ દિવસનો થઈ શકે છે. જોકે, જરૂર પડ્યે થાઈ ઈમિગ્રેશન વિભાગમાંથી જરૂરી ફી અને દસ્તાવેજો દ્વારા વધુ ૩૦ દિવસનું એક્સ્ટેન્શન મેળવી શકાશે. આ માટે વિઝા પોલિસી કમિટી દરેક દેશની સ્થિતિની અલગથી સમીક્ષા કરશે. થાઈલેન્ડે ઓવરસ્ટે અને ગેરકાયદે બિઝનેસ રોકવા ઈમિગ્રેશન સિસ્ટમને સંપૂર્ણ ડિજિટલ કરી 'Thailand Digital Arrival Card' સિસ્ટમ લાગુ કરી છે. આ પેપરલેસ સિસ્ટમથી પ્રવાસીઓનો તમામ રેકોર્ડ ઓનલાઈન રહેશે, જેથી એરપોર્ટ પર પ્રક્રિયા ઝડપી બનશે અને વારંવાર એન્ટ્રી લેતા લોકોની સરળ ઓળખ થતાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત થશે. થાઈલેન્ડની અર્થવ્યવસ્થા પર્યટન પર નિર્ભર હોવાથી આ નિર્ણય આશ્ચર્યજનક છે. જોકે, મોટાભાગના ભારતીયો ૭થી ૧૫ દિવસની ટૂંકી ટ્રિપ પર જતા હોવાથી સામાન્ય પ્રવાસીઓ પર આની મોટી અસર નહીં થાય, પણ તેમણે પ્લાનિંગ સાવચેતીપૂર્વક કરવું પડશે. માત્ર ડિજિટલ નોમેડ્સ અને લાંબા વેકેશનવાળા લોકોએ નવા નિયમો મુજબ તૈયારી રાખવી પડશે. નિયમો કડક થયા છે પણ ભારતીયો માટે થાઈલેન્ડ જવાના દરવાજા બંધ નથી થયા.

# લાપત્તા વ્યક્તિના કેસમાં તાત્કાલિક FIR કરો: સુપ્રીમ કોર્ટનો આદેશ

નવી દિલ્હી, તા.૨૩

દેશમાં આશરે ૪૭,૦૦૦ બાળકો હજુ પણ લાપતા હોવાનો ઉલ્લેખ કરીને સુપ્રીમ કોર્ટે દેશભરના પોલીસ સત્તાવાળાઓને લાપતા વ્યક્તિઓના કેસમાં તાકીદે એફઆઈઆર દાખલ કરવાનો તથા માનવ તસ્કરી એકમોને ચાર સપ્તાહમાં સંપૂર્ણપણે કાર્યરત કરવાનો આદેશ આપ્યો હતો.જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ આર મહાદેવનની બેન્ચે સખત નારાજગી વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે આવા બાળકો ઘણીવાર આંતરરાજ્ય સંગઠિત માનવ તસ્કરી ગેંગોના ભોગ બને છે. ખંડપીઠે જણાવ્યું હતું કે ભારત સરકારના ગૃહ મંત્રાલયને દેશના દરેક પોલીસ સ્ટેશનને એક જ પ્લેટફોર્મ પર જોડતું ઓલ ઈન્ડિયા ગ્રીડ બનાવવાનો આદેશ આપવામાં આવે છે, જેમાં માનવ તસ્કરી, ગુમ થયેલા બાળકો અને મહિલાઓ માટે વિશેષ પોર્ટલ હશે. ખંઠપીઠે જણાવ્યું હતું કે સંબંધિત પોલીસ સ્ટેશનોને આદેશ આપવામાં આવે છે કે કોઈપણ વ્યક્તિ ગુમ થયાની માહિતી મળતાની સાથે જ પ્રાથમિક તપાસની રાહ જોયા વગર અથવા ગુમ થયેલા વ્યક્તિના વાલીઓ પર જવાબદારી છોડ્યા વગર તરત જ FIR નોંધવામાં આવે. FIRમાં અપહરણ અને માનવ તસ્કરી સંબંધિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની જોગવાઈઓ ફરજિયાત રીતે સામેલ કરવાના છે. બાળક ગુમ થાય ત્યારે શરૂઆતથી જ અપહરણની શંકા ધ્યાને રાખીને કાર્યવાહી કરવી જોઈએ.

# લદ્દાખમાં આર્મીનું ચિતા હેલિકોપ્ટર ક્રેશ થયું

લદ્દાખ,તા.૨૩

લદ્દાખના તાંગત્સે (લેહના દક્ષિણ-પૂર્વ) વિસ્તારમાં ભારતીય સેનાનું એક 'ચિતા' હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હોવાના આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. આ મોટા અકસ્માતમાં સેનાના ૩જી ડિવિઝન (જે ત્રિશૂલ ડિવિઝન તરીકે ઓળખાય છે) ના જનરલ ઓફિસર કમાન્ડિંગ મેજર જનરલ સહિત ત્રણેય અધિકારીઓનો આબાદ બચાવ થયો છે. આ ઘટના બુધવારે ઘટી હતી, પરંતુ તેની સત્તાવાર માહિતી શનિવારે સામે આવી છે. રાહતની વાત એ છે કે હેલિકોપ્ટરમાં સવાર તમામ અધિકારીઓને માત્ર નજીવી ઈજાઓ જ થઈ છે. આ સિંગલ-એન્જિન ધરાવતા ચિતા હેલિકોપ્ટરને એક લેફ્ટનન્ટ કર્નલ અને એક મેજર રેન્કના અધિકારી ઉડાવી રહ્યા હતા. જ્યારે થર્ડ ઈન્ફન્ટ્રી ડિવિઝનના મેજર જનરલ સચિન મહેતા તેમાં પેસેન્જર તરીકે સવાર હતા. અકસ્માત બાદ મેજર જનરલ મહેતાની અન્ય બે અધિકારીઓ સાથેની એક સેલ્ફી સોશિયલ મીડિયા પર ભારે વાઈરલ થઈ રહી છે, જેમાં તેઓ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થયેલા ચોપર પાસે પથ્થરો પર બેઠેલા જોવા મળે છે. સેના દ્વારા અકસ્માતના ચોક્કસ કારણોની તપાસ માટે 'કોર્ટ ઓફ ઈક્વાયરી' (ૐ) ના આદેશ આપી દેવામાં આવ્યા છે. આ દુર્ઘટનાએ ભારતીય સેનાના જૂના થઈ ગયેલા ચિતા અને ચેતક હેલિકોપ્ટરના જોખમોને ફરી એકવાર સપાટી પર લાવી દીધા છે. સેના આગામી દાયકામાં એવિએશન કોરના આધુનિકીકરણ અભિયાન અંતર્ગત આ હેલિકોપ્ટર્સને તબક્કાવાર રીતે હટાવવાની યોજના બનાવી રહી છે.

# ચીનમાં કોલસાની ખાણમાં બ્લાસ્ટ : ૮૨ના મોત

બેઈજીંગ,તા.૨૩

ચીનના ઉત્તરી શાંક્સી પ્રાંતમાંથી એક અત્યંત ભયાનક અને મોટી દુર્ઘટના સામે આવી છે. અહીં આવેલી 'લિયુશેનયુ' કોલસાની ખાણમાં શુક્રવારે મોડી રાત્રે એક પ્રચંડ ગેસ વિસ્ફોટ થયો હતો. આ દર્દનાક અકસ્માતમાં અત્યાર સુધીમાં ૮૨ શ્રમિકના મોત નીપજ્યા છે, જ્યારે ૯ શ્રમિક હજુ પણ લાપતા હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માતને છેલ્લા એક દાયકામાં ચીનની અંદર બનેલી સૌથી ઘાતક ખાણ દુર્ઘટનાઓમાંથી એક માનવામાં આવી રહી છે.

આ વિસ્ફોટ કિનયુઆન કાઉન્ટીમાં આવેલી લિયુશેનયુ કોલસાની ખાણમાં થયો હતો. જે સમયે આ ગેસ બ્લાસ્ટ થયો તે સમયે ખાણની અંદર કુલ ૨૪૭ શ્રમિક રાબેતા મુજબ કામ કરી રહ્યા હતા. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે શ્રમિકને બહાર નીકળવાની તક જ નહોતી મળી. જોકે, રાહતની વાત એ છે કે ૨૦૦થી વધુ શ્રમિકને સુરક્ષિત રીતે જમીનની બહાર કાઢી લેવામાં આવ્યા છે. શરૂઆતના અહેવાલોમાં માત્ર આઠ લોકોના મોતના સમાચાર હતા, પરંતુ જેમ જેમ બચાવ કામગીરી આગળ વધી તેમ તેમ મૃત્યુઆંક અચાનક વધીને ૮૨ પર પહોંચી ગયો હતો.

આ ભયાનક દુર્ઘટનાબાદ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને વડાપ્રધાન લી કિયાંગે તાત્કાલિક એક્શન લીધા છે. રાષ્ટ્રપતિએ અધિકારીઓને આદેશ આપ્યા છે કે ઈજાગ્રસ્તોની સારવાર અને શોધખોળ અભિયાનમાં કોઈ કસર છોડવામાં ન આવે. આ સાથે જ તેમણે અકસ્માતના કારણોની ઊંડાણપૂર્વક તપાસ કરવા અને કાયદા અનુસાર કડક જવાબદારી નક્કી કરવાનો આદેશ આપ્યો છે.

### કોકરોચ જનતા પાર્ટીની વેબસાઈટ ડાઉન

# CJP ફાઉન્ડરનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પણ હેક થયાનો દાવો

નવી દિલ્હી,તા.૨૩

ઈન્ટરનેટ પર અત્યારે વાઈરલ થઈ રહેલી 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)ના ફાઉન્ડર અભિજીત દીપકેએ એક ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું છે કે તેમનું પર્સનલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કરી લેવામાં આવ્યું છે અને તમામ પ્રયાસો કરવા છતાં તેઓ હવે તેને ઍક્સેસ કરી શકતા નથી. દીપકેએ પોતાના અંગત ઠ એકાઉન્ટ પર આ માહિતી શેર કરતા એમ પણ કહ્યું કે, તેમની પાર્ટીનું બેકઅપ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પણ થોડા સમય માટે બંધ કરી દેવામાં આવ્યું હતું, જોકે તેને બાદમાં ફરી શરૂ કરી દેવાયું છે. બીજી બાજુ ગૂગલ પર કોકરોચ જનતા પાર્ટીની વેબસાઈટ પણ બંધ આવી રહી છે. આ સાઈટ પર તમે પહોંચી નહીં શકો તેવો મેસેજ જોવા મળી રહ્યો છે.

મહારાષ્ટ્રના વતની અને હાલ બોસ્ટનમાં રહેતા અભિજીત દીપકેએ આ ઘટના બાદ પોતાની સુરક્ષાને લઈને ચિંતા અને પોતાના પર સકંજો કસાવાનો ડર પણ વ્યક્ત કર્યો છે. મહત્ત્વનું છે કે, તાજેતરમાં સીજેઆઈ સૂર્યકાંત દ્વારા યુવાનોને લઈને કરવામાં આવેલી 'કોકરોચ'વાળી ટિપ્પણી બાદ આ પાર્ટી સોશિયલ મીડિયા પર અચાનક લોકપ્રિય થઈ ગઈ છે.

બીજી તરફ, 'કોકરોચ જનતા પાર્ટી'નું સત્તાવાર ઠ હેન્ડલ ભારતમાં બ્લોક કરી દેવામાં આવ્યુંછે, જોકે અન્ય દેશોમાં તેને હજુ પણ જોઈ શકાય છે. આ તમામ અવરોધો વચ્ચે પણ ઈન્સ્ટાગ્રામ પર આ પેજે ભાજપ અને કોંગ્રેસ જેવી મોટી રાજકીય પાર્ટીઓને પણ પાછળ છોડી દીધી છે. ઈન્સ્ટાગ્રામ પર આ એકાઉન્ટ પર માત્ર ૮૦ જેટલી જ પોસ્ટ મૂકવામાં આવી છે, તેમ છતાં તેના ફોલોઅર્સની સંખ્યા ૨.૧૮ કરોડને પાર પહોંચી ગઈ છે. આ આંકડા દર્શાવે છે કે આ વ્યંગ્યાત્મક અભિયાન ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા પર કેટલી ઝડપથી વાઈરલ થઈ રહ્યું છે.

આ અનોખા અભિયાનને હવે વિરોધ પક્ષોનો પણ મોટો સાથ મળી રહ્યો છે.

કેરળમાં કોંગ્રેસ, તેની સહયોગી પાર્ટી આઈયુએમએલ (IUML) અને વિપક્ષી દળ માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી (માકપા)ના ઘણા યુવા નેતાઓએ આ ઝુંબેશને સમર્થન આપ્યું છે. નવનિર્વાચિત ધારાસભ્ય અબિન વર્કી (કોંગ્રેસ), પી કે નવાસ અને ટી પી અશરફઅલી (IUML), તેમજ વી કે સનોજ (માકપા)એ શુક્રવારે સીજેપીના સમર્થનમાં અવાજ ઉઠાવ્યો હતો. આ સિવાય વિદ્યાર્થી સંગઠન 'સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા' (SFI)ના પ્રદેશ પ્રમુખ એમ શિવપ્રસાદે પણ આ અભિયાનની તરફેણમાં વાત કરી છે.




# ભારતીય સિક્યોરિટીઝ માર્કેટની સોફ્ટવેર પ્રોડક્ટ્સ ક્ષેત્રની અગ્રણી કંપની વિકાસના નવા તબક્કામાં પ્રવેશી

સિક્યોરિટીઝ ઉદ્યોગ માટે એન્ડ-ટુ-એન્ડ સોફ્ટવેર પ્રોડક્ટ્સ અને સેવાઓ પૂરી પાડતી ભારતની અગ્રણી કંપની ઓમ્નેનેસ્ટ ટેક્નોલોજીસે (OmneNEST Technologies) પોતાની ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવા અને ટ્રેડિંગ ટેક્નોલોજીમાં નવીનતાને વેગ આપવા માટે વિવિધ સ્થળોએ મોટા વિસ્તરણની શરૂઆત કરી છે. આ વિસ્તરણનો ઉદ્દેશ્ય ભારતની સિક્યોરિટીઝ ટ્રેડિંગ ઈકોસિસ્ટમની ઝડપથી બદલાતી જરૂરિયાતોને વધુ વ્યાપક સક્ષમ પ્રોડક્ટ્સ અને સેવાઓ દ્વારા વધુ સારી રીતે પૂરી કરવાનો છે.

આ વિકાસ વ્યૂહરચનાના ભાગરૂપે કંપની પોતાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વ્યાપ નોંધપાત્ર રીતે વધારી રહી છે. ઓમ્નેનેસ્ટ મુંબઈના મહત્વપૂર્ણ વ્યાવસાયિક વિસ્તાર લોઅર પરેલ ખાતે આવેલી પોતાની ઓફિસની સાઈઝ ૪,૫૦૦ ચોરસ ફૂટથી વધારીને ૯,૧૦૦ ચોરસ ફૂટ કરી રહી છે, જે દેશની નાણાંકીય રાજધાનીમાં તેની હાજરીને વધુ મજબૂત બનાવશે. તે જ સમયે, કંપનીનું મુખ્ય ટેક્નોલોજી ડેવલપમેન્ટ સેન્ટર ગણાતું મેંગાલુરુ સેન્ટર પણ ૫૦ ટકાથી વધુ વિસ્તાર સાથે વધારીને ૯,૫૦૦ ચોરસ ફૂટ કરવામાં આવ્યું છે, જેથી સંશોધન અને વિકાસ તેમજ પ્રોડક્ટ એન્જિનિયરિંગ સંબંધિત વધતી જરૂરિયાતોને વધુ અસરકારક રીતે સમર્થન મળી શકે.

ઓમ્નેનેસ્ટ ટેક્નોલોજીસના સીઈઓ પરેશ હેડેએ જણાવ્યું હતું કે, "ઓમ્નેનેસ્ટમાં અમે સિક્યોરિટીઝ બજાર માટે અદ્યતન ટેક્નોલોજી આધારિત સોલ્યુશન્સ દ્વારા ટ્રેડિંગના ભવિષ્યને નવી દિશા આપી રહ્યા છીએ. રોકાણને સામાન્ય લોકો સુધી પહોંચાડવાના અમારા વિઝનના ભાગરૂપે અમે અમારી સુવિધાઓના મોટા વિસ્તરણ તરફ આગળ વધી રહ્યા છીએ. વિસ્તૃત સુવિધાઓ અમને અમારી બૌદ્ધિક મૂડીની ક્ષમતાને વધુ મજબૂત બનાવવામાં મદદ કરશે, જેથી અમે વિશ્વસ્તરીય અને 'મેડ ઈન ઈન્ડિયા' સોફ્ટવેર પ્રોડક્ટ્સ વિકસાવી શકીએ, જે સંસ્થાકીય તેમજ રિટેલ રોકાણકારો બંને માટે રોકાણના ભવિષ્યને નવી વ્યાખ્યા આપશે." ઓમ્નેનેસ્ટના ગ્રાહકોમાં ડિસ્કાઉન્ટ બ્રોકિંગ ક્ષેત્રના દિગ્ગજોથી લઈને સંશોધન આધારિત બ્રોકર્સ, સંસ્થાકીય ટ્રેડિંગ ક્ષેત્રની અગ્રણી સંસ્થાઓ તેમજ વિદેશી બ્રોકરેજ કંપનીઓનો સમાવેશ થાય છે, જે તેની બજારમાં અગ્રણી ગણાતી મલ્ટી-એક્સચેન્જ અને મલ્ટી-એસેટ ઓર્ડર તથા રિસ્ક મેનેજમેન્ટ સિસ્ટમ્સનો ઉપયોગ સિક્યોરિટીઝ ટ્રેડિંગ માટે કરે છે.

ઓમ્નેનેસ્ટનું મુખ્ય ઓર્ડર મેનેજમેન્ટ, ટ્રેડ એક્ઝિક્યુશન અને રિસ્ક મેનેજમેન્ટ પ્લેટફોર્મ દ્વઈજી એટલું સ્કેલેબલ છે કે તે ઈક્વિટીઝ, કોમોડિટીઝ, ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ તેમજ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ) જેવા વિવિધ સેગમેન્ટમાં કાર્યરત સૌથી મોટા બ્રોકર્સ માટે દરરોજ બે કરોડ જેટલા ટ્રેડ્સની પ્રક્રિયા કરી શકે છે. આ તમામ ટ્રેડિંગ પ્રવૃત્તિઓ બીએસઈ, એનએસઈ તથા ભારતની તમામ કોમોડિટી એક્સચેન્જિસમાં કરવામાં આવે છે. NEST પ્લેટફોર્મ આજે ભારતના ટ્રેડિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો આધારસ્તંભ બની ગયું છે અને દેશમાં સક્રિય ટ્રેડિંગ તથા ડીમેટ એકાઉન્ટ ધરાવતા દરેક ત્રણમાંથી લગભગ બે ખાતાધારકોને તે સશક્ત બનાવે છે.

ઓમ્નેનેસ્ટ ટેક્નોલોજીસના સીઓઓ રાજીવ રંજન સિંહે જણાવ્યું હતું કે, "અમારા વિસ્તરણનો આગામી તબક્કો રિટેલ રોકાણકારોને અલ્ગોરિધમિક ટ્રેડિંગ અને વિવિધ ટ્રેડિંગ સ્ટ્રેટેજીસ જેવા અદ્યતન સાધનો ઉપલબ્ધ કરાવવા પર કેન્દ્રિત છે. સાથે જ અમે વધુ સારા યુઝર ઈન્ટરફેસ અને વધુ સારો યુઝર અનુભવ પ્રદાન કરવા પ્રતિબદ્ધ છીએ, જ્યારે રિટેલ અને સંસ્થાકીય બંને પ્રકારના ગ્રાહકોને સતત કાર્યરત અને અત્યંત વિશ્વસનીય પ્લેટફોર્મ પૂરા પાડવાની અમારી પરંપરાને યથાવત રાખીશું. અમે સહજ, સરળતાથી સમજાય તેવી અને મર્યાદિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવા છતાં અસરકારક રીતે કાર્ય કરતી રોકાણ પ્રણાલી દ્વારા ભારતની 'જનનિવેશ ક્રાંતિ'ને વેગ આપવાનો સંકલ્પ ધરાવીએ છીએ."

કંપનીના ગ્રાહકોમાં ઝેરોધા, ગ્રો, એન્જલ વન અને આઈઆઈએફએલ કેપિટલ જેવી અગ્રણી સંસ્થાઓ ઉપરાંત તાજેતરમાં બજારમાં પ્રવેશ કરનારી કંપનીઓ તેમજ મોટા સંસ્થાકીય બ્રોકર્સનો પણ સમાવેશ થાય છે.

સોફ્ટવેર અને મેનેજ્ડ સર્વિસીસને આવરી લેતા ઝડપથી વિસ્તરી રહેલા પ્રોડક્ટ પોર્ટફોલિયો સાથે ઓમ્નેનેસ્ટ બ્રોકરેજ કંપનીઓને તેમની 'ગો-ટુ-માર્કેટ' વ્યૂહરચનાઓને વધુ ઝડપથી અમલમાં મૂકવામાં મદદ કરવા માટે અનુકૂળ સ્થિતિમાં છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન કંપનીના કર્મચારીઓની સંખ્યામાં પાંચ ગણો વધારો થયો છે, જે તેની નવીનતા, સ્કેલેબિલિટી અને ભારતના સિક્યોરિટીઝ ટેક્નોલોજી ક્ષેત્રમાં બજાર નેતૃત્વ જાળવી રાખવા પ્રત્યેની સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## JSW સિમેન્ટે ચોથા ત્રિમાસિક ગાળા અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે નાણાકીય પરિણામોની જાહેરાત કરી

JSW સિમેન્ટ લિમિટેડ કંપની ("કંપની")એ ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ચોથા ત્રિમાસિક ગાળા અને સંપૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે એના સંગઠિત નાણાકીય પરિણામોની આજે જાહેરાત કરી હતી.

કંપનીએ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ NSE અને BSE પર એનું લિસ્ટિંગ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું,. IPO અગાઉ ૨૪ જુલાઈ, ૨૦૨૫ના રોજ દરેક ?૧૦૦ની ફેસ વેલ્યુના ૧૬૦,૦૦૦,૦૦૦ CCPSને દરેક ?૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૨૩૫,૬૬૨,૪૭૭ ઈક્વિટી શેરમાં કન્વર્ટ કરવામાં આવ્યા હતા. એ મુજબ, ઉપરોક્ત રૂપાંતરણની શરતોને આધારે ૩૦ જૂન, ૨૦૨૫ના રોજ CCPS જવાબદારી (૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ ?૧,૮૯૭.૭ કરોડનું મૂલ્ય વહન કરતી હતી)નું ઉચિત મૂલ્યાંકન થયું હતું, જેના પરિણામે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળા અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન નોન-કેશ, અપવાદરૂપ ખર્ચ (FVTPL તરીકે નિયુક્ત નાણાકીય માધ્યમો (CCPS)માંથી ઊભી થયેલા ઉચિત મૂલ્ય ધરાવતા ખર્ચ) ?૧,૪૬૬.૪ કરોડ હતો. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ચોથા ત્રિમાસિક ગાળામાં CCPSને કારણે કોઈ ખર્ચ થયો નહોતો.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ચોથા ત્રિમાસિક ગાળા માટે સંગઠિત કામગીરી અને નાણાકીય કામગીરી :

ત્રિમાસિક ગાળામાં વેચાણનું કુલ વોલ્યુમ વાર્ષિક ધોરણે ૭ ટકા વધીને ૩.૯૯ મિલિયન ટન થયું હતું. તેમાંથી સિમેન્ટનાં વેચાણનું વોલ્યુમ વાર્ષિક ધોરણે ૧૨ ટકા વધીને ૨.૩૫ મિલિયન ટન હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ચોથા ત્રિમાસિક ગાળામાં ૨.૧૦ મિલિયન ટન હતું. ગ્રાઉન્ડ ગ્રેન્યુલેટેડ બ્લાસ્ટ ફર્નેસ સ્લેગ ("GGBS")ના વેચાણનું વોલ્યુમ વાર્ષિક ધોરણે ૫ ટકા વધીને ૧.૫૭ મિલિયન ટન થયું હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ચોથા ત્રિમાસિક ગાળામાં ૧.૪૯ મિલિયન ટન હતું.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વોલ્યુમનું કુલ વેચાણ વાર્ષિક ધોરણે ૧૧ ટકા વધીને ૧૩.૯૬ મિલિયન ટન થયું હતું. તેમાંથી સિમેન્ટના વેચાણનું વોલ્યુમ વાર્ષિક ધોરણે ૯ ટકા વધીને ૭.૭૩ મિલિયન ટન થયું હતું, તો GGBSના વેચાણનું વોલ્યુમ વાર્ષિક ધોરણે ૧૨ ટકા વધીને ૫.૭૮ મિલિયન ટન થયું હતું.

## ભારતમાં દર ૧૦માંથી ૮ મહિલાઓ કૌટુંબિક અને બાળકોની સંભાળની જવાબદારીઓને કારણે નોકરીની અરજી કરવાનું ટાળે છે: ઈન્ડીડ સર્વેક્ષણનું તારણ

વૈશ્વિક જોબ સાઈટ ઈન્ડીડના એક નવા સર્વેક્ષણમાં બહાર આવ્યું છે કે, કૌટુંબિક અને બાળકોની સંભાળની જવાબદારીઓ આજે પણ મહિલાઓની કારકિર્દીના નિર્ણયોને પ્રભાવિત કરી રહી છે. સર્વેક્ષણમાં સામેલ ૮૩% મહિલાઓએ સ્વીકાર્યું કે કૌટુંબિક અને બાળકોની સંભાળની સાથે નોકરી કરવી અઘરી લાગતી હોવાથી, તેમણે અરજી કરવાનું જ ટાળ્યું હતું.

ઈન્ડીડ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર શશી કુમારે જણાવ્યું હતું કે, "ભલે આજે ઘણા ઘરોમાં પરિવારના સભ્યો મળીને ઘર-બાળકોની જવાબદારીઓ વહેંચતા હોય, પણ આ સર્વે દર્શાવે છે કે ભારતમાં મહિલાઓ આજે પણ કારકિર્દીના મોટા નિર્ણયો લેતી વખતે આ જરૂરિયાતોને ખાસ ધ્યાનમાં રાખે છે. મહિલાઓ આગળ વધવા તો માંગે જ છે, પણ હવે તેઓ એવી નોકરીઓ પસંદ કરવામાં વધુ સાવધ બની છે જે તેમની કૌટુંબિક અને બાળકોની સંભાળની વાસ્તવિકતા સાથે મેળ ખાતી હોય. જે કંપનીઓ કામકાજમાં વાસ્તવિક અનુકૂળતા અને સ્પષ્ટ અપેક્ષાઓ પૂરી પાડે છે, તેઓ આવી કુશળ મહિલાઓને આકર્ષવામાં અને પોતાની સાથે જોડી રાખવામાં વધુ સફળ રહેશે."

અનુકૂળતા હવે માત્ર સગવડ નથી, તે કારકિર્દી ઘડવા માટે અનિવાર્ય છે. સર્વેના તારણો દર્શાવે છે કે મહિલાઓ માટે કારકિર્દીની તકો પસંદ કરતી વખતે કામકાજની અનુકૂળતા એક નિર્ણાયક પરિબળ બની ગઈ છે. નવી નોકરી પસંદ કરવાની વાત આવે ત્યારે ૫૩% મહિલાઓ માટે કામના અનુકૂળ કલાકો સૌથી પહેલી પ્રાધાન્યતા છે, જ્યારે ૪૮% મહિલાઓ હાઈબ્રિડ અથવા રિમોટ વર્કને વધુ મહત્વ આપે છે. આ બદલાવ કર્મચારીઓના પગારના નિર્ણયોમાં પણ સ્પષ્ટપણે જોવા મળે છે, જ્યાં દર ૧૦ માંથી લગભગ ૮ મહિલાઓ કામકાજમાં વધુ યોગ્ય અનુકૂળતા અને પર્સનલ-પ્રોફેશનલ લાઈફમાં સંતુલન મેળવવા માટે ઓછો પગાર સ્વીકારવા પણ તૈયાર છે, જેમાં ૪૫% મહિલાઓએ આ વાત પર મંજૂરી આપી છે અને ૩૪% મહિલાઓ તે અંગે વિચારી શકે છે. નોકરી કરતી માતાઓ માટે હાઈબ્રિડ અને રિમોટ વર્ક ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે. સર્વે અનુસાર, ૩૭% મહિલાઓએ હાઈબ્રિડ અથવા રિમોટ વર્કને કાર્યસ્થળના એકમાત્ર એવા ફેરફાર તરીકે ઓળખાવ્યો છે, જે નોકરી કરતી માતાઓના જીવનમાં સૌથી મોટો સકારાત્મક તફાવત લાવી શકે છે.

## વધતા જતા મેડિકલ ખર્ચ વચ્ચે SBI જનરલ ઈન્સ્યોરન્સ આપે છે કોમ્પ્રેહેન્સિવ હેલ્થ કવરની જરૂરિયાત પર વિશેષ ભાર

ભારતની અગ્રણી જનરલ ઈન્સ્યોરન્સ કંપનીઓ પૈકીની એક SBI જનરલ ઈન્સ્યોરન્સ દ્વારા 'ચુનિયે ભરોસા, અપનો સા'(Chuniye Bharosa, Apno Sa) અભિયાનને આગળ જાળવી રાખી પંકજ ત્રિપાઠીને ચમકાવતી એક નવી ફિલ્મની જાહેરાત કરી છે. આ ફિલ્મ આપણા રોજિંદા જીવનમાં તથા આજના અનિશ્ચિતતાથી ભરેલા સમયમાં હેલ્થ ઈન્સ્યોરન્સની વધતી જરૂરિયાત પર વિશેષ ભાર મૂકે છે.

ભારતમાં જીવનશૈલીને લગતી સ્વાસ્થ્ય સમસ્યા અને તબીબી મોંઘવારીમાં સતત વધારો જોવા મળી રહ્યો છે, જે કટોકટીના સમયે પરિવારો પર આર્થિક બોજ વધારે છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO)ના ૮૦મા રાઉન્ડના સ્વાસ્થ્ય સર્વેક્ષણ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના સરકારી આંકડા દર્શાવે છે કે દેશમાં હોસ્પિટલમાં દાખલ થવાનો સરેરાશ ખર્ચ હવે પરિવારો માટે રૂપિયા ૩૪,૦૦૦થી વધુ થઈ ગયો છે. આ બાબત સ્પષ્ટ દર્શાવે છે કે હેલ્થ ઈન્સ્યોરન્સના વધતા વ્યાપ છતાં મેડિકલ ઈમરજન્સી પરિવારો માટે મોટું આર્થિક સંકટ ઊભું કરી શકે છે.

પંકજ ત્રિપાઠીને ચમકાવતી આ ફિલ્મ રોજિંદા જીવનની વાસ્તવિકતા સાથે જોડાયેલી છે. તે લોકોની દૈનિક ભાગદોડ, લાંબી મુસાફરી, કામના વ્યસ્ત કલાકો તથા પોતાના પરિવારના ઉજ્જવળ ભવિષ્ય માટે તેઓ જે ભોગ આપે છે તેનું જીવંત પ્રતિબિંબ પાડે છે. આ એક ભાવનાત્મક અને સ્પર્શી જાય તેવી સ્ટોરી દ્વારા આ ફિલ્મ દર્શકોને યાદ અપાવે છે કે તેઓ તેમના પ્રિયજનો માટે સતત મહેનત તો કરે છે પરંતુ ઘણીવાર એક મુખ્ય પ્રાથમિકતાને ભૂલી જાય છે - જે પરિવારના સ્વાસ્થ્ય અને આર્થિક સુખાકારીનું રક્ષણ કરવું છે અને સૌથી મહત્વના એવા સભ્યોનું ભવિષ્ય સુરક્ષિત કરવું. આ અભિયાન અનિશ્ચિત સમય દરમિયાન વિશ્વસનીય અને પર્યાપ્ત હેલ્થ ઈન્સ્યોરન્સ પસંદ કરવાના મહત્વ પર ભાર મૂકે છે.

આ અંગે વાત કરતા SBI જનરલ ઈન્સ્યોરન્સના માર્કેટિંગ અને CSR હેડ શ્રી રથિન લાહિરીએ જણાવ્યું હતું કે, "આજના સમયમાં સ્વાસ્થ્ય સંબંધિત તૈયારીનો અર્થ ફક્ત વીમો લેવો એટલુ પૂરતું નથી. કૌટુંબિક જવાબદારી ધરાવતા પગારદાર વ્યક્તિઓ માટે બદલાતી સ્વાસ્થ્ય જરૂરિયાતો તથા વધતા મેડિકલ ખર્ચને પહોંચી વળવા માટે વાર્ષિક આવકનો ઓછામાં ઓછો ૨% હિસ્સો વીમા પાછળ ફાળવવો એ એક સમજદારીભર્યું પગલું હોઈ શકે છે. પંકજ ત્રિપાઠીને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે દર્શાવતા અમારા 'ચુનિયે ભરોસા, અપનો સા' અભિયાન દ્વારા અમે લોકો તેમના પ્રિયજનો માટે જે રોજિંદા પ્રયત્નો કરે છે તેને પ્રતિબિંબિત કરવા માગતા હતા અને સાથે જ તેમના પરિવારના સ્વાસ્થ્ય અને આર્થિક સુખાકારીના રક્ષણ માટે વધુ સક્રિય અભિગમ અપનાવવા પ્રોત્સાહિત કરવા માગતા હતા. આ અભિયાન અનિશ્ચિત સમય દરમિયાન પરિવારોને ખરા અર્થમાં મદદરૂપ થાય તેવું કવરેજ પસંદ કરવાના મહત્વ પર ભાર મૂકે છે."

આજના સમયમાં હેલ્થ ઈન્સ્યોરન્સ ફક્ત કટોકટીના સમયે મળતી આર્થિક મદદ પૂરતો મર્યાદિત ન રહેતા પરિવારો માટે લાંબા ગાળાના સ્વાસ્થ્ય અને આર્થિક આયોજનનો એક મહત્વનો સ્તંભ બની રહ્યો છે. પર્યાપ્ત હેલ્થ કવરેજ દ્વારા અગાઉથી કરેલું આયોજન પરિવારોને તબીબી અનિશ્ચિતતાનો વધુ આત્મવિશ્વાસ સાથે સામનો કરવામાં મદદરૂપ થાય છે તથા કટોકટીના સમયે આર્થિક તણાવ ઘટાડે છે.

SBI જનરલ ઈન્સ્યોરન્સ વ્યક્તિઓ અને પરિવારોને વ્યાપક કવરેજ અને સાનુકૂળતાના લાભો પૂરા પાડવા માટે તૈયાર કરેલા ગ્રાહક-કેન્દ્રી હેલ્થ ઈન્સ્યોરન્સ સોલ્યુશન્સ પૂરા પાડવાનું ચાલુ રાખે છે. તાજેતરમાં લોન્ચ કરાયેલા Health Alpha પ્લાનમાં કસ્ટમાઈઝ કરી શકાય તેવા કવરેજ વિકલ્પો, વિશાળ હોસ્પિટલ નેટવર્ક પર કેશલેસ હોસ્પિટલાઈઝેશનની સુવિધા, પ્રિવેન્ટિવ હેલ્થકેર બેનિફિટ્સ, આધુનિક સારવાર માટે કવરેજ અને સરળ ક્લેમ આસિસ્ટન્સ જેવી સુવિધા મળે છે, જે ગ્રાહકોને તેમની બદલાતી સ્વાસ્થ્ય જરૂરિયાતો મુજબ યોગ્ય સુરક્ષા પસંદ કરવામાં મદદ કરે છે.

## આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડે ઉદ્યોગમાં પ્રથમ વખત રજૂ થયેલા ૩૦ મિનિટ રોડસાઈડ આસિસ્ટન્સ વચનોમાંની એક 'સર્વિસ અશ્યોર' લોન્ચ કરી

ભારતની અગ્રણી પ્રાઈવેટ જનરલ ઈન્શ્યોરન્સ કંપનીઓમાંની એક આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્શ્યોરન્સે આજે તેની IL Smart Assist (રોડ સાઈડ આસિસ્ટન્સ) ઓફરિંગ હેઠળ નવી પ્રતિબદ્ધતા 'સર્વિસ અશ્યોર' (જીદ્દિષ્ઠી છજજેી) લોન્ચ કરવાની જાહેરાત કરી છે. ઉદ્યોગમાં પ્રથમ વખત રજૂ થયેલા રોડસાઈડ આસિસ્ટન્સ વચનોમાંની એક ગણાતી આ સેવા હેઠળ ખાનગી કાર ગ્રાહકોને તેમના વાહનમાં ખામી સર્જાય અથવા અકસ્માત થાય ત્યારે આઠ મેટ્રો શહેરોમાં ૩૦ મિનિટની અંદર સહાયતા પહોંચાડવાની ખાતરી આપવામાં આવે છે. આ લોન્ચ કંપનીના ૨૫ વર્ષના મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાથે સંકળાયેલું છે અને મોટર વીમાને માત્ર ક્લેમ્સ સેવા શ્રેણીમાંથી સર્વિસ અશ્યોરન્સ આધારિત શ્રેણીમાં પરિવર્તિત કરવાની તેની યાત્રામાં આગામી મહત્વપૂર્ણ પગલું છે.

આ લોન્ચ અંગે પ્રતિભાવ આપતાં આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડના ચીફ કોમર્શિયલ લાઈન્સ અને મોટર (અંડરરાઈટિંગ અને ક્લેમ્સ) શ્રી ગૌરવ અરોરાએ જણાવ્યું હતું કે, "દોઢ વર્ષ પહેલાં Smart Saver Plus દ્વારા અમે અમારા ગ્રાહકોને તેમની કારના સમારકામ માટે લાગતા સમય અંગે એક વચન આપ્યું હતું. હવે Service Assure દ્વારા અમે તેમને મદદ માટે પહોંચવામાં કેટલો સમય લાગશે તે અંગે પણ સ્પષ્ટ વચન આપી રહ્યા છીએ. આ દરેક પગલું અમને એક સરળ વિચારની વધુ નજીક લઈ જાય છે કે મોટર વીમાનું મૂલ્યાંકન માત્ર તે કેટલું વળતર આપે છે તેના આધારે નહીં, પરંતુ તે કેટલી ઝડપથી અને કેટલી વિશ્વસનીય રીતે તમારી સાથે ઉભું રહે છે તેના આધારે થવું જોઈએ."

Service Assure માટેના સર્વિસ પ્રોવાઈડર ગ્લોબલ અશ્યોરના સ્થાપક શ્રી મનીષ વિજે જણાવ્યું હતું કે, "વાહન બગડી જવાથી ડ્રાઈવરોને કલાકો સુધી રસ્તા પર અટવાઈ રહેવું પડે છે. તેઓ ચિંતિત હોય છે, અનિશ્ચિતતાનો સામનો કરતા હોય છે અને મદદ માટે લાંબી રાહ જોતા હોય છે. Global Assureમાં અમે સારી રીતે સમજીએ છીએ કે જ્યારે તમે રસ્તા પર મુશ્કેલીમાં હો ત્યારે દરેક મિનિટ મહત્વપૂર્ણ હોય છે. તેથી જ અમે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ સાથે ભાગીદારી કરીને તેમના ગ્રાહકો માટે ટોચના ૮ શહેરોમાં ૩૦ મિનિટની સર્વિસ અશ્યોર સુવિધા લાવવા બદલ અત્યંત ઉત્સાહિત છીએ. આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડના વિશ્વસનીય વીમા કવચને અમારી ઝડપી રોડસાઈડ આસિસ્ટન્સ અને રિયલ-ટાઈમ ટ્રેકિંગ સેવાઓ સાથે જોડીને અમે ગ્રાહકોને સંપૂર્ણ માનસિક શાંતિ પ્રદાન કરી રહ્યા છીએ અને રસ્તા પરની ચિંતાને ઝડપી તથા વિશ્વસનીય રાહતમાં ફેરવી રહ્યા છીએ."

# ભારતમાં ક્રેડિટ કાર્ડના ઉપયોગમાં વધારો થવાના મુખ્ય વલણો અને પરિબળો

ભારતમાં વપરાશ અંગે લેન્ડસ્કેપ ઝડપથી વિકસિત થઈ રહ્યો છે, લોકોની ખર્ચ પેટર્ન સાથે વધુ મહત્વાકાંક્ષી જીવનશૈલી, ડિજિટલ-ફર્સ્ટ વ્યવહારો અને લવચીક ચુકવણી વિકલ્પોનો વધુ ઉપયોગ થઈ રહ્યો છે. છેલ્લા દાયકામાં, વધતી જતી આવક, શહેરીકરણનું વિસ્તરણ અને વધુ મહત્વાકાંક્ષી મધ્યમ વર્ગે લોકો કેવી રીતે અને ક્યાં ખર્ચ કરે છે તેમાં નવીનતા દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૬ દરમિયાન લગભગ ૧૧૮.૬ મિલિયન ક્રેડિટ કાર્ડ ચલણમાં છે અને ?૨૩.૬૨ ટ્રિલિયનથી વધુનો ખર્ચ ક્રેડિટ કાર્ડ દ્વારા કરવામાં આવ્યો છે, જે ઈકોસિસ્ટમમાં ક્રેડિટ કાર્ડના ઉપયોગ અંગે સ્પષ્ટ પરિવર્તન દેખાય છે.

લોકોની વધતી જતી આવક અને એક્સપોઝરના કારણે, ભારતીય ગ્રાહકોનું ખર્ચ વર્તન વધુને વધુ મહત્વાકાંક્ષી અને અનુભવ-આધારિત બની રહ્યું છે, જે ગ્રાહકની વિવેકાધીન ખર્ચ કરવાની ક્ષમતાના પરિવર્તનને દર્શાવે છે. SBI કાર્ડના FY'26ના ડેટા સૂચવે છે કે છૂટક ખર્ચ ?૩.૫૪ ટ્રિલિયનથી વધુના અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યો છે, જેમાં વાર્ષિક ધોરણે ૧૫% વૃદ્ધિ થઈ છે. છૂટક ખર્ચમાં ઓનલાઈન ખર્ચનો ફાળો લગભગ ૬૨.૫% છે, જે બિન-વિવેકાધીન અને વિવેકાધીન બંને શ્રેણીઓમાં ડિજિટલ-ફર્સ્ટ વપરાશ માટે વધતા વલણને દર્શાવે છે.

હાયપર-વ્યક્તિગત, સીમલેસ અનુભવો અને સ્વ-સેવા હેઠળના ડિજિટલ પ્લેટફોર્મ ગ્રાહકોની સાથે સંબંધ અને સુવિધાને વધુ ગાઢ બનાવવા માટે અભિન્ન બની રહ્યા છે. SBI કાર્ડ મુજબ, લાખો ગ્રાહકો વારંવાર SBI કાર્ડના ડિજિટલ પ્લેટફોર્મ જેમ કે SBI કાર્ડ મોબાઈલ એપ્લિકેશન, લાઈવ ચેટ ઈન્ટિગ્રેટેડ Ask ILA ચેટબોટ, WhatsAp સેવાનો ઉપયોગ તેમની વિવિધ જરૂરિયાતો માટે કરી રહ્યા છે, નવા કાર્ડ માટે અરજી કરવાથી લઈને ક્વેરી રિઝોલ્યુશન સુધી આજે, SBI કાર્ડ મોબાઈલ એપ્લિકેશન ગ્રાહક અનુભવ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાને કારણે, Google Play અને App Store પર અનુક્રમે ૪.૬ અને ૪.૫ રેટિંગ ધરાવે છે.

ભારતમાં વિકસિત થતી ક્રેડિટ કાર્ડ ઈકોસિસ્ટમ પર ટિપ્પણી કરતા, SBI કાર્ડના MD અને CEO સલીલા પાંડેએ જણાવ્યું હતું કે, "લોકોની વધતી જતી આવક અને આકાંક્ષાઓ, પ્રગતિશીલ નીતિઓ, ડિજિટાઈઝેશન અને વધતી જતી ચુકવણી માળખાકીય સુવિધાઓ, ક્રેડિટ કાર્ડ વ્યવહારોને ફરીથી આકાર આપી રહી છે. ગ્રાહકો અનુભવો, જીવનશૈલી આધારિત ખરીદીઓ સાથે અને સીમલેસ રોજિંદા વ્યવહારો તરફ આકર્ષિત થઈ રહ્યા છે, જે વધુ આત્મવિશ્વાસ અને વિકસિત માનસિકતા દર્શાવે છે. SBI કાર્ડમાં, અમે અર્થપૂર્ણ ભાગીદારી અને નવીનતા દ્વારા અમારા ઉત્પાદન પોર્ટફોલિયોને વધુ મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ, જેથી આ જરૂરિયાતોને પૂર્ણ કરી શકાય, અને સાથે સાથે ભારતના સમૃદ્ધ ડિજિટલ ચુકવણી લેન્ડસ્કેપમાં યોગદાન આપી શકાય."

ભારતનું ડિજિટલ ચુકવણી ઈકોસિસ્ટમ ઝડપથી વિકસિત થયું છે જેમા UPI રોજિંદા વ્યવહારોની કરોડરજ્જુ રહ્યું છે. આ ઈકોસિસ્ટમમાં એક નોંધપાત્ર ઉત્ક્રાંતિ UPI-લિંક્ડ ક્રેડિટ કાર્ડ્સનો ઉપયોગ છે, જે રોજિંદા વ્યવહારોમાં તેની ભૂમિકાને વધારી રહ્યું છે. SBI કાર્ડના ઊ૪ FY'26 ડેટા મુજબ, UPI-લિંક્ડ ક્રેડિટ કાર્ડ ખર્ચમાં QoQ માં ૧૦% થી વધુનો વધારો થયો છે, જે ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ અને કરિયાણા, ઉપયોગિતાઓ, ઈંધણ, વસ્ત્રો અને રેસ્ટોરાં જેવા સેગમેન્ટ્સ દ્વારા સંચાલિત છે, જે ગ્રાહકોના આરામ અને આત્મવિશ્વાસમાં વધારો દર્શાવે છે.

ક્રેડિટ કાર્ડ અપનાવવાની પ્રક્રિયા ધીમે ધીમે મેટ્રોપોલિટન બજારોની બહાર પણ વિસ્તરી રહી છે, આવકમાં વધારો થઈ રહ્યો છે, ડિજિટલ જાગૃતિમાં સુધારો થઈ રહ્યો છે અને ચુકવણી માળખાનો વિસ્તાર થઈ રહ્યો છે. UPI સાથે RuPay ક્રેડિટ કાર્ડનું એકીકરણ નાના શહેરોમાં ગ્રાહકોને તેમના રોજિંદા ખર્ચ માટે પણ, ક્રેડિટનો ઉપયોગ કરવા સક્ષમ બનાવીને આ વલણને વધુ વેગ આપી રહ્યું છે.

SBI કાર્ડનો ડેટા દર્શાવે છે કે UPI-સક્રિય ક્રેડિટ કાર્ડ ગ્રાહકોમાંથી લગભગ ૭૭% અને UPI-ક્રેડિટ ખર્ચ ટાયર ૨ અને ટાયર ૩ શહેરોમાંથી થાય છે, જે બજારોમાં ડિજિટલ ક્રેડિટના મજબૂત પગલાને દર્શાવે છે અને નાણાકીય સમાવેશને ટેકો આપવામાં ક્રેડિટ કાર્ડની ભૂમિકાને મજબૂત બનાવે છે.

## ઈક્વિટી બજારમાં સ્થિરતા છતાં મોંઘવારી અને વૃદ્ધિમાં મંદીના જોખમ વચ્ચે બોન્ડ યીલ્ડમાં વધારો: બજાજ ફિનસર્વ એસેટ મેનેજમેન્ટ કંપની

પોતાના તાજા આર્થિક દ્દષ્ટિકોણમાં બજાજ ફિનસર્વ એસેટ મેનેજમેન્ટ કંપની એ જણાવ્યું છે કે વૈશ્વિક બજારો હવે વધુ પડકારજનક તબક્કામાં પ્રવેશી રહ્યા છે, જ્યાં આર્થિક વૃદ્ધિમાં મંદી, ઊંચી મોંઘવારી અને વધતી ભૂરાજકીય અનિશ્ચિતતા મુખ્ય પરિબળો બની રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડાર (આઈએમએફ)ના તાજેતરના અંદાજ મુજબ, ૨૦૨૬માં વૈશ્વિક આર્થિક વૃદ્ધિ ઘટીને ૩.૧ ટકા રહેવાની શક્યતા છે, જ્યારે ગયા વર્ષે તે ૩.૪ ટકા હતી. બીજી તરફ, મોંઘવારી વધીને ૪.૪ ટકા સુધી પહોંચી શકે છે. તેનું મુખ્ય કારણ ઊંચી ઊર્જા કિંમતો અને સપ્લાય ચેઈનમાં અવરોધો છે. વૈશ્વિક વેપારમાં મંદી અને કડક નાણાકીય પરિસ્થિતિઓ ઉદયમાન બજારોમાં બાહ્ય માંગ અને મૂડીપ્રવાહ પર અસર કરી શકે છે.

"અસ્થિર બજાર પરિસ્થિતિમાં મોટી કંપનીઓના શેર સ્થિરતાનો આધાર બની રહ્યા છે. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ભારે ઘટાડા પછી મજબૂત પુન:પ્રાપ્તિ પણ જોવા મળી છે. તાજેતરના બજાર સુધારાઓ પછી મોટી કંપનીઓના મૂલ્યાંકન હવે લાંબા ગાળાની સરેરાશ કરતાં નીચે આવી ગયા છે," એવું કહેવું છે સોરભ ગુપ્તા નું.

આ પરિસ્થિતિઓ છતાં, કાચા તેલની કિંમતો અને ભૂરાજકીય ઘટનાઓથી સર્જાયેલા ઉતાર-ચઢાવ વચ્ચે ભારતીય શેરબજારોએ મજબૂતી દર્શાવી છે. ગયા એક મહિનામાં નિફ્ટી ૫૦ સૂચકે ૭.૫ ટકાનો વળતર આપ્યો છે. જોકે, તેલની કિંમતો અને વૈશ્વિક રાજકીય સ્થિતિના આધારે બજારમાં ભારે અસ્થિરતા જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં અનુક્રમે ૧૪ ટકા અને ૨૦ ટકાનો વધારો નોંધાયો હતો.

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ)ની નાણાં ઉપાડવાની પ્રવૃત્તિ એપ્રિલ ૨૦૨૬માં ઘટીને ?૭૦,૦૦૦ કરોડ રહી હતી, જ્યારે માર્ચમાં તે આશરે ?૧.૨ લાખ કરોડ હતી. ભૂરાજકીય તણાવમાં ઘટાડો અને સ્થાનિક આર્થિક સંકેતોમાં સુધારા પછી વૈશ્વિક રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતા સુધરી હોવાનું જણાઈ રહ્યું છે.

કંપની સ્થાનિક વપરાશ અને નાણાકીય ક્ષેત્રને પ્રાથમિકતા આપતી રહી છે. સાથે સાથે, વૈશ્વિક વીજ પુરવઠા માળખાકીય ખર્ચમાં વૃદ્ધિથી લાભ મેળવનારી મૂડી સામાન કંપનીઓને પસંદગીપૂર્વક મહત્વ આપવામાં આવી રહ્યું છે.

"કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત આવક દબાણના જોખમોને કારણે અમે માહિતી ટેક્નોલોજી સેવા ક્ષેત્ર અંગે સાવચેત છીએ. લાંબા ગાળાના રોકાણકારો માટે મોટી કંપનીઓ અને ફ્લેક્સીકેપ ફંડ્સ હજુ પણ આકર્ષક છે. જ્યારે સ્મોલકેપ ફંડ્સ નિયમિત રોકાણ યોજના દ્વારા રોકાણ કરનારાઓ માટે વધુ યોગ્ય છે. મલ્ટી-એસેટ, બેલેન્સ્ડ એડવાન્ટેજ અને આર્બિટ્રેજ વ્યૂહરચનાઓ અસ્થિર બજારમાં વૈવિધ્યકરણનો લાભ આપે છે," સોરભ ગુપ્તાએ જણાવ્યું હતું.

સ્થિર આવક બજારમાં તેલની કિંમતો મોંઘવારી, આર્થિક વૃદ્ધિ અને નીતિગત અપેક્ષાઓને અસર કરતું સૌથી મહત્વપૂર્ણ પરિબળ બની રહી છે. ભારતમાં મુખ્ય મોંઘવારી હાલ નિયંત્રણમાં છે, પરંતુ ઊંચી કાચા તેલની કિંમતો વપરાશ, ઉત્પાદન ખર્ચ અને બાહ્ય સંતુલન પર દબાણ ઊભું કરી શકે છે.

આર્થિક વૃદ્ધિની ગતિમાં પણ મંદીના સંકેતો જોવા મળી રહ્યા છે. ખરીદી વ્યવસ્થાપક સૂચકાંકમાં નબળાઈ, કોર સેક્ટરમાં ધીમી વૃદ્ધિ અને ગ્રાહક વિશ્વાસમાં ઘટાડો નોંધાયો છે.

વેપાર ખાધમાં વધારો, મૂડી પ્રવાહમાં ઘટાડો અને રૂપિયામાં નબળાઈના કારણે બાહ્ય ક્ષેત્ર પર દબાણ વધી રહ્યું છે. જોકે, સરકારી ખર્ચ અને ભારતીય રિઝર્વ બેંકની પ્રવાહિતા વ્યવસ્થાપન નીતિઓના કારણે સ્થાનિક પ્રવાહિતાની સ્થિતિ અનુકૂળ રહી છે. તાજેતરના ઊંચા સ્તરોથી બોન્ડ યીલ્ડમાં ઘટાડો થયો છે, પરંતુ પશ્ચિમ એશિયા સંકટ પહેલાંના સ્તરોની સરખામણીએ તે હજુ પણ ઊંચી છે, ખાસ કરીને લાંબા ગાળાના બોન્ડ્સમાં.

"ભારતીય રિઝર્વ બેંક ધીમી આર્થિક વૃદ્ધિ, સતત મોંઘવારી અને બાહ્ય જોખમો વચ્ચે સંતુલન જાળવતા હાલની નીતિ યથાવત રાખી શકે છે. અમારું માનવું છે કે આર્થિક વૃદ્ધિમાં મંદી બોન્ડ યીલ્ડને સ્થિર રાખશે, જ્યારે પૂરતી પ્રવાહિતા વ્યાજદરમાં અનિયંત્રિત વધારો થતો અટકાવશે," એવું કહેવું છે સિદ્ધાર્થ ચૌધરી નું.

## વીમા ક્ષેત્રમાં ગ્રાહકો સાથે સીધા જોડાણનો અભાવ યથાવત: પ્રેક્સિસનો અહેવાલ

કન્સલ્ટીંગ ફર્મ પ્રેક્સિસ ગ્લોબલ અલાઈયન્સ (Praxis Global Alliance)ના એક અહેવાલ પ્રમાણે ભારતના જનરલ ઈન્શ્યોરન્સ ઈન્સ્યોરન્સ ઈન્ડસ્ટ્રીઝ કસ્ટમર ઓનરશિપ અને અંડરરાઈટિંગ શિસ્તતાને બદલે ગ્રોથને વધારે પ્રાથમિકતા આપી રહી છે, જેથી વચેટીયાઓ પર વધી રહેલી નિર્ભરતાને લીધે લાંબા સમયની નફાકારકતા પર દબાણ આવી રહ્યું છે. આ અહેવાલ એવા સમયે આવ્યો છે જ્યારે તેના થોડા દિવસો અગાઉ જ IRDAIના ચેરમેન શ્રી અજય સેઠે વીમા ક્ષેત્રના ઊંચા ખર્ચના માળખા તથા એજન્ટો આધારિત વિતરણ પરની વધારે પડતી નિર્ભરતા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

પ્રેક્સિસના જણાવ્યા પ્રમાણે ભારતમાં વીમાનો આશરે ૮૦ ટકા વ્યવસાય હજુ પણ એજન્ટો, બ્રોકર્સ, બેંકાસ્યોરન્સ અને ઈ-ચેનલો જેવા માધ્યમો દ્વારા જ ચાલે છે. તેના કારણે ડિસ્ટ્રીબ્યુટર્સને પોતાના તરફ આકર્ષિત કરવા માટે વીમા કંપનીઓ વચ્ચે સ્પર્ધા ખૂબ વધી ગઈ છે, જે ઊંચા કમિશન ચૂકવણી તરફ દોરી જાય છે અને ગ્રાહકો સાથેના સીધા સંબંધોને નબળા પાડે છે.

અહેવાલમાં જણાવાયું છે કે વીમા કંપનીઓ ગ્રાહકો સાથે લાંબા ગાળાના સીધા સંબંધો નિર્માણને બદલે ડિસ્ટ્રીબ્યુટર્સ સુધી પોતાની પહોંચ વધારવા માટે વધુ ને વધુ સ્પર્ધા કરી રહી છે. પરિણામે ગ્રાહકો અવારનવાર વીમા કંપનીઓને બદલે આ ઈન્ટરમીડિયર્સ પ્રત્યે વફાદાર રહે છે, જેના કારણે નવા ગ્રાહક મેળવવા, પોલિસી રિન્યૂ કરાવવી અને ગ્રાહકો સાથે જોડાયેલા રહેવાની તમામ પ્રક્રિયા પર એજન્ટો અને વિતરકોનું જ નિયંત્રણ રહે છે.

પ્રેક્સિસે તેને "પુન:-અધિગ્રહણ-આધારિત વૃદ્ધિ" તરીકે ગણાવી છે, જેમાં વીમા કંપનીઓ પોલિસીના રિન્યુઅલ વખતે પણ વારંવાર નવા ગ્રાહક મેળવવા જેવો જ મોટો ખર્ચ કરે છે.

પ્રેક્સિસ ગ્લોબલ એલાયન્સના ઈન્સ્યોરન્સ પ્રેક્ટિસ લીડર શ્રી વિશાલ ભાવેએ જણાવ્યું હતું કે, "કમિશનની પારદર્શકતા, બિમા સુગમ, Ind AS 117 અને જોખમ-આધારિત મૂડી માળખાને લગતા નિયમનકારી સુધારા વીમા ઉદ્યોગને ધીમે-ધીમે ગ્રાહકો માટે વધુ ફાયદાકારક આર્થિક સ્થિતિ અને વધુ ટકાઉ નફાકારકતા તરફ દોરી જઈ શકે છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જે વીમા કંપનીઓ ગ્રાહકો સાથે સીધું અને વધુ મજબૂત જોડાણ ઊભું કરશે, તેઓ લાંબા ગાળે વેલ્યુ ક્રિએશન માટે વધુ સારી સ્થિતિમાં હશે.

Printed and Published by Ashish Kothari on behalf of Prabhat News Papers Pvt. Ltd., Printed at Kothari Printers, 1, R. K. Kothari Estate, Ranipur Bus Stop, Narol, Ahmedabad, Publieshed from, 704, Aditya, Mithakhali Six Roads, Ahmedabad. Editor : Ashish Kothari, email : news@theprabhat.com (M.)+91 9727977477

# એરટેલ પેમેન્ટ્સ બેંકે નાણાકીય વર્ષ ૨૬ માં મજબૂત વૃદ્ધિ નોંધાવી; આવક રૂ.૩,૨૦૭ કરોડ પર પહોંચી

એરટેલ પેમેન્ટ્સ બેંકે આજે ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ માટેના પોતાના પરિણામો જાહેર કર્યા છે. સમગ્ર વર્ષ દરમિયાન, કંપનીની આવક રૂ.૩,૨૦૭ કરોડ રહી હતી, જે વાર્ષિક ધોરણે ૧૮.૪% ની વૃદ્ધિ દર્શાવે છે. ચોખ્ખો નફો રૂ.૧૦૯ કરોડ નોંધાયો હતો, જેમાં માર્જિન સુધરીને ૩.૪% થયું છે, જે વ્યવસાયની માળખાકીય પરિપક્વતા અને ઓપરેટિંગ લીવરેજને પ્રતિબિંબિત કરે છે. ગ્રાહકોની બેલેન્સ વાર્ષિક ધોરણે ૨૬% વધીને રૂ.૪,૬૧૨ કરોડ થઈ છે, જ્યારે વાર્ષિક ગ્રોસ મર્ચેન્ડાઈઝ વેલ્યુ (GMV) રૂ.૪,૫૪૨ બિલિયન પર પહોંચી ગઈ છે. સેવિંગ્સ બેંક એકાઉન્ટના માસિક ટ્રાન્ઝેક્શન કરતા યુઝર્સ (SBA MTU) વધીને ૨૮.૮ મિલિયન થવાની સાથે બેંકે ગ્રાહકોનો મજબૂત ઉત્સાહ જોવાનું ચાલુ રાખ્યું છે. એરટેલ પેમેન્ટ્સ બેંક યુઝર બેઝની દ્રષ્ટિએ ભારતમાં ત્રીજી સૌથી મોટી મોબાઈલ બેંક તરીકે યથાવત છે, જે તેના ડિજિટલ-ફર્સ્ટ અને ટેકનોલોજી આધારિત મોડલના સ્કેલ અને પકડને દર્શાવે છે.

એરટેલ પેમેન્ટ્સ બેંકના એમડી અને સીઈઓ અનુબ્રત બિસ્વાસે જણાવ્યું હતું કે, "આ વર્ષનું અમારું મજબૂત પ્રદર્શન ગ્રાહકોના સતત વિશ્વાસ અને અમારા બિઝનેસ મોડલની સ્થિતિસ્થાપકતાને પ્રતિબિંબિત કરે છે. અમારા 'સેફ સેકન્ડ એકાઉન્ટ' (Safe Second Account) નો વ્યાપક સ્વીકાર સુરક્ષિત અને સીમલેસ ડિજિટલ બેંકિંગ સોલ્યુશનની વધતી જતી જરૂરિયાતને રેખાંકિત કરે છે. અમારું વિશિષ્ટ મોડલ, જે મોબાઈલ-ફર્સ્ટ પ્લેટફોર્મને વિશાળ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક સાથે જોડે છે, તે અમને વિવિધ વર્ગોના ગ્રાહકોને અસરકારક રીતે સેવા આપવા સક્ષમ બનાવે છે. અમે જેમ જેમ આગળ વધી રહ્યા છીએ, તેમ તેમ અમારું ધ્યાન એક એવી ડિજિટલ બેંક બનાવવા પર છે જે ભારતની બદલાતી નાણાકીય જરૂરિયાતોને સાર્થક રીતે પૂરી કરી શકે."

બેંકને તેના સેફ સેકન્ડ એકાઉન્ટ માટે, ખાસ કરીને શહેરી બજારોમાં મજબૂત આકર્ષણ મળી રહ્યું છે, જે તેને પસંદગીની ડિજિટલ બેંક બનાવે છે. ગ્રાહકો દૈનિક ડિજિટલ ટ્રાન્ઝેક્શન અને રિકરિંગ પેમેન્ટ્સ માટે તેનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યા છે. આનાથી ગ્રાહકોની સંલગ્નતા વધી છે, જેના કારણે બેંક UPI ઓટોપે (Autopay) મેન્ડેટમાં બીજા ક્રમની સૌથી મોટી પ્લેયર તરીકે ઉભરી આવી છે.

બેંકનો ટ્રાન્ઝિટ બિઝનેસ પણ ઝડપથી વધી રહ્યો છે, જેમાં ૬ મિલિયનથી વધુ નેશનલ કોમન મોબિલિટી કાર્ડ્સ (NCMC) ઈશ્યૂ કરવામાં આવ્યા છે, જે તેને આ સેગમેન્ટમાં બીજા ક્રમની સૌથી મોટી ઈશ્યુઅર બનાવે છે. સપોર્ટેડ નેટવર્ક્સ પર દર ત્રણમાંથી બે ટ્રાન્ઝિટ પેમેન્ટ્સ પ્રોસેસ કરીને, આ બેંક મોટા પાયે ઘર્ષણરહિત અને કેશલેસ ગતિશીલતા (mobility) ને સક્ષમ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

ગ્રામીણ ભારતમાં, એરટેલ પેમેન્ટ્સ બેંકનું આગવું મોડલ, જે ઊંડી ભૌતિક પહોંચને મજબૂત ડિજિટલ પ્લેટફોર્મ સાથે જોડે છે, તે બેંકને વંચિત સમુદાયો સેવા આપવા માટે મજબૂત સ્થિતિ પ્રદાન કરે છે. બેંક દર ચારમાંથી એક AePS ટ્રાન્ઝેક્શન અને દર બેમાંથી એક રેમિટન્સ (મની ટ્રાન્સફર) પ્રોસેસ કરે છે. ૫,૦૦,૦૦૦ થી વધુ સક્રિય બેંકિંગ પોઈન્ટ્સ સાથે, બેંક દર ચારમાંથી ત્રણ ગામડાઓમાં સેવા આપીને અને ભારતના આશરે ૧% ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) ને પ્રોસેસ કરીને બેંકિંગ સેવાઓની સુલભતાનો ગેપ પૂરો કરવાનું ચાલુ રાખે છે.

એરટેલ પેમેન્ટ્સ બેંક ઓમ્નીચેનલ મર્ચન્ટ ડિજિટલ પેમેન્ટ્સમાં મજબૂત ગતિ જોઈ રહી છે, અગ્રણી એગ્રીગેટર્સ સાથે ભાગીદારી કરીને ૧૬ બિલિયન યુએસ ડોલરના વ્યવહારો પ્રોસેસ કરી રહી છે. તે કરંટ એકાઉન્ટ, ઊઇ અને સાઉન્ડબોક્સ સોલ્યુશન્સની સંકલિત ઓફરિંગ દ્વારા નાના ઓફલાઈન વેપારીઓને ડિજિટલ અર્થતંત્રમાં જોડાવા માટે પણ સક્ષમ બનાવી રહી છે, જે સીમલેસ, રિયલ-ટાઈમ પેમેન્ટ્સ અને કાર્યક્ષમ સેટલમેન્ટ્સને સપોર્ટ કરે છે.

એરટેલ પેમેન્ટ્સ બેંક સમગ્ર દેશમાં સીમલેસ, સુરક્ષિત અને સુલભ બેંકિંગ સેવાઓ પ્રદાન કરીને ડિજિટલ બેંકિંગ અને નાણાકીય સમાવેશીકરણ (financial inclusion) ને આગળ ધપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે.

# રબર કિંગ ટાયર્સ એપ્લિકેશન-આધારિત ઈનોવેશન અને સ્ટ્રક્ચરલ એડવાન્સમેન્ટ દ્વારા વૈશ્વિક વિસ્તરણ તરફ અગ્રેસર

ઈન્ડસ્ટ્રિયલ, ફાર્મ, સોલિડ, પોર્ટ અને ઓફ-ધ-રોડ (OTR) ટાયર સેગમેન્ટમાં અગ્રણી ઉત્પાદક, રબર કિંગ ટાયર્સ, વિશ્વભરમાં હેવી-ડ્યુટી ઉદ્યોગોની બદલાતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેના પ્રોડક્ટ પોર્ટફોલિયો અને વિતરણ નેટવર્કનું વ્યૂહાત્મક રીતે વિસ્તરણ કરી રહ્યું છે. સામાન્ય પ્રોડક્ટ સપ્લાય કરવાને બદલે લાંબા ગાળાના લાઈફસાઈકલ પર્ફોર્મન્સ પર ધ્યાન કેન્દ્રિત કરીને, કંપની વૈશ્વિક ટાયર ઉદ્યોગમાં ઉચ્ચ ગુણવત્તાવાળા, ટેકનોલોજી-સંચાલિત પ્લેયર તરીકે પોતાને સ્થાપિત કરી રહી છે.

રબર કિંગ ટાયર્સના ડાયરેક્ટર દેવિન ગવારવાલાએ જણાવ્યું હતું કે કંપનીની વિકાસયાત્રા હંમેશા ગ્રાહકોની જરૂરિયાતોની ગાઢ, એપ્લિકેશન-આધારિત સમજ દ્વારા આકાર પામી છે. રબર કિંગે મટીરિયલ હેન્ડલિંગ સેક્ટર માટે મજબૂત સોલિડ ટાયરના ઉત્પાદનથી શરૂઆત કરી હતી, જ્યાં દૈનિક કામગીરી માટે પંચર-પ્રૂફ પર્ફોર્મન્સ, ઊંચી લોડ-બેરિંગ ક્ષમતા અને ઝીરો ડાઉનટાઈમ અત્યંત મહત્વપૂર્ણ છે. બજારની વ્યાપક જરૂરિયાતોને ઓળખીને, કંપનીએ માઈનિંગ અને કન્સ્ટ્રક્શનના કઠિન વિસ્તારો માટે અત્યંત ટકાઉપણું અને કટ રેઝિસ્ટન્સ પ્રદાન કરવા માટે OTR સેગમેન્ટમાં સફળતાપૂર્વક વિસ્તરણ કર્યું. ત્યારબાદ તેની ન્યુમેટિક (હવાવાળા) ટાયર રેન્જના લોન્ચિંગથી આ પોર્ટફોલિયો વધુ મજબૂત બન્યો, જેનાથી રબર કિંગ એગ્રિકલ્ચર, ઔદ્યોગિક અને મિક્સ્ડ-યુઝડની એપ્લિકેશન્સમાં વર્સેટિલિટી, કમ્ફર્ટ અને ઓપરેશનલ કાર્યક્ષમતા પ્રદાન કરવા સક્ષમ બન્યું.

આજે, OTR ગ્રાહકો માત્ર શરૂઆતની કિંમતના આધારે નહીં, પરંતુ કોસ્ટ-પર-અવર પર્ફોર્મન્સ અને એકંદર ઉત્પાદકતાના આધારે ટાયરનું મૂલ્યાંકન કરી રહ્યા છે. આના જવાબમાં, રબર કિંગની પ્રોડક્ટ ડેવલપમેન્ટ વ્યૂહરચના મુખ્ય પર્ફોર્મન્સ પરિમાણો પર કેન્દ્રિત છે જેમ કે હાઈ કટ અને એબ્રેશન રેઝિસ્ટન્સ, લાંબા સર્વિસ લાઈફ માટે ઓપ્ટિમાઈઝ્ડ ટ્રેડ વેર, ભારે લોડ હેઠળ માળખાકીય અખંડિતતા (મજબૂતાઈ), અને લાંબા ઓપરેટિંગ સાયકલ માટે અદ્યતન હીટ રેઝિસ્ટન્સ (ગરમી સામે પ્રતિકાર). ઓછા ખર્ચવાળા વિકલ્પો અને પ્રીમિયમ-પર્ફોર્મન્સ પ્રોડક્ટ્સ વચ્ચેના સ્પષ્ટ અંતરને દૂર કરવા માટે કંપનીની ન્યુમેટિક રેન્જ પણ રજૂ કરવામાં આવી હતી. ટાયર ફેલ થવાના દરને ઘટાડવા માટે મજબૂત નાયલોન કેસીંગ સ્ટ્રક્ચર્સ, બહેતર ટ્રેક્શન (પકડ) માટે એડવાન્સ ટ્રેડ કમ્પાઉન્ડ્સ, અને ટકાઉપણું તેમજ પરવડે તેવી કિંમત પર કેન્દ્રિત સંતુલિત એન્જિનિયરિંગનો સમાવેશ કરીને, રબર કિંગે એવી પ્રોડક્ટ્સ બનાવી છે જે ઓપરેશનલ કાર્યક્ષમતા સાથે બાંધછોડ કર્યા વિના લાંબા ગાળાનું મૂલ્ય પ્રદાન કરે છે.

કાચા માલના અસ્થિર વૈશ્વિક વાતાવરણમાં, ખાસ કરીને કુદરતી રબરના ભાવમાં થતી વધઘટ વચ્ચે કામ કરવા માટે મજબૂત વ્યૂહાત્મક આયોજનની જરૂર પડે છે. રબર કિંગ સપ્લાયર ડાયવર્સિફિકેશન, વ્યૂહાત્મક સોર્સિંગ, કાર્યક્ષમ ઈન્વેન્ટરી મેનેજમેન્ટ અને કમ્પાઉન્ડ ફોર્મ્યુલેશનના સતત ઓપ્ટિમાઈઝેશન દ્વારા આ પડકારોનો સામનો કરે છે. આ અભિગમ કંપનીને આંતરિક ખર્ચને અસરકારક રીતે નિયંત્રિત કરવામાં અને ગ્રાહકો પર ભાવની અસ્થિરતાની અસરને ઘટાડવાની સાથે કડક ગુણવત્તાના ધોરણો જાળવી રાખવામાં સક્ષમ બનાવે છે.

ભવિષ્ય તરફ જોતાં, કંપની ભારતના આક્રમક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, માઈનિંગના વિસ્તરણ અને હેવી ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગના વધતા લોકલાઈઝેશન દ્વારા સંચાલિત, સ્થાનિક ટાયર ઉદ્યોગમાં મજબૂત લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવનાઓ જુએ છે. જો કે, ડેવિન ગાવરવાલાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતે ઈ ઉત્પાદનમાં સાચા વૈશ્વિક લીડર તરીકે ઉભરી આવે તે માટે, ઉદ્યોગે માત્ર ખર્ચની સ્પર્ધાત્મકતાથી આગળ વધીને ટેકનોલોજી અને ગુણવત્તાના નેતૃત્વ પર ધ્યાન કેન્દ્રિત કરવું આવશ્યક છે. તેમણે નોંધ્યું હતું કે વૃદ્ધિનો આગામી તબક્કો એડવાન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R&D), ઓટોમેશન-સંચાલિત મેન્યુફેક્ચરિંગ કન્સિસ્ટન્સી, માઈનિંગ એપ્લિકેશન્સ માટે વર્લ્ડ-ક્લાસ ટેસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મજબૂત આંતરરાષ્ટ્રીય બ્રાન્ડિંગ અને વિતરણ ક્ષમતાઓના નિર્માણ પર ખૂબ જ નિર્ભર રહેશે.

આ વિસ્તરણ વ્યૂહરચનાના ભાગરૂપે, રબર કિંગ ટાયર્સ આગામી મહિનાઓમાં મુખ્ય બજારોમાં વિશિષ્ટ ડીલરોને પોતાની સાથે જોડીને દેશભરમાં તેની હાજરીને વધુ મજબૂત કરી રહ્યું છે.

# ભારતમાં ક્રેડિટ કાર્ડના ઉપયોગમાં વધારો થવાના મુખ્ય વલણો અને પરિબળો

ભારતમાં વપરાશ અંગે લેન્ડસ્કેપ ઝડપથી વિકસિત થઈ રહ્યો છે, લોકોની ખર્ચ પેટર્ન સાથે વધુ મહત્વાકાંક્ષી જીવનશૈલી, ડિજિટલ-ફર્સ્ટ વ્યવહારો અને લવચીક ચુકવણી વિકલ્પોનો વધુ ઉપયોગ થઈ રહ્યો છે. છેલ્લા દાયકામાં, વધતી જતી આવક, શહેરીકરણનું વિસ્તરણ અને વધુ મહત્વાકાંક્ષી મધ્યમ વર્ગે લોકો કેવી રીતે અને ક્યાં ખર્ચ કરે છે તેમાં નવીનતા દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૬ દરમિયાન લગભગ ૧૧૮.૬ મિલિયન ક્રેડિટ કાર્ડ ચલણમાં છે અને ?૨૩.૬૨ ટ્રિલિયનથી વધુનો ખર્ચ ક્રેડિટ કાર્ડ દ્વારા કરવામાં આવ્યો છે, જે ઈકોસિસ્ટમમાં ક્રેડિટ કાર્ડના ઉપયોગ અંગે સ્પષ્ટ પરિવર્તન દેખાય છે.

લોકોની વધતી જતી આવક અને એક્સપોઝરના કારણે, ભારતીય ગ્રાહકોનું ખર્ચ વર્તન વધુને વધુ મહત્વાકાંક્ષી અને અનુભવ-આધારિત બની રહ્યું છે, જે ગ્રાહકની વિવેકાધીન ખર્ચ કરવાની ક્ષમતાના પરિવર્તનને દર્શાવે છે. SBI કાર્ડના FY'26 ના ડેટા સૂચવે છે કે છૂટક ખર્ચ ?૩.૫૪ ટ્રિલિયનથી વધુના અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યો છે, જેમાં વાર્ષિક ધોરણે ૧૫% વૃદ્ધિ થઈ છે. છૂટક ખર્ચમાં ઓનલાઈન ખર્ચનો ફાળો લગભગ ૬૨.૫% છે, જે બિન-વિવેકાધીન અને વિવેકાધીન બંને શ્રેણીઓમાં ડિજિટલ-ફર્સ્ટ વપરાશ માટે વધતા વલણને દર્શાવે છે.

હાયપર-વ્યક્તિગત, સીમલેસ અનુભવો અને સ્વ-સેવા હેઠળના ડિજિટલ પ્લેટફોર્મ ગ્રાહકોની સાથે સંબંધ અને સુવિધાને વધુ ગાઢ બનાવવા માટે અભિન્ન બની રહ્યા છે. SBI કાર્ડ મુજબ, લાખો ગ્રાહકો વારંવાર SBI કાર્ડના ડિજિટલ પ્લેટફોર્મ જેમ કે SBI કાર્ડમોબાઈલ એપ્લિકેશન, લાઈવ ચેટ ઈન્ટિગ્રેટેડ Ask ILA ચેટબોટ, WhatsApp સેવાનો ઉપયોગ તેમની વિવિધ જરૂરિયાતો માટે કરી રહ્યા છે, નવા કાર્ડ માટે અરજી કરવાથી લઈને ક્વેરી રિઝોલ્યુશન સુધી આજે, SBI કાર્ડ મોબાઈલ એપ્લિકેશન ગ્રાહક અનુભવ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાને કારણે, Google Play અને App Store પર અનુક્રમે ૪.૬ અને ૪.૫ રેટિંગ ધરાવે છે.


ભારતમાં વિકસિત થતી ક્રેડિટ કાર્ડ ઈકોસિસ્ટમ પર ટિપ્પણી કરતા, SBI કાર્ડના MD અને CEO સલીલા પાંડેએ જણાવ્યું હતું કે, “લોકોની વધતી જતી આવક અને આકાંક્ષાઓ, પ્રગતિશીલ નીતિઓ, ડિજિટાઈઝેશન અને વધતી જતી ચુકવણી માળખાકીય સુવિધાઓ, ક્રેડિટ કાર્ડ વ્યવહારોને ફરીથી આકાર આપી રહી છે. ગ્રાહકો અનુભવો, જીવનશૈલી આધારિત ખરીદીઓ સાથે અને સીમલેસ રોજિંદા વ્યવહારો તરફ આકર્ષિત થઈ રહ્યા છે, જે વધુ આત્મવિશ્વાસ અને વિકસિત માનસિકતા દર્શાવે છે. SBI કાર્ડમાં, અમે અર્થપૂર્ણ ભાગીદારી અને નવીનતા દ્વારા અમારા ઉત્પાદન પોર્ટફોલિયોને વધુ મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ, જેથી આ જરૂરિયાતોને પૂર્ણ કરી શકાય, અને સાથે સાથે ભારતના સમૃદ્ધ ડિજિટલ ચુકવણી લેન્ડસ્કેપમાં યોગદાન આપી શકાય.”

ભારતનું ડિજિટલ ચુકવણી ઈકોસિસ્ટમ ઝડપથી વિકસિત થયું છે જેમાં UPI રોજિંદા વ્યવહારોની કરોડરજ્જુ રહ્યું છે. આ ઈકોસિસ્ટમમાં એક નોંધપાત્ર ઉત્ક્રાંતિ UPI-લિંક્ડ ક્રેડિટ કાર્ડ્સનો ઉપયોગ છે, જે રોજિંદા વ્યવહારોમાં તેની ભૂમિકાને વધારી રહ્યું છે. SBI કાર્ડના Q4 FY'26 ડેટા મુજબ, UPI-લિંક્ડ ક્રેડિટ કાર્ડ ખર્ચમાં ઊંઊ માં ૧૦% થી વધુનો વધારો થયો છે, જે ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ અને કરિયાણા, ઉપયોગિતાઓ, ઈંધણ, વસ્ત્રો અને રેસ્ટોરાં જેવા સેગમેન્ટ્સ દ્વારા સંચાલિત છે, જે ગ્રાહકોના આરામ અને આત્મવિશ્વાસમાં વધારો દર્શાવે છે.

ક્રેડિટ કાર્ડ અપનાવવાની પ્રક્રિયા ધીમે ધીમે મેટ્રોપોલિટન બજારોની બહાર પણ વિસ્તરી રહી છે, આવકમાં વધારો થઈ રહ્યો છે, ડિજિટલ જાગૃતિમાં સુધારો થઈ રહ્યો છે અને ચુકવણી માળખાનો વિસ્તાર થઈ રહ્યો છે. UPI સાથે RuPay ક્રેડિટ કાર્ડનું એકીકરણ નાના શહેરોમાં ગ્રાહકોને તેમના રોજિંદા ખર્ચ માટે પણ, ક્રેડિટનો ઉપયોગ કરવા સક્ષમ બનાવીને આ વલણને વધુ વેગ આપી રહ્યું છે.

SBI કાર્ડનો ડેટા દર્શાવે છે કે UPI-સક્રિય ક્રેડિટ કાર્ડ ગ્રાહકોમાંથી લગભગ ૭૭% અને UPI-ક્રેડિટ ખર્ચ ટાયર ૨ અને ટાયર ૩ શહેરોમાંથી થાય છે, જે બજારોમાં ડિજિટલ ક્રેડિટના મજબૂત પગલાને દર્શાવે છે અને નાણાકીય સમાવેશને ટેકો આપવામાં ક્રેડિટ કાર્ડની ભૂમિકાને મજબૂત બનાવે છે.

# વૈશ્વિકરિસર્ચ ફર્મ બર્નસ્ટીન અદાણી ગ્રુપ માટે બુલિશ! પોર્ટ અને પાવરને 'આઉટ પરફોર્મ' રેટિંગ




વોલ સ્ટ્રીટની સૌથી નિષ્પક્ષ ગણાતી વૈશ્વિક રિસર્ચ ફર્મ બર્નસ્ટીન (Bernstein) એ અદાણી જૂથ પર વિજયની મહોર મારી દીધી છે. બર્નસ્ટીને તેના રિપોર્ટમાં અદાણી ગ્રુપની બેલેન્સ શીટને 'સંપૂર્ણ સ્વસ્થ અને સલામત' જાહેર કરીને રોકાણકારોની તમામ આશંકાઓનો અંત આણી દીધો છે. સરકારી માલિકીની કંપનીઓ સામે મોટા પાયે પ્રોજેક્ટ્સ પૂરા કરવાની અસાધારણ ક્ષમતા અને બજાર પર પ્રભુત્વને કારણે અદાણીના શેરો કમાણીનું એન્જિન સાબિત થવા જઈ રહ્યા છે.

બર્નસ્ટીને રિપોર્ટમાં ખાસ નોંધ્યું છે કે અદાણી ગ્રુપ પાસે મોટા પાયે પ્રોજેક્ટ્સ પૂરા કરવાની અસાધારણ ક્ષમતા છે. સરકારી માલિકીની સ્પર્ધક કંપનીઓ સામે અદાણીનું બિઝનેસ મોડલ ઘણું જ મજબૂત, ઝડપી અને વ્યાપારી રીતે વધુ સ્માર્ટ સાબિત થઈ રહ્યું છે. રોકાણકારોને આશ્વાસન આપનારી બાબત એ છે કે બર્નસ્ટીને અદાણી ગ્રુપના દેવા (Debt Levels) અંગે ફેલાયેલી ચિંતાઓને સખત શબ્દોમાં નકારી કાઢી છે.

બ્રોકરેજના જણાવ્યા મુજબ કંપનીના દેવાની ચુકવણીનું શિડ્યુઅલ સુવિધાજનક છે.કંપનીના બોન્ડ્સના વ્યાજ દરો (Yields) નિયંત્રણમાં છે.પ્રમોટર્સનું હોલ્ડિંગ અને શેરો ગીરવે મૂકવાના આંકડા સંપૂર્ણપણે સ્વસ્થ અને સલામત સ્તરે છે.

રિપોર્ટમાં અદાણી ગ્રુપની મુખ્ય કંપનીઓ માટે ટાર્ગેટ પ્રાઈસ આપવામાં આવ્યા છે. જેમાં અદાણી પોર્ટ્સ (APSEZ)ને 'આઉટપરફોર્મ' રેટિંગ સાથે ટાર્ગેટ પ્રાઈસ: ?૧,૮૮૦આપવામાં આવ્યો છે.બર્નસ્ટીનના મતે અદાણી પોર્ટ્સ પાસે બજારમાં મજબૂત પ્રાઈસિંગ પાવર (ભાવ નક્કી કરવાની શક્તિ) છે. માળખાકીય રીતે કાર્યક્ષમ હોવાના કારણે અદાણીને વેલ્યુ ચેઈન વધારવાની તક મળે છે.

બ્રોકરેજે અદાણી પાવરને 'આઉટપરફોર્મ' રેટિંગ આપતા તેનો ટાર્ગેટ પ્રાઈસ: ?૧૭૭ રાખ્યું છે.બર્નસ્ટીન અદાણી પાવરે ભારતના બંને મુખ્ય સાધનો સપ્લાયર્સ પાસેથી લાંબા ગાળાના કરારો હસ્તગતકર્યા છે, જેનાથી આગામી વર્ષો માટે હરીફો લોક-આઉટ (બાકાત) થઈ ગયા છે.

અંબુજા સિમેન્ટ્સને'માર્કેટ-પરફોર્મ' રેટિંગ આપતા તેનો ટાર્ગેટ પ્રાઈસ ?૫૪૨ રાખ્યો છે. બર્નસ્ટીને આ સિમેન્ટ કંપની માટે પોતાનું ન્યુટ્રલ વલણ જાળવી રાખ્યું છે. ગ્રુપના અમુક શેરોના વેલ્યુએશન હજી પણ હરીફોની લાઈનમાં હોવાથી પોર્ટફોલિયોમાં પસંદગીની તકો ઉપલબ્ધ છે.

ગ્લોબલ રિસર્ચ જાયન્ટ બર્નસ્ટીનનો આ રિપોર્ટ અદાણી ગ્રુપની નાણાકીય સ્થિરતા અને ભવિષ્યની વિકાસ ક્ષમતા પર મહોર મારે છે, જે આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય રોકાણકારોનો ભરોસો વધુ મજબૂત કરશે.

# અમેરિકન જાસુસોની Chief Tulsi Gabbardએ આપ્યું રાજીનામું

વોશિંગ્ટન,તા.૨૩

શુક્રવારે જી ગુપ્તચર વિભાગના નિર્દેશક તુલસી ગબાર્ડે તેમના પદ પરથી રાજીનામું આપી દીધુ છે. તેઓ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના મંત્રીમંડળનો ભાગ હતા અને રાષ્ટ્રીય ગુપ્તચર નિયામકના પદ પર નિયુક્ત થયા હતા. ગેબાર્ડે તેમના પતિના સ્વાસ્થ્યને કારણે આ નિર્ણય લીધો હતો. ગેબાર્ડેતેમના રાજીનામા પત્રમાં લખ્યું છે કે તેઓ તેમના પતિને હાડકાના કેન્સરના દુર્લભ સ્વરૂપ સામેની લડાઈમાં ટેકો આપવા માટે રાજીનામું આપી રહી છે. પત્રમાં, તુલસી ગબાર્ડે ટ્રમ્પ વિશે કહ્યું, “તમે મારા પર મૂકેલા વિશ્વાસ અને છેલ્લા દોઢ વર્ષથી રાષ્ટ્રીય ગુપ્તચર નિયામકના કાર્યાલયનું નેતૃત્વ કરવાની તક આપવા બદલ હું ખૂબ આભારી છું.”ગત વર્ષે ફેબ્રુઆરીમાં તુલસી ગબાર્ડે નેશનલ ઈન્ટેલિજન્સના ડિરેક્ટર તરીકે શપથ લીધા હતા. તેમણે જણાવ્યું હતું કે, “દુર્ભાગ્યવશ, મારે ૩૦ જૂન, ૨૦૨૬ થી રાજીનામું આપવું પડશે. મારા પતિ, અબ્રાહમ, તાજેતરમાં જ હાડકાના કેન્સરના ખૂબ જ દુર્લભ સ્વરૂપનું નિદાન થયું છે.”

તુલસી ગબાર્ડે જણાવ્યું હતું કે તેમના પતિને આગામી અઠવાડિયામાં નોંધપાત્ર પડકારોનો સામનો કરવો પડશે. જાહેર સેવાથી દૂર રહેવું અને આ સમય દરમિયાન તેમની સાથે રહેવું, કેન્સર સામેની તેમની લડાઈમાં તેમને ટેકો આપવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. ગબાર્ડે જણાવ્યું હતું કે તેમના લગ્નને ૧૧ વર્ષ થયા છે. તેમણે ઉમેર્યું હતું કે અબ્રાહમ તેમના માટે શક્તિનો આધારસ્તંભ રહ્યા છે.

પૂર્વ આફ્રિકામાં સંયુક્ત વિશેષ કામગીરી મિશનમાં મારી નિમણૂક દરમિયાન અને અસંખ્ય રાજકીય ઝુંબેશમાં મારી ભૂમિકા દરમિયાન તેઓ મારી સાથે ઉભા રહ્યા. તેમની શક્તિ અને પ્રેમે દરેક પડકારમાં મને ટેકો આપ્યો છે.

# એચ-૧બી વિઝા માટેના રજિસ્ટ્રેશનમાં ૩૮.૫ ટકાનો જંગી ઘટાડો નોંધાયો

વોશિંગ્ટન, તા.૨૩

વધુ ઉચ્ચ શૈક્ષણિક યોગ્યતા ધરાવતાં તથા ઊંચુ વેતન ધરાવતાં લોકોને અગ્રતા આપવાની તથા એચ-૧બી વિઝાનો દુરૂપયોગ અટકાવવાની અમેરિકાની નીતિને પગલે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન એચ-૧બી વિઝાના રજિસ્ટ્રેશનમાં ૩૮.૫ ટકાનો જંગી ઘટાડો નોંધાયો છે. ભારતીય પ્રોફેશ્નલ્સમાં સૌથી લોકપ્રિય એવી વિઝાની આ કેટેગરી પર અમેરિકાએ વિવિધ નિયંત્રણો લાદ્યાં છે.યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (યુએસસીઆઈએસ)ના જણાવ્યાં અનુસાર, અમેરિકાના અર્થતંત્રમાં અસરકારક યોગદાન આપી શકે તેવા લોકોને આ વર્ષે વિઝા ફાળવણીમાં પ્રાથમિકતા અપાઈ છે. તાજેતરના વર્ષોમાં જારી કરાયેલાં કુલ એચ-૧બી વિઝામાં ભારતીયોનો હિસ્સો અંદાજે ૭૧ ટકા જેટલો રહેવા પામ્યો છે. યુએસસીઆઈએસે જણાવ્યું છે કે, એચ-૧બી માટે પસંદ કરાયેલાં રજિસ્ટ્રેશનમાંથી માત્ર ૧૭.૭ ટકા જ નીચા વેતનની કેટેગરીમાંથી સિલેક્ટ કરાયાં છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં એચ-૧બી માટે કુલ ૩,૪૩,૯૮૧ રજિસ્ટ્રેશન સબમિટ કરાયાં હતાં, જે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં ૩૮.૫ ટકા ઘટીને ૨,૧૧,૬૦૦ નોંધાયાં હતાં. મંજૂર કરાયેલી અરજીઓ પૈકીની ૭૫ ટકા અરજીઓ અનુસ્નાતક કે તેથી વધુ ડિગ્રી ધરાવતાં ઉમેદવારોની હતી. યુએસ સેક્રેટરી ઓફસ્ટેટ માર્કો રુબિયો શનિવારથી ચાર દિવસ ભારતના પ્રવાસે આવી રહ્યા છે. તાજેતરમાં મોટું રાજકીય પરિવર્તન લાવનારા કોલકાતામાં તેઓ પ્રથમ તબક્કામાં જશે. છેલ્લા ૧૪ વર્ષમાં પ્રથમ વખત યુએસના સેક્રેટરી ઓફ સ્ટેટ પશ્ચિમ બંગાળની મુલાકાત લેવાના છે. રુબિયો પહેલા વર્ષ ૨૦૧૨માં હિલેરી ક્લિન્ટન કોલકાતા ગયા હતા અને તત્કાલીન મુખ્યમંત્રી મમતા બેનરજી સાથે મુલાકાત કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, રુબિયો સવારે ૭ કલાકે કોલકાતા પહોંચીને મધર ટેરેસા સ્થાપિત મિશનરીના વડામથકમાં જશે. ત્યારબાદ તેઓ આગ્રા, જયપુર અને દિલ્હીની મુલાકાતે જવાના છે. કોલકાતામાં અમેરિકાએ ભારત ખાતેની પ્રથમ કોન્સ્યુલેટની સ્થાપના કરી હતી.

# અમદાવાદમાં આયોજિત રોજગાર મેળામાં ૧૧૫ નવી નિમણૂંક મેળવનારા ઉમેદવારોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી એ ૨૩ મે, ૨૦૨૬ના રોજ વીડિયો કોન્ફરન્સિંગના મારફતે ૧૯મા રોજગાર મેળા હેઠળ દેશભરમાં ૫૧,૦૦૦થી વધુ નવી નિમણૂંક મેળવનારા યુવાનોને નિમણૂક પત્રો વિતરણ કર્યા. વડાપ્રધાને નવી નિમણૂંક મેળવનારા કર્મચારીઓને સંબોધિત કરતા તેમને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય યોગદાન આપવાની હાકલ કરી. તેમણે કહ્યું કે ભરતી પ્રક્રિયામાં હવે પારદર્શિતા આવી છે તથા તમામ પસંદગી મેરિટના આધારે કરવામાં આવી રહી છે. સાથે જ નિમણૂક પ્રક્રિયા પહેલાની સરખામણીમાં વધુ ઝડપી અને સરળ બની છે. ૧૯મો રોજગાર મેળો દેશભરના ૪૭ સ્થળો પર આયોજિત કરવામાં આવ્યો, જેમાં વિવિધ ૧૯ વિભાગોમાંથી પસંદ થયેલા ઉમેદવારોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા. રેલવે મંત્રાલય, ગૃહ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ઉચ્ચ શિક્ષણ વિભાગ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં પસંદ થયેલા ઉમેદવારોને નિમણૂકો આપવામાં આવી. રોજગાર મેળો અભિયાન શરૂ થયા પછીથી અત્યાર સુધીમાં દેશભરમાં આયોજિત વિવિધ રોજગાર મેળાઓના મારફતે આશરે ૧૨.૫૦ લાખ નિમણૂક પત્રો વિતરિત કરી દેવામાં આવ્યા છે. અમદાવાદમાં આયોજિત રોજગાર મેળામાં મુખ્ય અતિથિ, માનનીય યુવા બાબતો અને રમતગમત રાજયમંત્રી, ભારત સરકાર, શ્રીમતી રક્ષા નિખિલ ખડસેએ પોતાના સંબોધનમાં કહ્યું કે આજે ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી જીના નેતૃત્વમાં રોજગાર મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# આઈઆઈએમ સંબલપુર અને આઈઆઈએમ અમદાવાદ દ્વારા એમએસએમઈ માટે એઆઈ૪ ઓડિશા પહેલ શરૂ

ભારતની અગ્રણી મેનેજમેન્ટ સંસ્થાઓમાંની એક, આઈઆઈએમ સંબલપુર, આઈઆઈએમ અમદાવાદના સહયોગથી, નવી શરૂ કરાયેલ એઆઈ૪ ઓડિશા પહેલ હેઠળ એઆઈ વર્કશોપનું આયોજન કર્યું. આ વર્કશોપનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન માનનીય કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા કરવામાં આવ્યું હતું. "વ્યાપાર વૃદ્ધિ માટે એઆઈ: સ્થાનિક બજારોથી રાષ્ટ્રીય પહોંચ સુધી" શીર્ષક ધરાવતી આ વર્કશોપ સ્થાનિક ઉદ્યોગસાહસિકો અને નાના ઉદ્યોગોને કૃત્રિમ બુદ્ધિમત્તા સાથે વિકાસ કરવા માટે સશક્ત બનાવવા પર કેન્દ્રિત હતી. આ વર્કશોપનો હેતુ વેપારીઓ, એમએસએમઈ અને ઉદ્યોગસાહસિકો માટે ટકાઉ વિકાસ, કાર્યકારી શ્રેષ્ઠતા અને રાષ્ટ્રીય સ્પર્ધાત્મકતા માટે એઆઈ નો ઉપયોગ કરવા માટે વ્યવહારુ એઆઈ અપનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. પશ્ચિમ ઓડિશાના ૩૫૦ થી વધુ સ્થાનિક ઉદ્યોગ પ્રતિનિધિઓએ આ વર્કશોપમાં હાજરી આપી હતી.

આ વર્કશોપમાં ભારત સરકારના માનનીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે આઈઆઈએમ સંબલપુરના ડિરેક્ટર પ્રો. મહાદેવ જયસ્વાલ, આઈઆઈએમ અમદાવાદના ડિરેક્ટર પ્રો. ભરત ભાસ્કર, સંબલપુરના ઉત્તર વિભાગના ઈન્સ્પેક્ટર જનરલ શ્રી હિમાંશુ લાલ, આઈઆઈએમએ વેન્ચર્સના સ્થાપક લર્નિંગ શ્રીમતી અંકુર સોહનપાલ અને એઆઈ૪ ઓડિશા ઈકોસિસ્ટમ પાર્ટનરના આઈડિયાટર શ્રી ગોપાલ શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઝોહો ના શંકર આરએનએસ, ક્લાઉડ, જેમિની, માઈક્રોસોફ્ટના બિઝનેસ યુનિટ હેડ શ્રીમતી શ્રુતિ બિજાવત, બેરીવાઈઝના સહ-સ્થાપક અને સીઈઓ શ્રી હર્ષિત ઠાકર અને વિઝિટીના સ્થાપક અને સીઈઓ શ્રી અમીષ ઠાકર વર્કશોપનું ઉદ્ઘાટન કરતા, ભારત સરકારના માનનીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને મુખ્ય મહેમાન તરીકે જણાવ્યું હતું કે, "હું આઈઆઈએમસંબલપુરને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ભારતના એમએસએમઈ ને મજબૂત બનાવવામાં તેની ભૂમિકા પર આ મહત્વપૂર્ણ વર્કશોપનું આયોજન કરવા બદલ અભિનંદન આપું છું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, એઆઈ ઉત્પાદકતામાં સુધારો કરીને, ગ્રાહકોની પહોંચ વધારીને અને ટકાઉ વિકાસને સક્ષમ બનાવીને શહેરી અને ગ્રામીણ ભારતમાં ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવી રહ્યું છે. આ પ્રકારની પહેલ સમાવિષ્ટ અને ટેકનોલોજી-સંચાલિત વિકાસ ભારત તરફની આપણી સફરને વેગ આપશે."

સહભાગીઓને સંબોધતા, આઈઆઈએમ સંબલપુરના ડિરેક્ટર પ્રો. મહાદેવ જયસ્વાલે ટિપ્પણી કરી, “એમએસએમઈ ભારતના જીડીપી માં ૩૦% ફાળો આપે છે અને ભારતમાં ૬૭% રોજગાર ઉત્પન્ન કરે છે, જે તેમને ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ બનાવે છે. ભારત આગામી પાંચ વર્ષમાં તેના જીડીપી ને બમણું કરવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે કૃત્રિમ બુદ્ધિ નાના વ્યવસાયો માટે સ્માર્ટ ગ્રાહક મૂલ્યાંકન, ઊંડા ગ્રાહક જોડાણ અને વધુ કાર્યક્ષમ સપ્લાયર મેનેજમેન્ટને સક્ષમ કરીને એક પરિવર્તનશીલ સાધન બનશે. આઈઆઈએમ સંબલપુર અને આઈઆઈએમઅમદાવાદ ભારતના સમાવેશી આર્થિક વિકાસના આગામી તબક્કાનુ નેતૃત્વ કરવા માટે જરૂરી જ્ઞાન અને સાધનો સાથે ઉદ્યોગસાહસિકોને ઉછેરવા માટે પ્રતિબદ્ધ છે.”

આઈઆઈએમ અમદાવાદના ડિરેક્ટર પ્રો. ભરત ભાસ્કરે જણાવ્યું, “આ એઆઈ વર્કશોપ વ્યવહારુ રીતે ડિઝાઈન કરવામાં આવી છે જેથી એમએસએમઈ ને દૈનિક ધોરણે લાભ મળે. એઆઈ ટૂલ્સ ઉદ્યોગસાહસિકોને માત્ર નવા ગ્રાહકોને ઓળખવામાં અને ગ્રાહક વર્તણૂકનું વિશ્લેષણ કરવામાં જ નહીં, પરંતુ પુનરાવર્તિત ગ્રાહકોને ઓળખવામાં અને સપ્લાયર અને વ્યવસાયિક કામગીરીને સુવ્યવસ્થિત કરવામાં પણ મદદ કરી શકે છે.”

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર ડિવિઝન**

**PSI જાળવણી અને બ્રેકડાઉન પ્રવૃત્તિઓ અને નૉન પાવર બ્લૉક પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ**

**ટેન્ડર નં. ૦૫-ટીઆરડીબીવીપી-૨૦૨૬-૨૭**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **કામનું નામ:** ભાવનગર ટર્મિનસ-પાલીતાણા-ધોળા જં., રાજુલા-મહુવા અને ઢસા-જેતલસર સેક્શનની PSI જાળવણી અને બ્રેકડાઉન પ્રવૃત્તિઓ અને નૉન પાવર બ્લૉક પ્રવૃત્તિઓનું ૨ વર્ષ માટે આઉટસોર્સિંગ. **ટેન્ડર રકમ:** ₹ ૨,૧૮,૪૩,૧૭૪.૫૭/- **ટેન્ડર ફી:** શુન્ય, **ઈએમડી રકમ:** ₹ ૪,૩૬,૯૦૦/- **સરનામું:** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩. બીડર્સે માત્ર ઓનલાઈન લીંક એટલે કે www.ireps.gov.in મારફતે અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: **૧૫-૦૬-૨૦૨૬ ના ૧૫:૦૦** કલાક સુધી છે.

BVP-039

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર ડિવિઝન**

**PSI જાળવણી અને બ્રેકડાઉન પ્રવૃત્તિઓ અને નૉન પાવર બ્લૉક પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ**

**ટેન્ડર નં. ૦૬-ટીઆરડીબીવીપી-૨૦૨૬-૨૭**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **કામનું નામ:** રાજકોટ-સોમનાથ, જેતલસર-વાંસજાલીયા અને કાનાલુસ-પોરબંદર સેક્શનની PSI જાળવણી અને બ્રેકડાઉન પ્રવૃત્તિઓ અને નૉન પાવર બ્લૉક પ્રવૃત્તિઓનું ૨ વર્ષ માટે આઉટસોર્સિંગ. **ટેન્ડર રકમ:** ₹ ૩,૭૯,૧૯,૦૧૮.૪૪/- **ટેન્ડર ફી:** શુન્ય, **ઈએમડી રકમ:** ₹ ૭,૫૮,૪૦૦/- **સરનામું:** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩. બીડર્સે માત્ર ઓનલાઈન લીંક એટલે કે www.ireps.gov.in મારફતે અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: **૧૫-૦૬-૨૦૨૬ ના ૧૫:૦૦** કલાક સુધી છે.

BVP-040

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પ્રભાત

# ન્યાયાધીશોની ઓછી સંખ્યાથી ન્યાય મેળવવામાં મુશ્કેલી

લાંબા સમયથી દેશમાં વિવિધ કોર્ટમાં ન્યાયાધીશોની ઘટતી સંખ્યા અને પડતર કેસોની વધતી સંખ્યા સમાંતર ચાલી રહી છે. અલબત્ત સુપ્રિમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા હવે વધારવામાં આવી છે જે ૩૭ જેટલી થઇ છે. મુખ્ય ન્યાયાધીશની ગણતરી કરવામાં આવે તો આ સંખ્યા ૩૮ની થાય છે. આથી હવે માનવામાં આવી રહ્યું છે કે, ન્યાય પ્રણાલીમાં વેગ આવશે અને કેસોની સંખ્યામાં ઘટાડો થશે.

ન્યાયાધીશોની સંખ્યા વધારવાના દૃષ્ટિકોણથી કાયદામાં સંશોધન કરવામાં આવ્યું હતું અને સંસદમાં સત્રની રાહ જોયા વગર કેન્દ્ર સરકારે રાષ્ટ્રપતિ પાસેથી અધ્યાદેશ પસાર કરાવ્યો હતો જેને વિધિ આયોગે સંમતિ આપી હતી.

સુપ્રિમે એક સાથે ૬ ન્યાયાધીશોની નિયુક્તિની પ્રક્રિયા શરૂ કરી કોલેજીયમની બેઠક બોલાવી શકે છે આ અધ્યાદેશને ચોમાસુ સત્રમાં રજૂ કરવામાં આવશે પરંતુ કોર્ટમાં પડતર કેસોની સંખ્યા એટલી બધી છે કે, આ સમસ્યાનો ઉકેલ ઝડપથી આવી શકે તેમ નથી સુપ્રિમ કોર્ટમાં ૯૩ હજાર, હાઇકોર્ટમાં ૬૩ લાખ ૯૮ હજાર તથા દેશના વિવિધ જિલ્લાની અદાલતોમાં ચાર કરોડ ૮૮ લાખ કેસો પડતર છે ઉપરાંત જિલ્લાની અદાલતોમાં ૪૭૨૧ તથા હાઇકોર્ટમાં ૩૨૫ જજોની સંખ્યા ઓછી છે.

સુપ્રિમ કોર્ટે કલમ ૨૨૪નો અમલ કરીને ન્યાયાધીશોની સંખ્યા વધારી છે. પરંતુ દેશની નીચલી અદાલતોમાં ન્યાયાધીશોની ઉણપ દૂર કરવા નક્કર પ્રયાસો કરવા જોઇએ કહેવામાં આવે છે કે, કલમ ૨૨૪ એનો છેલ્લા ૬ દાયકામાં ઉપયોગ કરવામાં આવ્યો નથી.

આ અંતર્ગત હાઇકોર્ટમાં સેવાનિવૃત્ત ન્યાયધીશોને બીજા પાંચ વર્ષ માટે નિયુક્તિ કરવામાં આવે છે આથી કોર્ટમાં જે પડતર કેસો છે તેનો ઝડપથી નિકાલ થઇ શકે છે.

જો સુપ્રિમ કોર્ટની કાર્ય સંસ્કૃતિમાં ફેરફાર માટે પગલાં લેવામાં આવે તો પડતર કેસોની સંખ્યા ઉકેલવામાં મદદ થઇ શકે છે કોર્ટમાં જજોની ઓછી સંખ્યા કોઇ નવાઇની બાબત નથી.

વર્ષ ૧૯૮૭માં વિધિ આયોગે દર દશ લાખની વસ્તીમાં ન્યાયાધીશોની સંખ્યા ૧૦ વધારીને ૫૦ કરવાની ભલામણ કરી છે અત્યારે આ સંખ્યા માત્ર ૨૨ની છે દેશની ૧૪ હજાર કોર્ટોમાં આશરે ૧૮ હજાર ન્યાયાધીશો કાર્ય કરી રહ્યા છે. વપરાશકર્તા, પરિવાર તથા કિશોર ન્યાયાલયનું અલગ અસ્તિત્વ થયું છે છતાં કામકાજ સંતોષજનક નથી.

દેશની ઘણી અદાલતોમાં ઉનાળાની ઋતુમાં ન્યાયાધીશો લાંબી રજા પર ઉતરી જતા હોય છે. જાહેર ફરિયાદોની વધતી સંખ્યા કોર્ટના મુખ્ય કામોને પ્રભાવિત કરે છે. અદાલતોના ચૂકાદામાં જે વિરોધાભાસ થાય છે આથી નવા કેસો ઉદ્‌ભવી રહ્યા છે.

ન્યાયનો સિધ્ધાંત કહે છે કે, સજા આપતા અગાઉ કોઇપણ વ્યક્તિને ગુનેગાર માનવો જોઇએ નહીં આથી દરેક કેસમાં ચૂકાદો સમય મર્યાદામાં પૂર્ણ થવો જોઇએ પરંતુ કોર્ટની કાર્ય સંસ્કૃતિ એવી છે કે, કેસોની સંખ્યા વધે અને ચૂકાદો લાંબા સમયના સંઘર્ષ પછી કોર્ટ દ્વારા આપવામાં આવે.

સુપ્રિમ કોર્ટના સેવા નિવૃત્ત ન્યાયમૂર્તિ રાજેન્દરમલ લોઢાના જણાવ્યા મુજબ જો ન્યાયાધીશ રજા પર જાય છે તો અગાઉથી સૂચના આપતા હોય છે આથી જરૂરી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવતી હોય છે.

તેમણે આ વાતનું પણ ઉચ્ચારણ કર્યુ છે કે, જ્યારે હોસ્પિટલો ૩૬૫ દિવસ સુધી ચાલી શકે છે તો કોર્ટ કેમ ચાલતી નથી? ઘણી વાર વકીલો પણ કોર્ટ પાસે કેસ લડવા આગળની તારીખ માગતા હોય છે.

કોર્ટમાં કોઇપણ કેસમાં તારીખોની વચ્ચે ૧૫ દિવસથી વધુનું અંતર હોવું જોઇએ નહી અને પડતર મામલાઓની સુનાવણી સતત ચાલવી જોઇએ આ વિચારધારા સાથે તત્કાલીન ન્યાયાધીશ એચએલ દતૂના જણાવ્યા મુજબ અદાલતમાં કોઇપણ કેસ પાંચ વર્ષથી વધુ સમય સુધી ચાલવો જોઇએ નહીં.

મતલબ કે કોઇપણ જટિલ અથવા સામાન્ય કેસનો નિકાલ પાંચ વર્ષની અંદર પૂર્ણ કરવો જોઇએ ઘણા કેસમાં સાક્ષીઓની સંખ્યા વધુ હોવાથી કોર્ટમાં કેસ લંબાઇ જતો હોય છે ઘણા રાજ્યોમાં અમુક કાયદાઓમાં સામાન્ય ફેરફાર પણ હોય છે.

તેમૌં ગેરકાયદેસર રીતે જો કોઇ મિલકત પચાવી પાડી હોય તો તે મામલે કોર્ટમાં ઘણા પૂરાવા આપવા પડતા હોય છે આથી મિલકતનો જે ખરેખર માલિક હોય છે તે વધુ મુશ્કેલીમાં મૂકાય છે કારણ કે, સમય પસાર થઇ જવાના અથવા અન્ય કારણોથી તે કોર્ટે માંગેલા જરૂરી પૂરાવા રજૂ કરી શકતો નથી આથી મિલકત ખરેખર પોતાની હોવા છતાં જો તેની મિલકત કોઇએ બળજબરી પૂર્વક પચાવી પાડી હોય તો તે પરત મેળવવા વર્ષોના વર્ષો નિકળી જાય છે.

આથી જો કોઇ આવા વિપરીત કેસો સમય મર્યાદામાં પૂર્ણ ન થાય તો તેને વિશેષ શ્રેણીમાં લાવીને કોર્ટે ખરેખર જે વ્યક્તિ સાચી હોય તેને સમયસર ન્યાય આપવો જોઇએ.

દેશની કોર્ટમાં લાંબી અને જટિલ કાનૂની પ્રક્રિયા છે જેમાં પુરાવા, સાક્ષી, દસ્તાવેજ અને કાર્યવાહી લાંબી હોવાથી વધારે સમય લાગે છે ઘણી વખત કોર્ટમાં કેસ લડનાર વ્યક્તિ આર્થિક રીતે પણ સક્ષમ ન હોવાથી કોર્ટમાં જવાનું ટાળે છે ઉપરાંત જો કોઇ વ્યક્તિ કોર્ટમાં કેસ દાખલ કરે છે ત્યારે તેને અમુક સમયે કોર્ટમાં હાજરી આપવી પડે છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં કપાસની પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે વડોદ ખાતે વિશેષ "પ્રિસિઝનલ કેમ્પ" યોજાયો



વઢવાણ,તા.૨૩

વઢવાણ તાલુકાના વડોદ ખાતે આત્મા વિભાગ દ્વારા "પ્રિસિઝનલ કેમ્પ"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો હેતુ આગામી ચોમાસુ પાકની વાવણી પૂર્વે ખેડૂતોમાં કપાસની પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અંગે વ્યાપક જાગૃતિ લાવવાનો હતો. કેમ્પ દરમિયાન ખેડૂતોને કપાસના પાકમાં મોંઘા રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોનો ત્યાગ કરી, તેના સ્થાને સંપૂર્ણપણે ગૌ-આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઓ અપનાવવા માટેનું જરૂરી વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટર શ્રી ભરત પટેલે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા અને માનવ સ્વાસ્થ્યના રક્ષણ માટે પ્રાકૃતિક ખેતી તરફ વળવું એ ખૂબ જ અનિવાર્ય બન્યું છે. તેમણે કપાસના પાકમાં જીવામૃત, ઘનજીવામૃત, અગ્નિઅસ્ત્ર અને દશપર્ણી અર્ક જેવા પ્રાકૃતિક ઘટકોના યોગ્ય ઉપયોગ અંગે ખેડૂતોને વિસ્તૃત માહિતી આપી હતી. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આ પ્રિસિઝનલ કેમ્પના માધ્યમથી ખેડૂતોને વાવણીથી લઈને લણણી સુધીની તમામ પ્રક્રિયાઓનું સચોટ આયોજન કરતા શીખવવામાં આવે છે, જેથી ખેતી ખર્ચમાં મોટો ઘટાડો થાય અને ગુણવત્તાસભર મબલખ ઉત્પાદન મેળવી શકાય.આ તાલીમ શિબિરમાં પ્રગતિશીલ અને અનુભવી ખેડૂત શ્રી કાળુભાઈ પટેલે ઉપસ્થિત અન્ય ખેડૂત ભાઈઓ સમક્ષ પોતાના પ્રત્યક્ષ અનુભવો રજૂ કર્યા હતા.તેમણે જણાવ્યું હતું કે, ગૌ-આધારિત ખેતી અપનાવવાથી કપાસના પાકમાં ગુલાબી ઈયળ અને ચૂસિયા પ્રકારની જીવાતોનો ઉપદ્રવ ખૂબ જ ઘટી જાય છે. આ ઉપરાંત જમીનમાં અળસિયાની સંખ્યા વધતા ભેજસંગ્રહ શક્તિમાં પણ નોંધપાત્ર વધારો થાય છે, જેને કારણે ઓછા પાણીએ પણ પાક લાંબો સમય સુધી ટકી રહે છે. શ્રી કાળુભાઈએ અન્ય ખેડૂતોને ભાવુક અપીલ કરતા કહ્યું હતું કે, જો આપણે આપણો ખેતી ખર્ચ શૂન્ય કરવો હોય અને આપણી ભવિષ્યની પેઢીને સુરક્ષિત રાખવી હોય તો રાસાયણિક દવાઓનો મોહ છોડીને તાત્કાલિક ધોરણે પ્રાકૃતિક કપાસનું વાવેતર કરવું જ પડશે.

# રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદ દ્વારા મોબિલિટી અને ઓરિએન્ટેશન તાલીમ કોર્સનો પ્રારંભ કરાયો




આણંદ,તા.૨૩

રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદ દ્વારા મોબિલિટી અને ઓરિએન્ટેશન તાલીમ કોર્સનો પ્રારંભ કરાયો. આ તાલીમનો મુખ્ય હેતુ દ્રષ્ટિબાધિત મિત્રોનું આત્મવિશ્વાસ વધારવો તેમજ તેઓને દૈનિક જીવનમાં સ્વતંત્ર રીતે અવરજવર અને દિશા નિર્ધારણ માટે માર્ગદર્શન પૂરું પાડવાનો છે. મોબિલિટી તાલીમ આપવાની જવાબદારી અનુભવી ટ્રેનર ગણપતભાઈ પટેલ દ્વારા નિભાવવામાં આવી રહી છે.

કાર્યક્રમમાં હરેશભાઈ શાણી(જાણીતા સમાજસેવક, સૌરાષ્ટ્ર પટેલ સમાજ) કુણાલભાઈ શાહ(સેક્રેટરી ક્રિડા ભારતી ટ્રેઝરર પેરાસપોર્ટ એસોસિએશન આણંદ જિલ્લા) સુનિલભાઈ શાહ(ખજાનચી ભાજપ આણંદ જિલ્લા પ્રેસિડેન્ટ ક્રિડા ભારતી) નિમિષાબેન જાની, નમસ્કાર ગુજરાત બ્યુરો ચીફ, એન. એ.બી પરિવાર ના સભ્ય)સરોજબેન શાહ(ઉપપ્રમુખ જાગૃતિ મહિલા સમાજ )સોનલબેન પટેલ (ટ્રસ્ટી એન એ બી, આણંદ) સુમીબેન પટેલ(બીજલ ફાઉન્ડેશન તેમજ એન.એ.બી સભ્ય )તેમજ જાગૃતિ શાહ (ક્રીડા ભારતી અને જાગૃત મહિલા સંઘ)ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો.

કાર્યક્રમના અંતે સંસ્થાના પ્રમુખ મહેન્દ્ર પટેલે સૌ મહાનુભાવો, ઉપસ્થિત સભ્યો અને તાલીમાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ સંસ્થાના જનરલ સેક્રેટરી ચંદ્રકાંતભાઈ સોલંકીએ પણ સહયોગીઓ અને ઉપસ્થિત તમામ પ્રતિભાગીઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આ મોબિલિટી અને ઓરિએન્ટેશન તાલીમ કોર્સ દ્રષ્ટિબાધિત મિત્રો માટે આત્મનિર્ભરતા તરફનું મહત્વપૂર્ણ પગલું સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. આ તાલીમમાં સમગ્ર ગુજરાતમાંથી લાભાર્થીઓ આવેલ છે અને તાલીમનો સમય ગાળો ૪૫ દિવસનો રહેશે.તેઓને નિશુલ્ક રહેવા જમવાની સગવડ આપવામાં આવશે.

## ભાજપનાં દિવ્યાબા જાડેજા બન્યાં પ્રમુખ

# જામનગરની લાલપુર તાલુકા પંચાયતમાં બહુમતી છતાં AAP સત્તાથી દૂર

જામનગર,તા.૨૩

જામનગર જિલ્લાની લાલપુર તાલુકા પંચાયતની ચૂંટણીમાં મોટો રાજકીય ઉલટફેર જોવા મળ્યો છે. ૧૮ સભ્યોની પંચાયતમાં ૧૦ બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવનાર આમ આદમી પાર્ટી (AAP) સત્તાથી દૂર રહી ગઈ છે. 'આપ'ના બે સભ્યો અચાનક ભાજપમાં જોડાઈ જતા પ્રમુખ પદ માટે ૯-૯ મતોથી ટાઈ પડી હતી. ત્યારબાદ ચિઠ્ઠી ઉછાળીને પરિણામ નક્કી કરવામાં આવતા નસીબે ભાજપનો સાથ આપ્યો અને દિવ્યાબા જાડેજા પ્રમુખ બની ગયા. જોકે, ઉપપ્રમુખ પદ પર આપના ભાવનાબેન વસરા ચૂંટાઈ આવ્યા છે.

લાલપુર તાલુકા પંચાયતની ચૂંટણીના આંકડા પર નજર કરીએ તો, કુલ ૧૮ બેઠકોમાંથી આપે ૧૦, ભાજપે છ, કોંગ્રેસે એક અને અપક્ષે એક બેઠક પર જીત મેળવી હતી. આ મુજબ આપ પાસે સત્તા બનાવવા માટે પૂરતું સંખ્યાબળ હતું. પરંતુ, રાજકારણમાં ગમે ત્યારે પાસા પલટાઈ શકે છે! સત્તાની રચના વખતે જ આપના દિવ્યાબા અજયસિંહ જાડેજા સહિત બે સભ્યોએ ભાજપનો ખેસ પહેરી લીધો. આ સાથે જ ભાજપને અપક્ષ સહિત કુલ નવ સભ્યોનું સમર્થન મળી ગયું અને ચૂંટણીમાં નવો વળાંક આવ્યો.

આ પક્ષપલટાને કારણે પ્રમુખ પદની ચૂંટણી રોમાંચક બની ગઈ. ભાજપ તરફથી દિવ્યાબા જાડેજા અને આપ તરફથી દેવાભાઈ કરંગીયાએ પ્રમુખ પદ માટે ફોર્મ ભર્યું. જ્યારે મતદાન થયું ત્યારે બંને પક્ષે ૯-૯ મત મળ્યા અને ભારે રસાકસી વચ્ચે ટાઈ પડી. આખરે નિર્ણય લેવા માટે ચિઠ્ઠી ઉછાળવામાં આવી, જેમાં દિવ્યાબા જાડેજાનું નામ નીકળતા તેઓ ભાજપ તરફથી વિજેતા જાહેર થયા અને લાલપુર તાલુકા પંચાયતનું પ્રમુખ પદ ભાજપના ફાળે ગયું. બીજી તરફ, ઉપપ્રમુખ પદ માટેની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ભાવનાબેન વસરાએ બાજી મારી હતી.

ચૂંટણીના આ હાઈ-વોલ્ટેજ ડ્રામા અને પરિણામો બાદ તાલુકા પંચાયત કચેરી ખાતે બંને પક્ષના કાર્યકરો અને સમર્થકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

વિજેતા ઉમેદવારોનું સ્વાગત કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. પ્રમુખ બન્યા બાદ દિવ્યાબા જાડેજાએ તમામ સભ્યોનો આભાર માન્યો હતો અને સૌને સાથે રાખીને લાલપુર તાલુકાના વિકાસ માટે કામ કરવાની ખાતરી આપી હતી.

# પડધરીનાં ખાખાડાબેલા ગામમાં દુષ્કર્મ પિડીતાની પિતાનાં હત્યા કેસમાં ચાર પોલીસ અધિકારીઓ સસ્પેન્ડ

રાજકોટ,તા.૨૩

તાજેતરમાં પડધરીના ખાખડાબેલા ગામે ચકચારી દુષ્કર્મ પીડિતાના પિતાની હત્યાનો મામલે હાલ મોટા સમાચાર સામે આવી રહ્યા છે.

આ મામલે વિવિધ મીડિયામાં રિપોર્ટ્સ પ્રકાશિત થતા પોલીસ તંત્રની બેદરકારી સ્પષ્ટપણે ઉજાગર થઈ હતી. જેને ગંભીરતાથી લઈને રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયે હાલ કડક કાર્યવાહી હાથ ધરી છે અને દુષ્કર્મ અને પોક્સોના કેસમાં બેદરકારી દાખવનારા પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ મામલે કુલ ૪ પોલીસ કર્મીઓને ફરજમાંથી બરતરફ કરી પોલીસે પોતાના જ વિભાગના કર્મીઓ સામે એક દાખલો બેસાડ્યો છે.

વિગતે વાત કરીએ તો, રાજકોટ પડધરીના ખાખડાબેલા ગામે વાહન સીઝિંગના વ્યવસાય સાથે સંકળાયેલા ૪૦ વર્ષીય આધેડની બે શખ્સોએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી હતી.

આ કેસમાં હત્યારાઓ અન્ય કોઈ નહીં પણ મૃતકની દીકરી પર દુષ્કર્મ આચરનાર જ બે નરાધમો હતા. હાલમાં જેની હત્યા થઈ તે યુવકે બે વર્ષ અગાઉ વર્ષ ૨૦૨૪માં પડધરી પોલીસ સ્ટેશન ખાતે પોતાની સગીર દીકરી સાથે દુષ્કર્મ થયું હોવાથી ફરિયાદ નોંધાવી હતી. જેમાં મહેન્દ્રસિંહ જાડેજા, યશપાલસિંહ જાડેજા અને અજયસિંહ જાડેજા આરોપીઓ તરીકે દર્શાવાયા હતા. ફરિયાદ બાદ પોલીસે અજયસિંહની ધરપકડ કરી હતી. જ્યારે મહેન્દ્રસિંહ અને યશપાલસિંહ લાંબા સમયથી ફરાર હતા. તેમને જ આ હત્યાકાંડને અંજામ આપ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં આ હત્યાકાંડના આરોપીઓ બે વર્ષથી પોક્સો એક્ટના ગુનામાં વોન્ટેડ જાહેર હતા અને તેમને પીડિતાના પિતાને સમાધાન કરવા સતત દબાણ કર્યા બાદ તેમનું ધાર્યું ન થતા છરીથી રહેંસી નાખી મોતને ઘાટ ઉતારી દીધા હતા. ત્યારે સમગ્ર મામલે પોલીસ તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થયા હતા. જે મામલે રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયએ કડક વલણ અપનાવ્યું છે અને દુષ્કર્મ અને પોક્સોના કેસમાં બેદરકારી દાખવનારા પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરી બંધ બેસતો દાખલો આપ્યો છે.

મળતી માહિતી મુજબ, આ કેસમાં બેદરકારી બદલ પડધરીના તત્કાલીન પીઆઇ એચ.એન.રાઠોડ, પીઆઇ એસ.એન.પરમાર, પીએસઆઇ જે.જે.વાળા અને એએસઆઈ ભગીરથસિંહ જાડેજા સહિતના પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરાયા છે. જેમાંથી પીઆઇ એસ.એન.પરમાર ૧૫ દિવસમાં બીજી વખત સસ્પેન્ડ થયા હોવાની વિગતો મળી રહી છે. અગાઉ લોધિકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડો પાડવામાં આવતા એસ.એન.પરમારને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જે બાદ હાલ ફરી એકવાર એસ.એન.પરમાર વિરુદ્ધ સસ્પેન્શન લેટર નીકળ્યો છે.

નોંધનીય છે કે, આ મામલે વર્ષ ૨૦૨૪ના સગીરા સાથે દુષ્કર્મ કેસના બે વર્ષથી ફરાર આરોપીઓ મહેન્દ્રસિંહ અને યશપાલસિંહ હાલ અચાનક પ્રકટ થઈ હત્યાની ઘટનાને અંજામ આપી ફરી એકવાર ફરાર થઈ ગયા છે અને પોલીસને ખુલ્લો પડકાર ફેંકી રહ્યા છે. જોકે આ કેસમાં ફરાર આરોપીઓ હવે ક્યારે પકડાશે તથા સસ્પેન્ડેડ પોલીસ અધિકારીઓની આરોપીઓ સાથે મિલીભગત છે કે શું તે અંગે આગામી સમયમાં સત્ય બહાર આવવાની શક્યતાઓ દર્શાવાઈ રહી છે.

# ધાણધા ફાટક પર બનશે રેલ્વે ઓવરબ્રિજ, હિંમતનગરના વિકાસને મળશે નવી ગતિ

હિંમતનગર,તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરને વધુ સુવિધાસભર અને આધુનિક બનાવવા માટે રાજ્ય સરકાર, રેલ્વે તંત્ર અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા અનેક મહત્વપૂર્ણ વિકાસ કાર્યોનું આયોજન હાથ ધરાયું છે. શહેરના મહેતાપુરા નજીક આવેલ ધાણધા રેલ્વે ફાટક પર આગામી સમયમાં રેલ્વે ઓવરબ્રિજ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મોતીપુરા વિસ્તારમાં વધતી ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખી સર્કલ બનાવવાની કામગીરી પણ હાથ ધરાશે."હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલા, શુક્રવારે પત્રકાર પરિષદ યોજી ૨૦૨૩થી ૨૦૨૬ દરમિયાન હિંમતનગર વિધાનસભામાં થયેલા વિકાસ કામોની માહિતી આપી હતી." શામળાજી વિષ્ણુ મંદિરના ટ્રસ્ટી સિદ્ધાર્થભાઈ પટેલ,નગરપાલિકા પ્રમુખ અરૂણાબેન કડીયા, ઉપપ્રમુખ ગોપાલસિંહ રાઠોડ ઉપસ્થિતિમાં પત્રકારો સાથેની વાતચીતમાં ધારાસભ્ય વી.ડી. ઝાલાએ જણાવ્યું હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ અસારવાથી ખેડબ્રહ્મા સુધી ટ્રેન સેવા શરૂ થઈ છે અને ભવિષ્યમાં ખેડબ્રહ્માથી હડાદ સુધી બ્રોડગેજ લાઈન માટે સર્વે પૂર્ણ થઈ ચૂક્યો છે.આગામી સમયમાં આબુ રોડ સુધી વધુ ટ્રેનો દોડવાની શક્યતા વચ્ચે મહેતાપુરા વિસ્તારના ધાણધા ફાટક પર ટ્રાફિક સમસ્યા ગંભીર બનવાની સંભાવના હોવાથી ઓવરબ્રિજની માંગ રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવામાં આવી હતી.રાજ્ય સરકારે આ પ્રોજેક્ટ માટે જરૂરી નાણાંકીય ફાળવણી કરવાની ખાતરી આપી હોવાનું જણાવાયું હતું.ઓવરબ્રિજના નિર્માણમાં નગરપાલિકા અને રેલ્વે મંત્રાલય સંયુક્ત રીતે ખર્ચ કરશે."આ ઉપરાંત હિંમતનગરમાં કેનાલ ફ્રન્ટ રોડના વિસ્તરણનું પણ આયોજન કરવામાં આવ્યું છે.મોતીપુરા વિસ્તારમાં નેશનલ હાઈવે અને બાયપાસ માર્ગ પર સતત વધી રહેલા ટ્રાફિક દબાણને ઓછું કરવા આધુનિક સર્કલ બનાવવાની યોજના તૈયાર કરવામાં આવી છે.પ્રેસવાર્તામાં ધારાસભ્ય વી.ડી.ઝાલાએ શહેરના ઓવરબ્રિજોમાં ચોમાસા દરમિયાન ભરાતા પાણીના નિકાલ મુદ્દે પણ રેલ્વે અધિકારીઓને યોગ્ય આયોજન કરવા સૂચના આપવામાં આવી હોવાનું જણાવ્યું હતું. સાથે સાથે હિંમતનગર માટે ભાવિ જરૂરિયાતને ધ્યાનમાં રાખી રીંગ રોડ અંગે પણ નિષ્ણાંતો અને સ્થાનિક લોકો સાથે ચર્ચા કરી આયોજન કરવાની જરૂરિયાત વ્યકત કરી હતી.ધારાસભ્ય વી.ડી.ઝાલા એ વધુમાં જણાવ્યું કે દેરોલ ખાતે સાબરમતી નદી પર રૂ.૨.૨૫ કરોડના ખર્ચે ૬ માર્ગીય બ્રિજના કામને સૈદ્ધાંતિક મંજૂરી મળી કામ શરૂ થયું છે. ઉપરાંત કડોલી પાસે સાબરમતી નદી પર રૂ.૩૫ કરોડ તથા કટ્ટી-સપ્તેશ્વર વચ્ચે ડેભોલ નદી પર રૂ.૧૫ કરોડના ખર્ચે બ્રિજ બનાવવા માટે પણ રાજ્ય સરકાર દ્વારા નાણાંકીય મંજૂરી આપવામાં આવી છે."હિંમતનગર વિધાનસભા વિસ્તારમાં રોડ, પાણી, એપ્રોચ રોડ સહિતના અનેક વિકાસ કાર્યો માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ મંજૂર થઈ હોવાનું અને મોટાભાગના કામો પૂર્ણતાના આરે હોવાનું પણ ધારાસભ્યએ દાવો કર્યો હતો. પ્રેસ વાર્તામાં નગરપાલિકાના પૂર્વ પ્રમુખ વિમલ ઉપાધ્યાય, કોર્પોરેટર અને નાગરિક બેંકના ડિરેક્ટર અમૃત પુરોહિત, કલ્પિત દવે, પંકજ બલદાણીયા, રાહુલ પટેલ, સાબરકાંઠા જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ રાજુ પંચાલ,તાલુકા ભાજપ પ્રમુખ હિતેન્દ્ર પટેલ,મહામંત્રી ભવરસિંહ ચૌહાણ,ભગીરથસિંહ ઝાલા, બળવંતસિંહ દેવડા સહિત ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં રીના પટેલ પ્રમુખ અને દિવાન ઠાકોર ઉપ પ્રમુખ બન્યાં




હિંમતનગર,તા.૨૩

સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ,ઉપપ્રમુખ સહિત વિવિધ હોદ્દેદારોની વરણી શનિવારે જિલ્લા પંચાયતના સભાખંડમાં જિલ્લા ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. વરણી પૂર્વે ભાજપના નવનિયુક્ત સભ્યો અને આગેવાનો નવા સર્કિટ હાઉસથી ઢોલ-નગારા સાથે જિલ્લા પંચાયત કચેરીએ પહોંચ્યા હતા, જ્યાં કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો."જિલ્લા પંચાયતની કુલ ૩૪ બેઠકોમાં ભાજપે ૨૮ બેઠકો જીતી સ્પષ્ટ બહુમતી મેળવી હતી, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ત્રણ-ત્રણ બેઠકો મેળવી હતી.બહુમતીના આધારે ભાજપ દ્વારા વિવિધ હોદ્દેદારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા.જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે રીનાબેન પટેલની વરણી કરવામાં આવી હતી.ઉપપ્રમુખ તરીકે જાદરના દિવાન ઠાકોરની પસંદગી કરવામાં આવી હતી. ઉપરાંત કારોબારી અધ્યક્ષ તરીકે રાજેશભાઈ પટેલ,પક્ષના નેતા તરીકે હિમાંશુભાઈ નિનામા અને દંડક તરીકે મયુરભાઈ શાહની વરણી કરવામાં આવી હતી."વરણી પૂર્ણ થયા બાદ ભાજપના આગેવાનો,કાર્યકરો અને સમર્થકો દ્વારા નવનિયુક્ત હોદ્દેદારોને ફૂલહાર પહેરાવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ,જિલ્લા સંગઠન મહામંત્રી પ્રેમલ દેસાઈ, બિપિન ઓઝા,ગણપતસિંહ ઝાલા પૂર્વ ધારાસભ્ય અશ્વિન કોટવાલ સહિત જિલ્લાના અગ્રણીઓ અને જિલ્લા પંચાયતના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા."

# પ્રતીકે પત્ની સાથે છુટાછેડા લીધાં મારી અને પરિવાર સાથે વાતચીત બંધ કરી દીધી : આર્ય બબ્બર



પ્રતીક સ્મિતા પાટિલ ફરી એક વાર ચર્ચાના કેન્દ્રમાં આવી ગયો છે કારણ કે તેમના પિતા રાજ બબ્બર અને બબ્બર પરિવાર સાથેના તણાવપૂર્ણ સંબંધને લઈને. સ્થિતિ વધુ તંગ બની ગઈ હોવાનું કહેવાય છે કારણ કે પ્રતીકે પોતાના લગ્નમાં પ્રિયા બેનર્જી સાથે રાજ બબ્બર અને તેમના પ્રથમ પરિવારને આમંત્રણ આપ્યું ન હતું. તેમણે પોતાનું અટક બબ્બરથી બદલીને સ્મિતા પાટિલ કરવાનો નિર્ણય પણ જાહેર ધ્યાન ખેંચ્યું હતું.હવે, આર્ય બબ્બરે વિકી લાલવાની સાથેની તાજેતરની ઈન્ટરવ્યુમાં આ મુદ્દે ખુલ્લી વાત કરી છે. આર્યે કહ્યું કે તેમના પરિવારને ત્યારે મૂંઝવણ થઈ હતી જ્યારે પ્રતીકે તેમના પૂર્વ પત્ની સાથેના છૂટાછેડાના મુદ્દા હલ થયા બાદ ધીરે ધીરે તેમની સાથે વાતચીત બંધ કરી દીધી હતી.આ વિષય પર વાત કરતાં આર્યે કહ્યું, ''અમે કેટલાક સંબંધોને ઘણા પ્રેમથી જાળવીએ છીએ કારણ કે તેઓ ખૂબ જ નાજુક હોય છે, તેથી તમે તેમની ખૂબ કાળજી રાખો છોપ અમને સમજાયું નહીં કે તેમણે અચાનક તેમની પૂર્વ પત્ની સાથેના છૂટાછેડા હલ થતાંની સાથે જ અમારી સાથે સંપર્ક કરવાનું બંધ કરી દીધું. મેં તેમને મેસેજ કર્યા, અનેક વખત કોલ કર્યા, પરંતુ કોઈ જવાબ ન મળ્યો.''આર્યે એ પણ પ્રશ્ન કર્યો કે રાજ બબ્બરના પરિવારને વારંવાર નકારાત્મક રીતે કેમ દર્શાવવામાં આવે છે જ્યારે પ્રતીક હજુ પણ પિતાના સમર્થનથી લાભ લેતા રહે છે. તેમણે કહ્યું, ''જ્યારે તમારી કારકિર્દી સારી નથી ચાલતી અને તમારે ટકી રહેવા માટે પિતા પાસેથી પોકેટ મનીની જરૂર પડે છે, ત્યારે તે તમારા પિતા છે. જ્યારે તમે તે ઘરમાં રહેવા માંગો છો જે તમારા પિતાએ સ્મિતા મા માટે ખરીદ્યું હતું, ત્યારે તે તમારા પિતા છે.''તેમણે વધુમાં કહ્યું, ''જ્યારે તમે બધા લાભો મેળવવા માંગો છો ત્યારે તે તમારા પિતા છે. પરંતુ જ્યારે તમારે સમાજની સામે તેમને સ્વીકારવા અને આદર આપવો પડે છે ત્યારે તે તમારા પિતા નથી. આ શું છે? મોટા ભાઈ તરીકે હું તેને પ્રેમ કરું છું, પરંતુ જ્યારે તે ખોટો છે ત્યારે તે ખોટો છે, અને આ જ તેની ખોટી વાત છે.''આર્યે આ સ્થિતિને પરિવાર માટે ભાવનાત્મક રીતે ખૂબ જ પીડાદાયક ગણાવી. તેમણે કહ્યું, ''એ ખૂબ જ દુઃખદ છે કે જે સ્મિતા મા માટે મારા પિતાએ પોતાનો પરિવાર છોડ્યો હતો, આજે તે જ સ્મિતા માના પુત્ર તેમને પોતાના પિતા તરીકે સ્વીકારવા તૈયાર નથી. આનાથી મોટું દુઃખ કયું હોઈ શકે?''જેઓને ખબર નથી, તેમના માટેઃ રાજ બબ્બરે ૧૯૭૫માં નાદિરા બબ્બર સાથે લગ્ન કર્યા હતા અને તેમના બે સંતાનો છે – આર્ય બબ્બર અને જુહી બબ્બર. પછી રાજ બબ્બરે ૧૯૮૩માં સ્મિતા પાટિલ સાથે લગ્ન કર્યા. પ્રતીકનો જન્મ ૧૯૮૬માં થયો હતો, પરંતુ સ્મિતા પાટિલ જન્મ પછીની જટિલતાઓને કારણે નિર્દય થઈ ગયાં હતાં.



'પ્યાર કા પંચનામા'ની બોલિવૂડ અભિનેત્રી ઈશિતા રાજ શર્મા યાદ જ હશે. અભિનેત્રીએ તાજેતરમાં જ જબરદસ્ત પરિવર્તન કર્યું છે. જે ચાહકોના હોશ ઉડાવી રહ્યો છે. ફિલ્મ 'પ્યાર કા પંચનામા'માં ઈશિતાએ લિક્વિડની ગર્લફ્રેન્ડનું પાત્ર ભજવ્યું હતું. અભિનેત્રીને પહેલી જ ફિલ્મથી જ ઘણી ખ્યાતિ મળી હતી.આ ફિલ્મમાં ઈશિતાના કામની એટલી પ્રશંસા થઈ કે તેને એક-બે નહીં પરંતુ ઘણી ફિલ્મોની ઓફર મળી.તે જ સમયે, તેના ડેબ્યુના વર્ષો પછી, ઈશિતા રાજ પહેલા કરતા વધુ હોટ અને બોલ્ડ બની ગઈ છે. અભિનેત્રીએ પોતાના ટ્રાન્સફોર્મેશનથી ચાહકોની ઊંઘ હરામ કરી દીધી છે. ઈશિતા ઈન્સ્ટાગ્રામ પર ઘણી એક્ટિવ રહે છે. જ્યાં તે પોતાના ફોટા અને વીડિયો પણ શેર કરે છે.અભિનેત્રીની આ ગ્રીન સાડીવાળી તસવીરો એ વાતનો પુરાવો છે કે તે માત્ર પશ્ચિમી લુકમાં જ નહીં પરંતુ ભારતીય લુકમાં પણ કહેર વર્તાવે છે.

# આજની અભિનેત્રીઓ એકે બે ફિલ્મો કર્યા બાદ પોતાને સુપરસ્ટાર સમજે છે : અમિષા પટેલ




'ગદર ગર્લ' અમીષા પટેલ ફરી એકવાર કોઈ નવી ફિલ્મ માટે નહીં, પરંતુ તેના નિવેદન માટે સમાચારમાં છે. તાજેતરમાં, અમીષાએ ઈન્સ્ટાગ્રામ (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટ શેર કરી જેમાં તેણીએ નવી અભિનેત્રીઓ અને બોલિવૂડની "નકલી પીઆર ગેમ" ને નિશાન બનાવ્યું હતું. શનિવારે વહેલી સવારે, અમીષા પટેલે નવી અભિનેત્રીઓ પર નિશાન સાધ્યું જેઓ પોતાને "સુપરસ્ટાર" અને "નંબર ૧" કહેવાનું પસંદ કરે છે, ભલે તેઓ લાંબા સમયથી આ ઉદ્યોગમાં નથી. પોતાની પોસ્ટમાં, અમીષાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે મોટાભાગની અભિનેત્રીઓએ નકલી પીઆર દ્વારા આ ટેગ મેળવ્યા છે, ભલે તેમના નામે કોઈ મોટી બ્લોકબસ્ટર ફિલ્મો નથી.

"કહો ના પ્યાર હૈ" અને "ગદર" જેવી બ્લોકબસ્ટર ફિલ્મોનો ભાગ રહી ચૂકેલી અમીષા પટેલે ઈન્સ્ટાગ્રામ પર બોલિવૂડ વિશે સત્ય જાહેર કર્યું અને સમજાવ્યું કે કલાકારો પીઆર દ્વારા નંબર ૧ ટેગ કેવી રીતે પ્રાપ્ત કરી રહ્યા છે. પોતાની પોસ્ટમાં, અમીષાએ લખ્યું, "જ્યારે તમે ઈતિહાસ રચ્યો હોય અને બોક્સ ઓફિસ પર સનસનાટી મચાવી હોય ત્યારે જ પોતાને સુપરસ્ટાર કહો. ત્યાં સુધી, પોતાને સુપરસ્ટાર સાબિત કરવા માટે પીઆર ગેમ્સ રમવાનું બંધ કરો. માફ કરશો, પરંતુ આ કઠોર સત્ય છે."

બીજી પોસ્ટમાં, અમીષાએ લખ્યું, "આ ૨૦૦૦ નહીં, પણ ૨૦૨૬ છે. આજના સમયમાં, ૧૦૦ કરોડ રૂપિયા કમાતી ફિલ્મ કોઈ મોટી વાત નથી. ઈન્ડસ્ટ્રીમાં ઘણી એવી અભિનેત્રીઓ છે જેમની એક ફિલ્મ ૨૦૦ કરોડનો આંકડો પાર કરી શકી નથી, છતાં તેઓ નંબર ૧ કે નંબર ૨ નો ટેગ મેળવવા માટે તેમની પીઆર ટીમોને પૈસા આપી રહી છે. કહો ના પ્યાર હૈ, ગદર અને ગદર ૨... મેં એક નહીં, પરંતુ ત્રણ સૌથી મોટી સોલો બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે, જેમાં સૌથી વધુ ફૂટફોલ્સ છે. વધુમાં, આ મારા સહ-કલાકારો માટે પણ સૌથી મોટી હિટ રહી છે." પરંતુ મારી પીઆર મશીનરી આ બધા કરતા ઘણી નબળી છે.

અમિષાએ ગદર ૩ તરફ પણ ઈશારો કર્યો. તેણીએ આગળ લખ્યું, "જ્યારે ગદર ૩ થિયેટરોમાં રિલીઝ થશે, ત્યારે તે એક સનસનાટીભરી ઘટના બનશે. ભગવાનની ઈચ્છા હોય, આ ફ્રેન્ચાઈઝી માટે ૫૦૦ કરોડ રૂપિયા ઓછામાં ઓછા હશે. આ વખતે, સ્કેલ અને સ્ક્રિપ્ટ વધુ વિસ્ફોટક હશે." વર્ક ફ્રન્ટ પર, અમિષા છેલ્લે ૨૦૨૩ માં રિલીઝ થયેલી ગદર ૨ માં જોવા મળી હતી, જે બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર હતી.

એ નોંધનીય છે કે ૨૦૨૩ માં રિલીઝ થયેલી "ગદર ૨" વર્ષની સૌથી મોટી ફિલ્મોમાંની એક બની હતી, જેમાં અમિષા પટેલ સાથે સની દેઓલ, ઉત્કર્ષ શર્મા અને સિમરત કૌર રંધાવા હતા. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ૫૦૦ કરોડથી વધુની કમાણી કરી હતી. ૨૦૦૧ માં રિલીઝ થયેલી 'ગદરઃ એક પ્રેમ કથા' ની સિક્વલ, તે દિવસોમાં ૭૬ કરોડ રૂપિયાનું જંગી કલેક્શન કરી હતી. -

# યશે મુંબઈમાં 'રામાયણ' માટે સીતાનાં સ્વયંવરની સિક્વન્સનું શુટિંગ શરૂ કર્યું

નિતેશ તિવારીની રામાયણ લાંબા સમયથી ચર્ચામાં છે, બે ભાગમાં બની રહેલી આ ફિલ્મ હાલમાં ભારતીય સિનેમાના સૌથી વધુ ચર્ચિત પ્રોજેક્ટ્સમાંની એક બની ગઈ છે. આ ફિલ્મ માટે અંદાજે ૧૬૦૦ કરોડથી વધુનું ભવ્ય બજેટ ફાળવાયું છે, તેથી તેના વિશાળ પ્રોડક્શન ડિઝાઈન અને સ્ટારકાસ્ટને કારણે સતત ચર્ચામાં છે.ફિલ્મના હાલના શિડ્યુલ વિશે મળતી માહિતી મુજબ, યશ હાલમાં મુંબઈના ગોરેગાંવ સ્થિત ફિલ્મ સિટીમાં રાવણ તરીકેના મહત્વપૂર્ણ દ્રશ્યોનું શૂટિંગ કરી રહ્યો છે. તેના અહેવાલો અનુસાર, પ્રોડક્શન ટીમે મિથિલા રાજ્યનો ભવ્ય સેટ તૈયાર કર્યો છે, જેમાં રાજમહેલના આંગણાં, શાહી બાલ્કની, ફૂલોથી સજાવેલી રંગોળી અને પરંપરાગત શૈલીની વિશાળ સજાવટ સામેલ છે. સિક્વન્સને વધુ ભવ્ય બનાવવા માટે સૈંકડો જુનિયર આર્ટિસ્ટ્સને પણ સામેલ કરવામાં આવ્યા હોવાનું કહેવાય છે.હાલનું શિડ્યુલ 'રામાયણ'ના એક મહત્વપૂર્ણ પ્રસંગ પર આધારિત હોવાનું માનવામાં આવે છે, જેમાં રાવણ સીતાના સ્વયંવરમાં પહોંચે છે અને ભગવાન શિવના ધનુષ્યને ઉઠાવવાનો પ્રયાસ કરે છે. આ દ્રશ્ય દ્વારા કથાની શરૂઆતમાં જ રાવણની શક્તિ અને ભવ્ય વ્યક્તિત્વને સ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. એક સુત્રએ આ અંગે જણાવ્યું હતું, ''હાલનું શૂટિંગ એ દ્રશ્ય પર કેન્દ્રિત છે જ્યાં રાવણ સ્વયંવરમાં પ્રવેશ કરે છે અને ધનુષ્ય ઉઠાવવાની ઘટનાને લઈને તણાવ સર્જાય છે. યશની એન્ટ્રી ખૂબ જ પ્રભાવશાળી છે. જેવો રાવણ દરબારમાં પ્રવેશ કરે છે, તેમ આખા વાતાવરણની ઊર્જા બદલાઈ જાય છે. આ ભવ્યતા વિઝ્યુઅલી ઊભી કરવા માટે ઘણી મહેનત કરવામાં આવી છે.''અહેવાલોમાં આગળ કહેવામાં આવ્યું છે કે સાઈ પલ્લવી, જે ફિલ્મમાં સીતાની ભૂમિકા ભજવી રહી છે, તે પણ ટૂંક સમયમાં શૂટિંગમાં જોડાશે. મેકર્સે ફિલ્મ વિશે વધુ વિગતો જાહેર કરવાથી દૂર રહેવાનું પસંદ કર્યું છે, પરંતુ સેટ પરથી મળતી નાની અપડેટ્સ દર્શકોમાં ઉત્સુકતા વધારતી રહે છે.યશ અને સાઈ પલ્લવી ઉપરાંત ફિલ્મમાં વિવિધ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના અનેક મોટા કલાકારો પણ સામેલ છે, જેના કારણે 'રામાયણ' હાલ બનેલા પેન-ઈન્ડિયા પ્રોજેક્ટ્સમાંની માનવામાં આવે છે.

# ભારતનાં મંદિરોનાં ચોરાયેલા અને ખોવાયેલા ખજાના પર આશુતોષ ગોવારીકર સિરીઝ બનાવશે

એજન્સી દ્વારા

મુંબઈ, તા.૨૩

ટેમ્પલ રેઈડર્સ પર ફિલ્મમેકર આશુતોષ ગોવારીકર સિરીઝ ડિરેક્ટ કરવા જઈ રહ્યા છે. ભારતના મંદિરોમાંથી ચોરાયેલા પવિત્ર મૂર્તિઓ અને કલાત્મક અવશેષોની વૈશ્વિક તસ્કરીના નેટવર્કને કેન્દ્રમાં રાખતી આ પ્રીમિયમ ડ્રામા આધારિત ડોક્યુમેન્ટરી સિરીઝનું નિર્માણ ટુડિપ એન્ટરટેઈનમેન્ટ અને રિવરલેન્ડ એન્ટરટેઈનમેન્ટ દ્વારા, આશુતોષ ગોવારિકર પ્રોડક્શન્સ સાથે મળીને કરવામાં આવી રહ્યું છે.વિશાળ સ્તરના ડોક્યુ-ડ્રામા તરીકે તૈયાર થતી ટેમ્પલ રેઈડર્સ વાસ્તવિક ઘટનાઓને સિનેમેટિક અંદાજમાં રજૂ કરશે. સિરીઝમાં સાચી ઘટનાઓને આધાર બનાવીને એવી નેરેટિવ શૈલી અપનાવવામાં આવશે, જે વિશાળ દર્શકવર્ગને આકર્ષે. તેનું લેખન, સર્જન અને શોરનિંગ રાઘવ ખન્ના દ્વારા કરવામાં આવ્યું છે, જેઓ અગાઉ ધ એલિફન્ટ વિસ્પરર્સ, ધ મુંબઈ માફિયા અને ધ હન્ટ ફોર વીરપ્પન જેવા પ્રોજેક્ટ્સ સાથે જોડાયેલા રહ્યા છે.આશુતોષ ગોવારિકર માટે આ સિરીઝ ડોક્યુમેન્ટરી ફોર્મેટમાં તેમનો પહેલો પ્રયાસ છે. વર્ષો સુધી ભવ્ય ઐતિહાસિક ફિલ્મો બનાવ્યા પછી હવે તેઓ આ નવા માધ્યમમાં પ્રવેશી રહ્યા છે. પ્રોજેક્ટ વિશે વાત કરતાં તેમણે કહ્યું, ''હું ઘણા વર્ષોથી વિવિધ પ્રકારની ડોક્યુમેન્ટરીઝ જોઈ રહ્યો છું અને આ ફોર્મેટ મને હંમેશાં ખૂબ આકર્ષતું રહ્યું છે. ઘણી વાર વિચાર્યું હતું કે હું પણ એક ડોક્યુમેન્ટરી બનાવું, પરંતુ એવો કોઈ વિષય મળતો નહોતો જે મને ખરેખર જોડે. આ વર્ષોથી અંદર અંદર સળગતો રહેલો વિષય રહ્યો છે.'' તેમણે આગળ જણાવ્યું કે આ સિરીઝ ભારતમાં વર્ષોથી ચાલી રહેલી મૂર્તિચોરીની સમસ્યા અને તેની પાછળના આંતરરાષ્ટ્રીય નેટવર્કર્સને પણ ઉજાગર કરશે. ''હું તેને ૪ એપિસોડની ડોક્યુ-સિરીઝ તરીકે રજૂ કરવા માંગું છુંપ જેમાં તથ્યો, વ્યક્તિગત જોડાણ અને મજબૂત વાર્તાનું સંયોજન હશે.''પ્રોજેક્ટ સાથે જોડાયેલા નિર્માતાઓએ તેની સાંસ્કૃતિક પ્રાસંગિકતા પર ભાર મૂકતાં કહ્યું કે આ સિરીઝ દેશના સમૃદ્ધ વારસાની સુરક્ષા અને મંદિરોના કલાત્મક અવશેષોના ઐતિહાસિક મહત્વ વિશે વધુ વ્યાપક ચર્ચા શરૂ કરવાની કોશિશ કરશે. તપાસ આધારિત વાર્તા અને નાટકીય તત્વોના સંયોજન સાથે ટેમ્પલ રેઈડર્સને વૈશ્વિક દર્શકો માટે તૈયાર થતી હાઈ-કોન્સેપ્ટ ડોક્યુમેન્ટરી સિરીઝના વધતા ટ્રેન્ડનો એક મહત્વપૂર્ણ ભાગ માનવામાં આવી રહી છે.

# 'જુદાઈ'નાં રેકોર્ડિંગ વખતે મોના કપૂર સીડી પર રડતી હતી : જસપિન્દર નરુલા

મુંબઈ,તા.૨૩

ફિલ્મ જગત એવા સ્ટાર્સથી ભરેલું છે જેમણે પોતાના જીવનસાથીને બીજા કોઈ માટે છોડી દીધા છે. ઘણી સેલિબ્રિટીઓએ બે કે તેથી વધુ લગ્ન કર્યા છે. બોની કપૂર આ સેલિબ્રિટીઓમાંના એક છે. તેમના પહેલા લગ્ન મોના શૌરી સાથે થયા હતા, જેમની સાથે તેમને બે બાળકો હતા, અર્જુન કપૂર અને અંશુલા કપૂર. જોકે, શ્રીદેવી તેમના જીવનમાં આવી અને તેમણે તેમને તેના માટે છોડી દીધા. આની મોના પર ઉંડી અસર પડી. દરમિયાન, ગાયક જસ્પિન્દર નરુલાએ મોનાને શ્રીદેવી અને બોની કપૂરના સંબંધો વિશે પહેલી વાર ખબર પડી અને તે ખૂબ જ ભાંગી પડી તે દિવસનો એક કિસ્સો શેર કર્યો છે.

આ ઘટના શ્રીદેવી, અનિલ કપૂર અને ઉર્મિલા માતોંડકર અભિનીત ફિલ્મ "જુદાઈ" માંથી છે. જસ્પિન્દર નરુલાએ આ ફિલ્મનું "મુઝે એક પલ ચૈન ના આયે" ગીત ગાયું હતું. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન જ્યારે શ્રીદેવી અને બોની કપૂરનો અફેર ચાલી રહ્યો હતો, ત્યારે મોના કપૂરને પણ તેની જાણ હતી. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, જસ્પિન્દર નરુલાએ આખી ઘટના અને મોના શૌરીએ તેમને પોતાનું દુઃખ કેવી રીતે વ્યક્ત કર્યું તે યાદ કર્યું. જસ્પિન્દર નરુલાએ બોલિવૂડ ઠીકાના સાથેની એક મુલાકાતમાં આ વિશે વાત કરતા કહ્યું, "હું શ્રીદેવીને ફક્ત બે વાર જ મળ્યો હતો. પરંતુ હવે, ઘણા વર્ષો પછી, મોના કપૂરની નજીકની મિત્ર તરીકે, હું તે સમયે તેણી જે પીડામાંથી પસાર થઈ રહી હતી તે સમજી શકું છું. આ ગીતનો એક અલગ ભાવનાત્મક અર્થ છે. જ્યારે આ ગીત રેકોર્ડ થઈ રહ્યું હતું ત્યારે તેણીને ખૂબ જ પીડા થઈ રહી હતી. હું મોના કપૂરની ખૂબ નજીક હતો. પાછળથી, તેણીએ મને કહ્યું કે જ્યારે હું 'મુઝે એક પલ ચૈન ના આવે' રેકોર્ડ કરી રહી હતી, ત્યારે તે રડી રહી હતી. તે દરમિયાન, એક વ્યક્તિનું ઘર બની રહ્યું હતું જ્યારે બીજાનું ઘર તોડી પાડવામાં આવી રહ્યું હતું."



જસ્પિન્દર નરુલા કહે છે, "તેણે મને કહ્યું, 'તું તે ગીત અંદર ગાતો હતો,' અને હું સુપર સાઉન્ડ સ્ટુડિયોની બહાર સીડી પર રડી રહ્યો હતો. ત્યારે મને ખબર પડી. તેણે મને એ જ કહ્યું." જસ્પિન્દરએ એ પણ જણાવ્યું કે આ ગીતના રેકોર્ડિંગ દરમિયાન તે પોતે કેવી રીતે ગંભીર સમસ્યાથી પીડાઈ રહી હતી. તેના કાનમાં પરુ જમા થઈ ગયું હતું, જેના કારણે તે સંપૂર્ણપણે બંધ થઈ ગયું હતું. ખૂબ જ મુશ્કેલીથી, તેણીએ સાથી ગાયક હરિહરન સાથે આ ગીત રેકોર્ડ કર્યું.

અગાઉ, બોની કપૂરે પણ ખુલાસો કર્યો હતો કે તેણે મોનાને શ્રીદેવી સાથેના તેના સંબંધો વિશે કેવી રીતે કહ્યું. ચંદા કોચરની યુટ્યુબ ચેનલ પર બોલતા, તેણે કહ્યું, "મેં મારી પહેલી પત્નીને બધું કહ્યું, મેં તેને મારું હૃદય કબૂલ કર્યું." પોતાની વીંટી તરફ ઈશારો કરતા બોનીએ કહ્યું, "આ વીંટી અને શ્રીદેવીએ પહેરેલી વીંટી જુઓ. મોનાએ તે બંને ખરીદી હતી. મેં તેણીને ખુલ્લેઆમ બધું કહ્યું, તેથી તેણીએ અમારા બંને બાળકોને તેમના હૃદયમાં કોઈ નફરત પેદા કર્યા વિના ઉછેર્યા."

# ફિલ્મ સ્ટાર અરબાઝ ખાને પોતાનું એપાર્ટમેન્ટ વેચવા કાઢ્યું

મુંબઈ,તા.૨૩

સુપરસ્ટાર સલમાન ખાનના ભાઈ અને અભિનેતા અરબાઝ ખાન આ દિવસોમાં સમાચારમાં છે. આ વખતે, તે તેના કોઈપણ પ્રોજેક્ટ અથવા ફિલ્મો માટે સમાચારમાં નથી, પરંતુ પ્રોપર્ટી ડીલ માટે સમાચારમાં છે. અરબાઝે મુંબઈના અંધેરી વેસ્ટમાં પોતાનો એક એપાર્ટમેન્ટ વેચી દીધો હોવાના અહેવાલ છે. આ સોદો કરોડો રૂપિયાનો હતો.

મેટ્રિક્સ દ્વારા મેળવેલા મિલકત નોંધણી દસ્તાવેજો અનુસાર, વ્યવહાર સત્તાવાર રીતે ૫ મે, ૨૦૨૬ ના રોજ નોંધાયેલ હતો. માહિતી અનુસાર, અરબાઝ ખાને આ એપાર્ટમેન્ટ રૂ. ૬.૫ કરોડમાં વેચી દીધું. આ એપાર્ટમેન્ટ ઈન્ફિનિટી મોલ નજીક લોખંડવાલા કોમ્પ્લેક્સમાં સ્થિત એક વૈભવી રહેણાંક પ્રોજેક્ટ, રુનવાલ એલિગન્ટના ટાવર બીમાં સ્થિત છે.


દસ્તાવેજો અનુસાર, એપાર્ટમેન્ટનો કાર્પેટ એરિયા ૧,૩૬૯ ચોરસ ફૂટ છે અને તેમાં બે નિયુક્ત પાર્કિંગ જગ્યાઓ શામેલ છે. ખરીદદારોએ ૩.૯ મિલિયનની સ્ટેમ્પ ડ્યુટી પણ ચૂકવી હતી. છેલ્લા કેટલાક વર્ષોમાં, અંધેરી વેસ્ટ મુંબઈના સૌથી વધુ માંગવાળા રહેણાંક વિસ્તારોમાંનો એક રહ્યો છે.

# મેચ બાદ કોહલીના વર્તનથી ફેન્સ નારાજ, ટ્રેવિસ હેડને કર્યો ઈગ્નોર

## IPL 2026ની 51મી મેચમાં દિલ્હી કેપિટલ્સને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સામે 8 વિકેટથી હારનો સામનો કરવો પડ્યો

IPL 2026ની 67મી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને હરાવીને સિઝનની પહેલી મેચમાં મળેલી હારનો બદલો લઈ લીધો. આ મેચ ખૂબ જ રોમાંચક રહેશે એવી અપેક્ષા હતી પરંતુ મેચમાં એવો જબરદસ્ત થ્રિલ જોવા મળ્યો નહોતો. તેમ છતાં મેચ દરમિયાન એક એવો વિવાદ સામે આવ્યો જે પ્લેઓફમાં ફરી જોવા મળી શકે છે. RCBના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અને હૈદરાબાદના આક્રમક ઓપનર ટ્રેવિસ હેડ વચ્ચે મેદાન પર થોડી ગરમાગરમી જોવા મળી હતી જેને લઈને સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચા થઈ. મેચ પૂર્ણ થયા બાદ પણ ચર્ચા અટકી નહીં. કહેવાઈ રહ્યું છે કે વિરાટ કોહલીએ ટ્રેવિસ હેડ સાથે હાથ મિલાવ્યો નહોતો જેના કારણે નવા વિવાદને જન્મ મળ્યો છે.


હૈદરાબાદમાં રમાયેલી આ મેચ દરમિયાન RCBની ઈનિંગ્સ વખતે ટ્રેવિસ હેડ અને વિરાટ કોહલી વચ્ચે તણાવ જોવા મળ્યો હતો. કોહલી બેટિંગ કરી રહ્યા હતા ત્યારે ઓસ્ટ્રેલિયન ખેલાડી ટ્રેવિસ હેડે કંઈક ટિપ્પણી કરી હતી જેના જવાબમાં વિરાટ કોહલીએ પણ પ્રતિક્રિયા આપી હતી.



કદાચ કોઈએ વિચાર્યું પણ નહીં હોય કે મેચ પૂરી થયા બાદ પણ વિરાટ કોહલી આ વિવાદને આગળ વધારશે. હૈદરાબાદે આ મેચ 55 રને જીતી લીધી હતી. દરેક મેચની જેમ અંતે બંને ટીમોના ખેલાડીઓ હાથ મિલાવી રહ્યા હતા, ત્યારે કોહલીએ એવી હરકત કરી જે ઘણા ફેન્સને પસંદ આવી નહોતી.

ટ્રેવિસ હેડે કોહલી સામે હાથ આગળ વધાર્યો હતો પરંતુ RCBના સ્ટાર બેટ્સમેન કોહલીએ ઈગનોર કર્યું અને હેડ સાથે હાથ મિલાવ્યો નહોતો. ત્યારબાદ થોડા સમય સુધી બંને ખેલાડીઓ વચ્ચે બોલાચાલી જેવી સ્થિતિ જોવા મળી. પછી જ્યારે વેંકટેશ અય્યર આઉટ થયા ત્યારે ટ્રેવિસ હેડ કોહલીની નજીકથી પસાર થતા ફરી કંઈક બોલ્યા હતા જેના કારણે મામલો વધુ ગરમાયો હતો.

ટીવી પર આ દૃશ્ય દેખાતાં જ તેનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ ગયો હતો. વિરાટ કોહલીના આ વર્તનની ઘણા લોકોએ ટીકા કરી અને તેને રમતની ભાવના વિરુદ્ધ ગણાવ્યું. સામાન્ય રીતે મેચ પૂરી થયા બાદ ખેલાડીઓ વચ્ચેના મતભેદ ભૂલીને હાથ મિલાવતા હોય છે પરંતુ કોહલીએ ટ્રેવિસ હેડ સાથે હાથ ન મિલાવતાં ઘણા ક્રિકેટ ચાહકો નારાજ થયા હતા. મેચની વાત કરીએ તો સનરાઈઝર્સ હૈદરાબાદે 255 રન બનાવી 55 રને જીત મેળવી હતી પરંતુ ટીમ આરેસીબીને નેટ રનરેટમાં પાછળ છોડી શકી નહોતી. જેના કારણે આરેસીબી પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર જ રહી અને હવે ક્વોલિફાયર-1માં ગુજરાત ટાઈટન્સ સામે રમશે. બીજી તરફ હૈદરાબાદને એલિમિનેટર રમવું પડશે, જ્યાં હાર થતાં ટીમ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ શકે છે.



# IPLમાં પહેલી વખત બુમરાહ સામે આઉટ થયેલો મનીષ પાંડે ૬ વર્ષ બાદ પ્લેયર ઑફ ધ મૅચ બન્યો

વિરાટ કોહલી અને રોહિત શર્માની જેમ તમામ IPL સીઝન રમનાર મનીષ પાંડે બુધવારે મુંબઈ સામે મૅચ-વિનિંગ ઈનિંગ્સ રમીને છવાઈ ગયો હતો. ૧૪૮ રનનો ટાર્ગેટ ચેઝ કરવા દરમ્યાન મનીષ પાંડે ત્રીજા ક્રમે રમીને 33 બૉલમાં ૬ ફોરની મદદથી ૪૫ રન ફટકારીને પ્લેયર ઑફ ધ મૅચ બન્યો હતો. છેલ્લે તે ૨૦૨૦માં સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી રમતા સમયે રાજસ્થાન રૉયલ્સ સામે અણનમ ૭૧ રન ફટકારીને પ્લેયર ઑફ ધ મૅચ બન્યો હતો. IPLમાં ૧૦મી વખત પ્લેયર ઑફ ધ મૅચ બનેલો મનીષ પાંડે આ ટુર્નામેન્ટમાં પહેલી વખત મુંબઈના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ સામે આઉટ થયો હતો. જસપ્રીત બુમરાહ સામે ૪૯ બૉલ રમ્યા બાદ તે પહેલી વખત આઉટ થયો હતો. આ લિસ્ટમાં શિખર ધવન (૬૬ બૉલ બાદ) પહેલા ક્રમે છે. મનીષ પાંડેને આ સીઝનમાં પહેલી વખત જ બૅટિંગ કરવાની તક મળી હતી.

બુધવારે ઈડન ગાર્ડન્સમાં કોલકાતા નાઈટ રાઈડર્સે ૪ વિકેટે મુંબઈ ઈન્ડિયન્સ સામે જીત નોંધાવી હતી. મુંબઈએ ૯૫ રનના સ્કોર પર પાંચ વિકેટ ગુમાવ્યા બાદ ૧૪૭-૮નો સ્કોર કર્યો હતો. કલકત્તાએ ૧૮.૫ ઓવરમાં ૬ વિકેટના નુકસાન સાથે ૧૪૮ રનનો ટાર્ગેટ ચેઝ કરીને પ્લેઑફની પોતાની આશા જીવંત રાખી હતી. કલકત્તાની આ લો-સ્કોરિંગ રન-ચેઝ સાથે એક દાયકા જૂનો ટુર્નામેન્ટનો મોટો રેકૉર્ડ તૂટ્યો હતો. IPLની વર્તમાન સીઝન સૌથી વધુ સફળ રન-ચેઝવાળી સીઝન બની ગઈ છે. હમણાં સુધી ૬૫ મૅચમાં ૪૨ વખત ટીમોએ રન-ચેઝ કરીને જીત નોંધાવી છે. અગાઉ ૨૦૧૬માં ૬૦ મૅચમાં ૪૧ વખત ટીમોએ રન-ચેઝની મદદથી જીત મેળવી હતી.

## હોકી ઈન્ડિયાએ જુનિયર ટીમ માટે નવા મુખ્ય કોચની જાહેરાત કરી

ભારતીય જુનિયર પુરુષ હોકી ટીમના નવા મુખ્ય કોચની જાહેરાત કરી હતી, જેમાં બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા પીઆર શ્રીજેશ, જેઓ અગાઉ આ પદ પર હતા, તેમના સ્થાને ભૂતપૂર્વ ફ્રેન્ચ ખેલાડી ફ્રેડરિક સોયેઝને નિયુક્ત કરવામાં આવ્યા હતા. જુનિયર હોકી ટીમ સાથે મુખ્ય કોચ તરીકે શ્રીજેશનો કાર્યકાળ લગભગ દોઢ વર્ષનો હતો, જે ગયા વર્ષે ચેન્નાઈ અને મદુરાઈમાં યોજાયેલા જુનિયર હોકી વર્લ્ડ કપમાં સમાપ્ત થયો હતો, જ્યાં ટીમ ઈન્ડિયાએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ પછી હોકી ઈન્ડિયાએ શ્રીજેશનો કાર્યકાળ લંબાવ્યો ન હતો, પરંતુ તેમણે ફરીથી આ પદ માટે અરજી કરી હતી, પરંતુ આ વખતે તેમને આ પદ ઓફર કરવામાં આવ્યું ન હતું. ભારતીય જુનિયર હોકી ટીમના નવા મુખ્ય કોચ ફ્રેડરિક સોયેઝની વાત કરીએ તો, તેમને યુરોપિયન હોકીના શ્રેષ્ઠ કોચમાંના એક માનવામાં આવે છે, જેમને 15 વર્ષથી વધુનો કોચિંગ અનુભવ છે. સોયેઝે 1995 થી 2010 સુધી ફ્રાન્સ માટે કુલ 196 આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી, જેમાં 195 ગોલ કર્યા હતા. આંતરરાષ્ટ્રીય હોકીમાંથી નિવૃત્તિ લીધા પછી, સોયેઝે કોચિંગની દુનિયામાં પ્રવેશ કર્યો, ફ્રાન્સ અને સ્પેન બંને માટે કોચ તરીકે સેવા આપી. સ્પેનના કોચ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, ટીમે 2019 યુરોપિયન ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો હતો. ફ્રેડરિક સોયેઝે 2016, 2020 અને 2024 ઓલિમ્પિક ગેમ્સ તેમજ 2018 અને 2023 હોકી વર્લ્ડ કપમાં પણ કોચિંગ આપ્યું છે. આ ઉપરાંત, સોયેઝ 2013, 2015, 2017, 2019, 2021 અને 2023 માં છ યુરોપિયન ચેમ્પિયનશિપમાં પણ કોચ રહી ચૂક્યા છે. ભારતીય જુનિયર હોકી ટીમના નવા મુખ્ય કોચ તરીકે ફ્રેડરિક સોયેઝની નિમણૂક પર ખુશી વ્યક્ત કરતા, હોકી ઈન્ડિયાના પ્રમુખ અને ભૂતપૂર્વ ભારતીય ખેલાડી દિલીપ ટિર્કીએ જણાવ્યું હતું કે, "સોયેઝ આંતરરાષ્ટ્રીય અનુભવનો ભંડાર લાવે છે, જેનો ભારતીય હોકીને ફાયદો થશે. અમે 2036 ઓલિમ્પિક રમતોને ધ્યાનમાં રાખીને એક મોટા વિઝન માટે તૈયારી કરી રહ્યા છીએ, અને સોયેઝ તેમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

## 1 ઓવરમાં 9 બોલ, 3 છગ્ગા અને 27 રન... ક્લાસેને હેઝલવુડની કરી જોરદાર ધુલાઈ

સનરાઈઝર્સ હૈદરાબાદના બેટ્સમેન હેનરિક ક્લાસેને ફરી એકવાર શાનદાર ઈનિંગ રમી અને આક્રમક અડધી સદી ફટકારી. તેણે RCB સામે 24 બોલમાં 51 રન બનાવ્યા હતા. હેનરિક ક્લાસેન પોતાની ઈનિંગમાં 5 છગ્ગા અને 2 ચોગ્ગા ફટકાર્યા અને તેણે વિશ્વના શ્રેષ્ઠ બોલરોમાંના એક જોશ હેઝલવુડને સૌથી વધુ રન ફટકાર્યા. જોશ હેઝલવુડ તેની સામે બોલિંગ કરવાનું ભૂલી ગયો. હેનરિક ક્લાસેને આ વર્લ્ડ ક્લાસ બોલરની ઓવરમાં 27 રન ફટકાર્યા.



13મી ઓવરમાં હેનરિક ક્લાસેને હેઝલવુડને આડેહાથ લીધો. ક્લાસેને હેઝલવુડના બીજા બોલ પર મિડવિકેટ પર સિક્સર ફટકારી. હેઝલવુડે પછીના બે બોલ વાઈડ ફેંક્યા. હેઝલવુડે ત્રીજા બોલ પર શાનદાર સિક્સર ફટકારી. તેણે ચોથા બોલ પર ફોર ફટકારી, અને પછી ક્લાસેને પાંચમા બોલ પર સિક્સર ફટકારી. છેલ્લા બોલ પર એક સિંગલ આવ્યો, જેના કારણે હેઝલવુડે 27 રન આપ્યા.

18મી ઓવરમાં જોશ હેઝલવુડે પણ ભૂલો કરી. તેણે પોતાના ચોથા બોલ પર ઈશાન કિશનનો આસાન કેચ છોડી દીધો. તે પછીના બોલ પર કિશનને રન આઉટ કરવાની તક પણ ગુમાવી. હેઝલવુડે પોતાની ચાર ઓવરમાં 55 રન આપ્યા. હેઝલવુડે આ સિઝનમાં 11 મેચમાં 12 વિકેટ લીધી છે, તેનો ઈકોનોમી રેટ 9.6 રન પ્રતિ ઓવર છે.

જોકે, હેઝલવુડ એકલો ન હતો, RCBના અન્ય બોલરોની પણ જોરદાર ધુલાઈ થઈ હતી. ભુવનેશ્વર કુમારે પોતાની ચાર ઓવરમાં 51 રન આપ્યા. રસિક સલામ દારે બે વિકેટ લીધી પણ 52 રન આપ્યા. સુયશે પોતાની ત્રણ ઓવરમાં 36 રન આપ્યા, અને શેફર્ડે 37 રન આપ્યા. હૈદરાબાદે 20 ઓવરમાં 255 રન ફટકાર્યા હતા. હેનરિક ક્લાસેન IPLમાં સનરાઈઝર્સ હૈદરાબાદ માટે રન મશીન સાબિત થયો છે. તેણે આ સિઝનમાં 14 મેચમાં 50.50 ની સરેરાશથી 606 રન બનાવ્યા છે, જેમાં છ અડધી સદીનો સમાવેશ થાય છે. ક્લાસેન IPL 2026 માં 30 છગ્ગા અને 46 ચોગ્ગા ફટકાર્યા છે.

## પગમાં ફ્રૅક્ચર હોવા છતાં કલકત્તા માટે રમી રહ્યો છે વરુણ ચક્રવર્તી




IPL 2026માં કલકત્તાના સ્પિનર વરુણ ચક્રવર્તીએ ૧૦ મૅચમાં ૧૦ વિકેટ લીધી છે. છેલ્લી કેટલીક મૅચમાં તે ઈન્જરી સાથે રમી રહ્યો છે. તે ડાબા પગના તળિયામાં નાનકડા ફ્રૅક્ચરથી પીડાઈ રહ્યો છે. તે મૅચ દરમ્યાન ઈમ્પૅક્ટ પ્લેયર તરીકે રમીને માત્ર બોલિંગ કરતો જ રમી રહ્યો છે. મેડિકલ ટીમ તેની સ્થિતિ પર નજર રાખી રહી છે.

કલકત્તાના સહાયક કોચ શેન વૉટ્સન કહે છે, 'હું ફક્ત એટલું જ જાણું છું કે તે થોડો દુખાવો હોવા છતાં હમણાં રમી રહ્યો છે. આ દર્શાવે છે કે તે કેટલો બહાદુર છે અને અહીં રહીને ટીમમાં યોગદાન આપવા માટે કેટલો ઉત્સુક છે. ઈજા હોવા છતાં તે હજુ પણ શાનદાર બોલિંગ કરી રહ્યો છે. અમારી ટીમમાં વરુણ જેવી પ્રતિભા હોવાથી અમે ખૂબ જ ભાગ્યશાળી છીએ. પીડા હોવા છતાં તે રમવાની ઈચ્છા દર્શાવી રહ્યો છે.'

તિલક વર્માનો કૅચ પકડવાના ચક્કરમાં વિકેટકીપર અંગક્રિશ રઘુવંશી બોલર વરુણ ચક્રવર્તી સાથે ટકરાયો હતો. ટક્કરને કારણે બન્નેમાંથી કોઈ ખેલાડી કૅચ પકડી શક્યો નહોતો. આ ટક્કરને કારણે મુંબઈના ડોમેસ્ટિક ખેલાડી અંગક્રિશ રઘુવંશીને ગરદનમાં દુખાવો અને માથાનો દુખાવો થયો હતો. મુંબઈ સામેની રમત તે પૂરી કરી શક્યો નહોતો અને મેદાનની બહાર જવું પડ્યું હતું.

પ્લેઑફની રેસના મહત્ત્વપૂર્ણ તબક્કામાં આ ઈન્જરીને કારણે અંગક્રિશ રઘુવંશી બહાર થયો તો કલકત્તાને મોટો ફટકો પડશે. વર્તમાન સીઝનની ૧૨ મૅચમાં પાંચ ફિફ્ટીની મદદથી તેણે કલકત્તા માટે સૌથી વધુ ૪૨૨ રન ફટકાર્યા છે.

# હૈદરાબાદ સામે 55 રને હાર્યા બાદ પણ RCB ટોપ પર યથાવત! પ્લેઓફ પહેલાં પોઈન્ટ્સ ટેબલમાં અદભુત ચમત્કાર

IPL 2026 હવે તેના રોમાંચક અંત તરફ આગળ વધી રહી છે. ટૂર્નામેન્ટની 67મી અને પોતાની છેલ્લી લીગ મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે શાનદાર પ્રદર્શન કરીને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 55 રનના વિશાળ અંતરથી પરાજય આપ્યો છે. હૈદરાબાદના રાજીવ ગાંધી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં હૈદરાબાદની ટીમે પ્રવાસી બેંગલુરુ પર સંપૂર્ણ પ્રભુત્વ જમાવ્યું હતું. પરંતુ આ મેચના પરિણામમાં સૌથી રસપ્રદ વળાંક એ આવ્યો કે આટલી મોટી જીત છતાં હૈદરાબાદને પ્લેઓફના સમીકરણોમાં કોઈ મોટો ફાયદો થયો નથી, જ્યારે બીજી તરફ કારમી હાર વેઠ્યા બાદ પણ આરસીબીની ટીમ ફાયદામાં રહી છે અને લીગ સ્ટેજના અંતે પોઈન્ટ્સ ટેબલમાં નંબર 1 ના સ્થાને યથાવત રહી છે.

આ મેચમાં હૈદરાબાદે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો આક્રમક નિર્ણય કર્યો હતો. ઓપનર ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માએ ટીમને આક્રમક શરૂઆત અપાવતા માત્ર 4 ઓવરમાં 45 રન જોડી દીધા હતા. જોકે, રસિખ સલામ ડારે હેડને 26 રન



પર બોલ્ડ કરીને આ જોડી તોડી હતી. ત્યારપછી અભિષેક શર્માએ ઈશાન કિશન સાથે મળીને આરસીબીના બોલરોની લાઈન-લેન્થ બગાડી નાખી હતી. અભિષેકે માત્ર 20 બોલમાં પોતાની હાફ સેન્ચુરી પૂરી કરી હતી અને કુલ 22 બોલમાં 56 રનની તોફાની ઈનિંગ રમી હતી. મિડલ ઓર્ડરમાં ઈશાન કિશને હેનરિક ક્લાસેન સાથે મળીને રન ગતિ બમણી કરી હતી. ક્લાસેને માત્ર 24 બોલમાં પાવરફુલ 51 રન ફટકાર્યા હતા, જ્યારે ઓપનિંગમાંથી નીચે આવેલા ઈશાન કિશને મેદાનની ચારેય બાજુ ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવીને સૌથી વધુ 79 રન બનાવ્યા હતા. અંતમાં નીતિશ રેડ્ડીએ પણ પાંચમા નંબરે આવીને માત્ર 12 બોલમાં અણનમ 29 રન ઝૂડી કાઢ્યા હતા, જેના કારણે હૈદરાબાદે નિર્ધારિત 20 ઓવરમાં 255 રનનો હિમાલય જેવો સ્કોર બનાવ્યો હતો.

મોટા સ્કોરનો પીછો કરવા ઉતરેલી બેંગલુરુની મજબૂત બેટિંગ લાઈન-અપ દબાણમાં આવી ગઈ હતી. વેંકટેશ અય્યરે શરૂઆતમાં આશા જગાડતા 19 બોલમાં 44 રનની ઈનિંગ રમી હતી, પરંતુ તેને એહસાન મલિંગાએ આઉટ કરીને આરસીબીને પહેલો ઝટકો આપ્યો હતો. આ પછી સાકિબ હુસૈને મેચનો સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ લાવતા કિંગ વિરાટ કોહલીને માત્ર 15 રનના સ્કોર પર પેવેલિયન ભેગો કર્યો હતો. દેવદત્ત પડિક્કલ પણ ખાસ કંઈ ન કરી શક્યો અને 14 બોલમાં 21 રન બનાવી આઉટ થયો હતો. રજત પાટીદારે 56 રન બનાવ્યા ખરા, પરંતુ આ વિશાળ લક્ષ્ય સામે તેમની ઈનિંગ ઘણી ધીમી રહી હતી. અંતિમ ઓવરોમાં કૃણાલ પંડ્યાએ અણનમ 41 અને ટિમ ડેવિડે અણનમ 15 રન બનાવ્યા હોવા છતાં, આરસીબીની ટીમ 20 ઓવરમાં માત્ર 200 રન જ બનાવી શકી હતી અને મેચ 55 રનથી હારી ગઈ હતી.

આ મેચ પૂરી થયા બાદ પોઈન્ટ્સ ટેબલમાં રોમાંચક સ્થિતિ સર્જાઈ છે. બેંગલુરુ, ગુજરાત અને હૈદરાબાદ ત્રણેય ટીમોએ પોતાની 14-14 લીગ મેચો રમી લીધી છે અને ત્રણેયના ખાતામાં 9-9 જીત સાથે સરખા 18-18 પોઈન્ટ્સ છે. જોકે, નેટ રનરેટ (NRR) ના આધારે બેંગલુરુની ટીમ ટોપ પર રહી છે અને ગુજરાત ટાઈટન્સ બીજા સ્થાને છે. હૈદરાબાદનો રનરેટ આ બંને કરતા નબળો હોવાથી તે ત્રીજા સ્થાને જ રહી ગયું છે. હવે ટોપ 2 માં રહેવાનો મોટો ફાયદો આરસીબી અને ગુજરાતને મળશે, જે અંતર્ગત 1 May ના રોજ આ બંને ટીમો વચ્ચે પહેલો ક્વોલિફાયર મુકાબલો રમાશે. આ મેચ જીતનારી ટીમ સીધી ફાઈનલમાં પહોંચશે, જ્યારે હારનારી ટીમને ફાઈનલમાં પહોંચવાની વધુ એક તક મળશે. બીજી તરફ, હૈદરાબાદે હવે એલિમિનેટર મેચ રમવી પડશે.

# ભાભી સાનિયા ચંડોક પર ગંદી કોમેન્ટ થતાં ભડકી સારા તેંડુલકર, તમતમી જાય એવું બોલી

સચિન તેંડુલકરની પુત્રી સારા તેંડુલકર બોડી શેમિંગ પર ગુસ્સે થતી જોવા મળી હતી. તેણીએ પાપારાઝી પર પ્રહાર કર્યા હતા. સારાના એક વીડિયોમાં, તેણીને જાડી કહેવામાં આવી હતી, જેના પર તેણીએ પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. તો ચાલો જાણીએ કે આખો મામલો શું છે.



એક પાપારાઝીએ સારા તેંડુલકર અને તેની ભાભી, અર્જુન તેંડુલકરની પત્ની, સાનિયા ચંડોકનો એક વીડિયો શેર કર્યો. વીડિયોના કેપ્શનમાં લખ્યું છે, "જાડી દીકરી સારા છે. તેની બાજુમાં રહેલી મારી ભાભી છે." સારાએ આ વીડિયોનો સ્ક્રીનશોટ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કર્યો અને પાપારાઝી પર નિશાન સાધ્યું. પાપારાઝીને ટેગ કરતા સારાએ કહ્યું, "તમે ઘૃણાસ્પદ છો. જો તમે પોસ્ટ ડિલીટ કરી દો, તો પણ તમે ઘૃણાસ્પદ છો." તેણીએ એમ પણ લખ્યું, "આ પત્રકારત્વ નથી. અમને એકલા છોડી દો." સારાની પ્રતિક્રિયા સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. લોકો સારાની વાર્તાના સ્ક્રીનશોટ ઝડપથી શેર કરી રહ્યા છે. આ પહેલી વાર નથી જ્યારે સારા પાપારાઝી દ્વારા કેદ થઈ હોય; આવા વીડિયો આવતા રહે છે. સારા ઘણીવાર જોવા મળે છે. IPL 2026 દરમિયાન, સારા તેની ભાભી સાથે જોવા મળી હતી. તે લખનૌ સુપર જાયન્ટ્સની મેચ જોવા માટે ઘણી વખત તેની ભાભી સાથે સ્ટેડિયમ ગઈ હતી. અર્જુન આ સીઝન માટે લખનૌની ટીમનો સભ્ય છે. જોકે, તે 13 લીગ મેચમાંથી કોઈપણ મેચમાં રમ્યો નથી. નોંધનીય છે કે સારા તેંડુલકર સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે. તે તેના ચાહકો સાથે તેના નાના નાના ક્ષણો શેર કરે છે. ઈન્સ્ટાગ્રામ પર તેના લગભગ ૯.૭ મિલિયન ફોલોઅર્સ છે.

## આઈપીએલ 2025 પોઈન્ટ્સ ટેબલ

| ક્રમ | ટીમો | | P | W | L | NR | Pts | NRR |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | RCB | (Q) | 14 | 9 | 5 | 0 | 18 | +0.783 |
| 2 | GT | (Q) | 14 | 9 | 5 | 0 | 18 | +0.695 |
| 3 | SRH | (Q) | 14 | 9 | 5 | 0 | 18 | +0.524 |
| 4 | RR | | 13 | 7 | 6 | 0 | 14 | +0.083 |
| 5 | PBKS | | 13 | 6 | 6 | 1 | 13 | +0.227 |
| 6 | KKR | | 13 | 6 | 6 | 1 | 13 | +0.011 |
| 7 | CSK | (E) | 14 | 6 | 8 | 0 | 12 | -0.345 |
| 8 | DC | | 13 | 6 | 7 | 0 | 12 | -0.871 |
| 9 | MI | (E) | 13 | 4 | 9 | 0 | 8 | -0.510 |
| 10 | LSG | (E) | 13 | 4 | 9 | 0 | 8 | -0.702 |

(Q) = પ્લે ઓફ માટે ક્વોલિફાય | (E) = એલિમિનેટેડ



# 1 કરોડ લોકોને મળશે ઘરનું ઘર, PM આવાસ યોજના અંતર્ગત આ રીતે કરો અરજી

**PM આવાસ યોજના અંતર્ગત નવા મકાનો બનાવવાની સાથે ઘર ખરીદવા અથવા નિર્માણ માટે આર્થિક સહાય અને સબસિડી પણ આપવામાં આવશે**

કેન્દ્ર સરકારે દેશના શહેરી વિસ્તારોમાં રહેતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે મોટી રાહતરૂપ જાહેરાત કરી છે. વાસ્તવમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અર્બન 2.0 અંતર્ગત આગામી વર્ષોમાં આશરે 1 કરોડ નવા પાક્કા મકાનો તૈયાર કરવામાં આવશે. આ યોજના ખાસ કરીને એવા પરિવારોને ધ્યાનમાં રાખીને લાવવામાં આવી છે, જેઓ વધતી મોંઘવારી અને શહેરોમાં વધી રહેલી મિલ્કતની કિંમતોને કારણે પોતાનું ઘર ખરીદી શકતા નથી. સરકારનો મુખ્ય હેતુ શહેરી વિસ્તારોમાં રહેતા બેઘર અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને સુરક્ષિત અને સન્માનજનક રહેઠાણ ઉપલબ્ધ કરાવવાનો છે. યોજના અંતર્ગત નવા મકાનો બનાવવાની સાથે ઘર ખરીદવા અથવા નિર્માણ માટે આર્થિક સહાય અને સબસિડી પણ આપવામાં આવશે. આ પગલાથી લાખો પરિવારોનું "ઘરનું ઘર" બનાવવાનું સપનું સાકાર થવાની




આશા છે. આ યોજના હેઠળ આર્થિક રીતે નબળા વર્ગ (EWS), નિમ્ન આવક વર્ગ (LIG) અને મધ્યમ આવક વર્ગ (MIG) ના પરિવારોને પ્રાથમિકતા આપવામાં આવશે. ઉપરાંત ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકો, દૈનિક મજૂરો, ફેરીયાઓ, કામકાજી મહિલાઓ, દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકોને પણ વિશેષ લાભ આપવામાં આવશે. યોજના માટેની સૌથી મહત્વપૂર્ણ શરત એ છે કે અરજદારના નામે દેશના કોઈપણ ભાગમાં પહેલેથી પાક્કું મકાન ન હોવું જોઈએ.

સરકારે અરજી પ્રક્રિયાને સરળ અને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવાનો પ્રયાસ કર્યો છે. અરજદારો પોતાના મોબાઈલ ફોન અથવા કમ્પ્યુટર દ્વારા ઘર બેઠા ઓનલાઈન અરજી કરી શકે છે. સત્તાવાર પોર્ટલ પર જઈ જરૂરી વિગતો ભરીને રજીસ્ટ્રેશન પૂર્ણ કરી શકાય છે. આ ઉપરાંત ક્યૂઆર કોડ સ્કેન કરીને પણ સીધા અરજી ફોર્મ સુધી પહોંચી શકાય છે, જેથી સામાન્ય નાગરિકોને સરળતા રહે.

અરજી માટે આધાર કાર્ડ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ, આવકનો દાખલો, બેંક પાસબુક, સરનામાનો પુરાવો અને પાસપોર્ટ સાઈઝનો ફોટો જરૂરી રહેશે. સરકારનું માનવું છે કે આ યોજના માત્ર રહેઠાણ પૂરું પાડવાની નથી, પરંતુ ગરીબ અને મધ્યમવર્ગના લોકોના જીવનમાં સ્થિરતા અને આત્મવિશ્વાસ લાવવાનો પ્રયાસ પણ છે.

## WhatsApp પર આવી રહ્યા છે ફેક કોલ્સ? ઓન કરો આ સેટિંગ, અનનોન નંબર થઈ જશે Silent

WhatsApp પર સ્પામ કોલ્સ આવતા હોય છે. જેમાં સ્કેમર્સ ઈન્ટરનેશનલ અને અનનોન નંબરો પરથી કોલ કરીને લોકોને નિશાન બનાવી રહ્યા છે. જેમાં સ્કેમર્સ બેંક કર્મચારી, ડિલિવરી એજન્ટ કે કસ્ટમર કેર તરીકે પોતાને રજૂ કરીને લોકો સાથે ફ્રોડ કરવાનો પ્રયાસ કરે છે. આ સ્થિતિમાં એક ખાસ WhatsApp સેટિંગ ખૂબ મદદરૂપ થઈ શકે છે, જે કોઈપણ નંબરને બ્લોક કર્યા વગર ફાલતું કોલ્સથી છૂટકારો આપે છે.

WhatsApp માં Silence Unknown Callers નામની ઈનબિલ્ટ સુવિધા મળે છે. તેને ઓન કર્યા બાદ તમે જે નંબરો પર સેવ નથી કર્યા કે પહેલાં ક્યારેય વાતચીત કરી નથી તેમના પરથી વૉઈસ અને વીડિયો કોલ્સ ઓટોમેટીક સાયલન્ટ થઈ જાય છે. મતલબ કે,આવા કૉલ બ્લોક થઈ જશે. આ કૉલ તમારા ફોનના નોટિફિકેશન અને WhatsApp કૉલ હિસ્ટ્રીમાં દેખાવાનું ચાલુ રહેશે, પરંતુ તમારો ફોન રીંગ નહી થાય. આ વારંવાર અનવોન્ટેડ કોલ્સથી રાહત આપે છે.



ફેક કોલ્સથી આ રીતે મેળવો છુટકારો

આ ફીચરને એક્ટીવ કરવા પહેલા, WhatsApp ઓપન કરો. પછી સેટિંગ્સ પર જાઓ. પ્રાઈવેસી વિકલ્પ પસંદ કરો અને કૉલ્સ વિભાગ પર ટેપ કરો. અહીં તમને અનનોન કોલર્સને સાયલન્સ કરવાનો ઓપ્શન મળશે, જે તમારે ઓન કરવું પડશે. એન્ડ્રોઈડ ફોન પ સેટિંગ્સ ઓપ્શન ઉપરના જમણા ખૂણામાં ત્રણ-ડોટ મેનૂમાં આવે છે જ્યારે આઈફોન પર, તે બોટમમાં આવે છે.

આ સેટિંગની મુખ્ય વિશેષતા એ છે કે તે કોઈપણ નંબરને સંપૂર્ણ રીતે બ્લોક કરતી નથી. જો કોઈ મહત્વની વ્યક્તિ નવા નંબર પરથી કોલ કરે તો તમે બાદમાં આ મિસ્ડ કોલને રીવ્યુ કરી શકો છો અને ડીસાઈડ કરી શકો છો કે કૉલબેક કરવો કે નહીં.

જો તમે અગાઉ કોઈ અન પ્રોટેક્ટેડ નંબર પર મેસેજ કર્યો હોય કે વાત કરી હોય તો WhatsApp તેને અનનોન તરીકે વેરીફાઈ નહીં કરે. અમ તે નંબર પરથી આવતા કોલ્સ સામાન્ય રીતે રિંગ કરી શકે છે. આ સમસ્યા ખાસ કરીને ડિલિવરી એજન્ટો, કામચલાઉ ઓફિસ નંબરો કે વન ટાઈમ કોન્ટેક્ટમાં સામાન્ય છે.

## કરોડો આધાર યુઝર્સને મોટી રાહત! હવેથી ફ્રી ડોક્યુમેન્ટ અપડેટ માટે મળશે આટલો સમય

આધાર કાર્ડ આજના સમયમાં આપણી ઓળખનો સૌથી મહત્વપૂર્ણ ભાગ બની ગયો છે. બેંક ખાતું ખોલાવવાથી લઈને સરકારી યોજનાઓનો લાભ મેળવવા સુધી, દરેક નાણાકીય અને વહીવટી કાર્ય માટે તે જરૂરી છે. તેવામાં આ દસ્તાવેજ સંપૂર્ણપણે અપડેટ રહે તે સુનિશ્ચિત કરવું ખૂબ જ જરૂરી છે. જો તમે લાંબા સમયથી તમારા આધારમાં કોઈ ફેરફાર કર્યા નથી અથવા તમારી માહિતી અપડેટ કરી નથી, તો તમારા માટે રાહતના સમાચાર છે. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) દેશના કરોડો નાગરિકોને રાહત આપતા, એ આધારમાં મફત દસ્તાવેજ અપડેટ્સ માટેની અંતિમ તારીખ એક વર્ષ માટે લંબાવી છે. ઓનલાઈન સેવા, જે 15 જૂન, 2026 થી પેઈડ સેવા બનવાની હતી, તે હવે 14 જૂન, 2027 સુધી સંપૂર્ણપણે મફત રહેશે.




UIDAI નાગરિકોને સતત તેમના દસ્તાવેજો અપડેટ કરવા વિનંતી કરે છે. ખાસ કરીને જેમના કાર્ડ વર્ષો પહેલા જારી કરવામાં આવ્યા હતા અને જેમણે ત્યારથી ક્યારેય અપડેટ કર્યા નથી. ઓળખના પુરાવા અને સરનામાના પુરાવાને અદ્યતન રાખવાથી સરકારી ડેટાબેઝની ચોકસાઈ સુનિશ્ચિત થાય છે. સૌથી મોટી રાહત એ છે કે તમે એક પણ રૂપિયો ખર્ચ્યા વિના તમારી ઓળખ અને સરનામા સંબંધિત દસ્તાવેજો ઓનલાઈન અપડેટ કરી શકે છે. જોકે, તમારે ધ્યાનમાં રાખવું જોઈએ કે, આ મફત સુવિધા ફક્ત myAadhaar પોર્ટલ પર જ ઉપલબ્ધ છે. જો તમે આ ભૌતિક કેન્દ્ર પર કરાવવાનું પસંદ કરો છો, તો તમારે નક્કી ફી ચૂકવવી પડશે.

ફક્ત ડેડલાઈન જ નહીં પરંતુ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મોરચે પણ મહત્વપૂર્ણ ફેરફારો થઈ રહ્યા છે. UIDAI એ સ્પષ્ટતા કરી છે કે તેની લેગસી મોબાઈલ એપ્લિકેશન, 'mAadhaar' ટૂંક સમયમાં બંધ કરવામાં આવશે. યૂઝર્સને હવે સંપૂર્ણપણે નવી અને અદ્યતન 'Aadhaar' એપ્લિકેશન ડાઉનલોડ કરવાની જરૂર પડશે. આ નવા પ્લેટફોર્મ પર, યૂઝર્સને QR કોડ-આધારિત ડેટા શેરિંગ માટે વધુ સુરક્ષિત વિકલ્પ પ્રદાન કરવામાં આવે છે. વધુમાં, ગોપનીયતા નિયંત્રણોમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે, જેનાથી રોજિંદા જીવનમાં ડિજિટલ ઓળખનો ઉપયોગ વધુ સુરક્ષિત અને અનુકૂળ બન્યો છે.

આ પૂરી ટેકનિકલ પ્રક્રિયા સામાન્ય લોકો માટે ખૂબ જ સરળ બનાવવામાં આવી છે. સૌપ્રથમ તમારે myAadhaar પોર્ટલની મુલાકાત લેવાની જરૂર છે. ત્યાં તમારો આધાર નંબર દાખલ કરો અને તમારા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર પ્રાપ્ત OTP નો ઉપયોગ કરીને સુરક્ષિત રીતે લૉગ ઈન કરો. તમારી હાલ પ્રોફાઈલ સ્ક્રીન પર દેખાશે. તમારી ઓળખ અને સરનામાની વિગતો કાળજીપૂર્વક ચકાસો.

જો બધું સચોટ હોય, તો 'I verify that the above details are correct' વિકલ્પ પર ક્લિક કરીને આગળ વધો. ત્યાર બાદ ડ્રોપડાઉન મેનૂમાંથી તમારા ઓળખના વિકલ્પ પસંદ કરો અને સંબંધિત દસ્તાવેજની સોફ્ટ કોપી અપલોડ કરો. તેવી જ રીતે, તમારા સરનામાના પુરાવા અપલોડ કરો. ધ્યાન રાખો કે, ફાઈલનું કદ 2 MB કરતા ઓછું છે અને તે JPEG, PNG અથવા PDF ફોર્મેટમાં છે. તમારી સંમતિ આપીને પ્રક્રિયા પૂર્ણ કરો.

## આ દિવસે આવી રહી છે ટાટાની સૌથી સસ્તી કાર, કિંમત જાણીને ખરીદવા દોડશો, 4 સ્ટાર સેફ્ટી

ભારતીય માર્કેટમાં સસ્તી હેચબેક કારની માંગ સતત મજબૂત બની રહી છે. હવે, ટાટા મોટર્સ તેની સૌથી સસ્તી કાર ટિયાગોને નવા અવતારમાં લોન્ચ કરવા જઈ રહી છે. કંપનીએ નવી ટિયાગો ફેસલિફ્ટની લોન્ચ તારીખ કન્ફર્મ કરી છે. આ કાર 28 મેના રોજ રજૂ કરવામાં આવશે. આ વખતે કારમાં માત્ર નાના ફેરફારો જ નહીં પરંતુ ડિઝાઈન, સુવિધાઓ અને ટેકનોલોજીમાં પણ મોટા અપડેટ્સ મળશે.



નવી ટિયાગોમાં આગળના ભાગમાં પાતળી ગ્રિલ હોવાની શક્યતા છે. નવા LED હેડલેમ્પ્સ અને વધુ શાર્પ DRL સિગ્નેચર કારને આધુનિક લુક આપશે. ફ્રન્ટ બમ્પરને પણ નવી ડિઝાઈન મળવાની શક્યતા છે અને ફોગ લેમ્પ્સ નીચે તરફ શિફ્ટ થઈ શકે છે. જ્યારે કારનો એકંદર બોડી શેપ એ જ રહેશે, ત્યારે નવા 15-ઈંચના મલ્ટી-સ્પોક એલોય વ્હીલ્સ તેની સાઈડ પ્રોફાઈલને એક નવો લુક આપશે.

આ ટિયાગોનું ડેશબોર્ડ લેઆઉટ બદલવામાં આવશે અને સેન્ટર કન્સોલ ગ્લોસ બ્લેક ફિનિશ સાથે આવી શકે છે. આ કારમાં વાયરલેસ એન્ડ્રોઈડ ઓટો અને એપલ કારપ્લે સપોર્ટ સાથે 10.25-ઈંચની મોટી ટચસ્ક્રીન ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ આવી શકે છે. જેમાં હાલના મોડેલના બેઝિક ડિસ્પ્લેને બદલે, 7-ઈંચનું સંપૂર્ણ ડિજિટલ ઈન્સ્ટ્રુમેન્ટ ક્લસ્ટર પણ આપી શકાય છે. નવી ટિયાગોમાં એમ્બિયન્ટ લાઈટિંગ, સુધારેલ ઓડિયો સિસ્ટમ, નવી સીટ ફેબ્રિક, ફ્રન્ટ સેન્ટર આર્મરેસ્ટ અને રીઅર હેડરેસ્ટ જેવા ફીચર હોવાની શક્યતા છે. તો એન્જીન હાલના 1.2-લિટર નેચરલી એસ્પિરેટેડ પેટ્રોલ એન્જિન દ્વારા સંચાલિત રહેશે. આ એન્જિન 86 પીએસ પાવર અને 113 એનએમ ટોર્ક પેદા કરશે.

તો ટ્રાન્સમિશનમાં કાર 5-સ્પીડ મેન્યુઅલ અને AMT ગિયરબોક્સના વિકલ્પ સાથે ઓફર કરવામાં આવશે. ફેક્ટરી-ફિટેડ CNG વેરિઅન્ટ પણ ઉપલબ્ધ હશે. જેમાં Tiago ભારતમાં AMT ગિયરબોક્સનો ઓપ્શન આપતી અમુક CNG કારોમાંની એક છે.

4-સ્ટાર સેફ્ટીરેટિંગ સાથે આ કાર મલ્ટીપલ એરબેગ્સ EBD સાથે ABS, રીઅર પાર્કિંગ સેન્સર, કેમેરા અને મજબૂત બોડી સ્ટ્રક્ચર જેવી ઘણી જરૂરી સેફ્ટી ફીચર આપશે. જેમાં વર્તમાન મોડેલની કિંમત 4.60 લાખ રૂપિયા છે. એવી અપેક્ષા છે કે કંપની તેને સમાન કિંમત સાથે લોન્ચ કરશે. પણ અમુક વધારો પણ આવી શકે છે.

## માત્ર 160 રૂપિયા પ્રતિ મહિનાથી પણ ઓછા ખર્ચે મળશે 84 દિવસનો પ્લાન, Jioનું ધમાકેદાર રિચાર્જ

જો તમે તમારા Jio નંબરનો ઉપયોગ મુખ્યત્વે કૉલ કરવા માટે કરો છો, તો Jioનો પોર્ટફોલિયો તમારા માટે એક ઉત્તમ પ્લાન ઓફર કરે છે. તમે ₹450 થી ઓછા ખર્ચે સંપૂર્ણ 84 દિવસ માટે અમર્યાદિત કૉલિંગનો આનંદ માણી શકો છો. આ ખાસ કરીને એવા વ્યક્તિઓ માટે ફાયદાકારક છે જેઓ મુખ્યત્વે વૉઈસ કમ્યુનિકેશન માટે તેમના મોબાઈલ નંબરનો ઉપયોગ કરે છે. નોંધનીય છે કે, આ Jio પ્લાન ફક્ત ₹448 ની કિંમતે છે અને 84 દિવસની માન્યતા અવધિ સાથે અમર્યાદિત કૉલિંગ સુવિધાઓ પ્રદાન કરે છે. જોકે આ પ્લાનમાં કોઈ ઈન્ટરનેટ ડેટા શામેલ નથી, ₹448 ની કિંમત બિંદુ અસરકારક રીતે લગભગ ₹160 પ્રતિ માસના દરે અમર્યાદિત કૉલિંગ ઍક્સેસમાં અનુવાદ કરે છે. જેમને મોબાઈલ ઈન્ટરનેટની નોંધપાત્ર જરૂરિયાત નથી અથવા જેમની કનેક્ટિવિટી જરૂરિયાતો ઘર અથવા ઓફિસ Wi-Fi દ્વારા પૂરતી પૂર્ણ થાય છે. તેઓ માટે Jioનો ₹448 પ્લાન અત્યંત ફાયદાકારક સાબિત થાય છે. તે તમને દર મહિને ₹160 કરતા ઓછા ખર્ચે અમર્યાદિત કૉલિંગ અને SMS સેવાઓ ઍક્સેસ કરવાની મંજૂરી આપે છે. વધુમાં, જો જરૂર પડે, તો તમે અલગ ડેટા એડ-ઓન પેક ખરીદી શકો છો, જે ફક્ત ₹11 થી શરૂ થાય છે. ઘણા લોકો ઘણીવાર તેમના પ્રાથમિક નંબરની સાથે એક સેકન્ડરી મોબાઈલ નંબર પણ રાખે છે. જો તમે આ ક્ષમતામાં Jio નંબરનો ઉપયોગ કરી રહ્યા છો અને તેની કોલિંગ અને SMS સેવાઓ સક્રિય રહે તેની ખાતરી કરવા માંગો છો, તો Jioનો આ 84-દિવસની માન્યતાવાળો પ્લાન એક ઉત્તમ વિકલ્પ છે.

## સતત 6 દિવસ આ બેંક બંધ રહેશે, કસ્ટમર્સ ખાસ નોંધ કરી લે

જો તમારું બેંક ખાતું દેશની સૌથી મોટી સરકારી બેંક એટલે કે ભારતીય સ્ટેટ બેંક (SBI) માં છે, તો આ ખબર તમારા માટે મહત્વનું છે. જો તમે કોઈ જરૂરી નાણાકીય કામ માટે કાલે અથવા આવતા અઠવાડિયે બેંક શાખામાં જવાનું વિચારી રહ્યા હોવ તો થોડી વાર રોકાઈ જાઓ. તમારા બધા બાકી કામ પૂરા કરી લેજો કારણ કે 23 મે થી 28 મે 2026 સુધી સતત 6 દિવસ SBIની શાખાઓમાં કામકાજ બંધ રહેશે. SBIની શાખાઓમાં સતત 6 દિવસ તાળાં પડવાના કારણો એક જ નથી પરંતુ ઘણા કારણો મળીને આ સ્થિતિ બની છે. 23 મેના રોજ મહીનાનો ચોથો શનિવાર હોવાથી બેંક બંધ રહેશે અને 24 મે રવિવારની સાપ્તાહિક રજા રહેશે. ત્યારબાદ 25 થી 26 મે દરમિયાન બેંક સ્ટાફની દેશવ્યાપી હડતાળ રહેશે જેના કારણે કામકાજ બંધ રહેશે. 27 મેના દિવસે મોટાભાગના રાજ્યોમાં બકરી ઈદનું તહેવાર હોવાથી રજા રહેશે અને 28 મેના દિવસે પણ કેટલાક રાજ્યો તથા ખાસ કરીને જમ્મુ-કાશ્મીરમાં બકરી ઈદની રજા ચાલુ રહેશે. આ બધા કારણો મળીને ગ્રાહકો માટે કુલ 6 દિવસનો લાંબો "નો-બેંકિંગ" સમય બની રહ્યો છે.




બેંક કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં શાખાઓની સુરક્ષા માટે પૂરતી સંખ્યામાં હથિયારબંદ ગાર્ડ્સ મુકવા વધતા કામના ભારને ઘટાડવા માટે નવી ભરતી કરવા અને ચોથી શ્રેણીના ખાલી પદો (મેસેન્જર) ઝડપથી ભરવા જેવી બાબતો સામેલ છે. ઉપરાંત NPS હેઠળ કર્મચારીઓને પોતાનો ફંડ મેનેજર પસંદ કરવાની છૂટ આપવી અને કાયમી કામોનું આઉટસોર્સિંગ બંધ કરવું જેવી માંગણીઓ પણ છે. કર્મચારીઓનું કહેવું છે કે ગ્રાહકોને દબાણ કરીને ખોટા નાણાકીય પ્રોડક્ટ્સ વેચવાની પ્રથા તરત બંધ થવી જોઈએ. સાથે જ ભથ્થાંમાં રહેલી અસમાનતા દૂર કરવી અને પેન્શનની ગણતરીમાં તમામ ભથ્થાંનો સમાવેશ કરવો જેવી આર્થિક માંગણીઓ પણ હડતાળના મુખ્ય મુદ્દાઓમાં સામેલ છે. સતત 6 દિવસ બેંક શાખાઓ બંધ રહેવાની ખબરથી ગ્રાહકો ચિંતિત થવું સ્વાભાવિક છે, પરંતુ ગભરાવાની જરૂર નથી. આ દરમિયાન SBIની તમામ ઓનલાઈન સેવાઓ ચાલુ રહેશે. તમે મોબાઈલ બેંકિંગ અને ઈન્ટરનેટ બેંકિંગ દ્વારા ઘરેથી જ તમારા કામ કરી શકશો. ઉપરાંત UPI દ્વારા પૈસાની લેવડદેવડ પણ કોઈ અટકાવ વગર ચાલુ રહેશે. જો રોકડની જરૂર પડે તો ATM સેવાઓ પણ 24 કલાક ઉપલબ્ધ રહેશે. એટલે રોજિંદા કામોમાં મુશ્કેલી ન પડે તે માટે ડિજિટલ સેવાઓનો વધુ ઉપયોગ કરવો યોગ્ય રહેશે.

## Hi નો રીપ્લાય આપવો પડશે ભારે, લાઈફટાઈમ માટે પસ્તાવું પડશે

WhatsApp, Instagram, Facebook અને SMS દ્વારા અનેક મેસેજ આવે છે. ઘણા લોકો માટે માત્ર "Hi" મોકલે છે અને પછી ચેટિંગ શરૂ થાય છે. જો કે દરેક "Hi" નો જવાબ આપવો જરૂરી નથી. કેમ કે, તે તમને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. આ અંગે સરકારી એજન્સી, Cyber Dost (I4C) એ એક મહત્વપૂર્ણ પોસ્ટ પોસ્ટ કરી છે, જેમાં તમને "Hi" નો જવાબ આપતા પહેલા વિચારવાની સલાહ આપવામાં આવી છે. ઘણીવાર સ્કેમર્સ લોકોને સિમ્પલ મેસેજથી નિશાન બનાવી શકે છે અને તેમના બેંક ખાતા પણ ખાલી કરી શકે છે. આથી કોઈ અનનોન વ્યક્તિ સાથે ઓનલાઈન ફ્રેન્ડશીપ કરતી વખતે સાવચેત રહેવું જરૂરી છે. કેમ કે તેઓ તમારું બેંક એકાઉન્ટ કે પર્સનલ ડીટેલ ચોરી શકે છે. આ અંગે Cyber Dost એ પોસ્ટ કર્યું છે કે, સાયબર ક્રીમીનલો નિર્દોષ લોકોને ફસાવવા માટે સિમ્પલ મેસેજ, નકલી બેંકિંગ એલર્ટ, રીવોર્ડ એલર્ટ કે કેઝ્યુઅલ વાતચીતનો ઉપયોગ કરી શકે છે. અનનોન મેસેજ અને શંકાસ્પદ લિંક્સથી સાવધાન રહો. ખતરનાક લિંક્સ તમને નકલી પોર્ટલ તરફ દોરી શકે છે, જે તમારા બેંક એકાઉન્ટને ખાલી કરી શકે છે. સાયબર સ્કેમર્સ લોકોને ટાર્ગેટ બનાવવા માટે આ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. જેથી અનનોન નંબરો પરથી આવતા મેસેજ પર તરત જ વિશ્વાસ ના કરો. જો તમને કોઈ શંકાસ્પદ લિંક મળે તો તેના પર ક્લિક ન કરો.

## BSNLનો 90 દિવસની વેલિડિટીવાળો પ્લાન, વારંવાર રિચાર્જ કરવાની નહીં રહે ઝંઝટ

BSNL એ તેના લાખો વપરાશકર્તાઓ માટે વધુ એક સસ્તું રિચાર્જ પ્લાન રજૂ કર્યો છે. આ પ્લાન વપરાશકર્તાઓને અમર્યાદિત કોલિંગ અને ડેટા સહિત અનેક લાભો પ્રદાન કરે છે. ભારત સંચાર નિગમ લિમિટેડનો આ પ્રીપેડ રિચાર્જ પ્લાન ખાસ કરીને એવા વપરાશકર્તાઓ માટે રચાયેલ છે જેમના મોબાઈલ નંબર લાંબા સમય સુધી નિષ્ક્રિય રહ્યા છે; આ બજેટ-ફ્રેંડલી પ્લાન દ્વારા, તેઓ સરળતાથી તેમના BSNL નંબરોને ફરીથી સક્રિય કરી શકે છે. BSNL UP East એ તેના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ દ્વારા આ નવા પ્રીપેડ પ્લાનની જાહેરાત કરી. આ BSNL પ્લાન એવા વપરાશકર્તાઓ માટે છે જેઓ સેકન્ડરી સિમ કાર્ડનો ઉપયોગ કરે છે અને ઓછામાં ઓછા ખર્ચે તેમનો નંબર સક્રિય રાખવા માંગે છે. ₹449 ની કિંમતનો, આ પ્રીપેડ પ્લાન 90 દિવસની માન્યતા અવધિ પ્રદાન કરે છે - એટલે કે તમે ફક્ત ₹5 ના દૈનિક ખર્ચે તમારા જૂના નંબરને સક્રિય રાખી શકો છો. ભારત સંચાર નિગમ લિમિટેડના આ પ્રીપેડ પ્લાન દ્વારા આપવામાં આવતા લાભો વિશે, વપરાશકર્તાઓ 90 દિવસની માન્યતા અવધિનો આનંદ માણે છે. આ પ્લાન હેઠળ, વપરાશકર્તાઓ મફત રાષ્ટ્રીય રોમિંગ સાથે સમગ્ર ભારતમાં અમર્યાદિત વૉઈસ કૉલિંગનો લાભ લઈ શકે છે. વધુમાં, આ યોજના વપરાશકર્તાઓને દરરોજ 100 SMS ની છૂટ આપે છે. વધુમાં, વપરાશકર્તાઓને આ પ્રીપેડ યોજના સાથે 5GB ડેટા મળે છે, જેનો ઉપયોગ કોઈપણ દૈનિક ઉપયોગ મર્યાદા વિના કરી શકાય છે. BSNL એ તાજેતરમાં દેશભરમાં લાખો 4G અને 5G મોબાઈલ ટાવર ઈન્સ્ટોલ કર્યા છે.

## અચાનક નથી ફાટતું AC, આગ લાગતા પહેલા દેખાય આ 5 સંકેત, 90 ટકા લોકો કરે છે અવગણના

**ગરમીમાં AC રાહત આપે છે, પરંતુ નાની બેદરકારી મોટી દુર્ઘટનામાં ફેરવાઈ શકે છે. એસી બ્લાસ્ટ થતા પહેલા અમુક સંકેતો મળે છે. જેને ઓળખવા પર દુર્ઘટનાથી બચી શકાય છે**

ભીષણ ગરમીઓમાં એસી આજકાલ દરેક ઘરની જરુરીયાત બની ગયુ છે, આ જેટલી સુવિધા આપે છે એટલુ જ ખતરનાક સાબિત થઈ શકે છે. જો સમય પર ધ્યાન આપવામાં ના આવે તો એસી બ્લાસ્ટ જેવી ગંભીર દુર્ઘટના થઈ શકે છે. તેવામાં ઘભરાયા વિના સમજદારીથી કામ લેવુ જરુરી છે. પહેલા તો સમજવુ જરુરી છે કે અચાનક ક્યારેય એસીમાં આગ લાગતી નથી. બ્લાસ્ટ પહેલા એસી અમુક સંકેત આપે છે, જેને જો સમય પર ઓળખવામાં આવે તો ખતરો ટળી શકે છે. આવો તે સંકેતો ક્યા છે તેના વિશે જાણીએ...



જો તમારા એસીમાંથી અચાનક ગરમ હવા આવવા લાગે તો તરત જ સ્વિચ ઓફ કરી દો. એસી જરુર કરતા વધારે ગરમ થવા પર તેમાંથી ગરમ હવા આવે છે. આ ખતરાનો સંકેત હોઈ શકે છે. ઘણી વખત ગેસ લિકેજ, ગંદકી જમા થવા પર કે ફેન ખરાબ થવાના કારણે એસી ઓવર હીટ થવા લાગે છે. જેનાથી આગ લાગવાની અને બ્લાસ્ટ થવાનું રિસ્ક વધી જાય છે.

એસીના ઉપયોગ કરતા જો અચાનકથી તમારા વાયર કે પ્લાસ્ટિકને બળવાની સ્મેલ આવી રહી છે તો તરત જ એલર્ટ થઈ જાઓ. આ વાયરિંગમાં ખરાબી, શોર્ટ સર્કિટ કે અંદરના પાર્ટ્સના વધારે ગરમ થવાનો સંકેત હોઈ શકે છે. તેથી બિલકુલ પણ આ સંકેતને નજરઅંદાજ ના કરશો. એસીને તરત જ ઓફ કરીને તરત તપાસ કરાવી લો.

જો એસીનો ઉપયોગ કરતી વખતે કોઈ પણ પ્રકારનો ધુમાડો દેખાય તો તરત સાવધાન થઈ જવાની જરુર છે. તેવામાં તમારે એસીની સાથે સાથે ઘરની મેન સ્વિચ પણ બંધ કરી લેવુ જોઈએ. આ ઉપરાંત જો એસી ઓન કરવા પર કોઈ રીતનું સ્પાર્કિંગ દેખાય કે ઘરના MCB વારંવાર ટ્રિપ થવા લાગે તો આ ઈલેક્ટ્રિક ફોલ્ટનો સંકેત હોઈ શકે છે.

જો એસી ચાલતી વખતે અજીબ અવાજ આવે છે, તો તે બિલકુલ નોર્મલ ના સમજવું. એસી અસામાન્ય અવાજ મોટાભાગે અંદરના કોઈ પાર્ટની ખરાબીનો સંકેત થઈ શકે છે. ખાસ કરીને કંપ્રેસરમાં ખરાબીના કારણે આ પ્રકારના અવાજ સંભળાય છે. તેવામાં તમારે તરત જ એસી ઓફ કરી દેવુ જોઈએ અને તપાસ કરાવી જોઈએ.

જો તમારુ એસી યોગ્ય કુલિંગ ના કરી રહ્યું હોય, પાઈપ પર બરફ જમા રહી છે કે અજીબ સ્મેલ આવી રહી હોય તો તે ગેસ લિકેજનો સંકેત હોઈ શકે છે. ગેસ લિકેજના કારણે ઓવરહિટ થઈ શકે છે. તેના કારણે આગ લાગવી કે બ્લાસ્ટ થવાનો ખતરો વધી જાય છે.

# સાંતેજની કેમિકલ ફેક્ટરીમાં લાગેલી ભીષણ આગમાં એક વ્યક્તિનું મોત : ૮૦ કરોડનું નુકસાન



અમદાવાદ, તા. ૨૩

અમદાવાદ નજીક ગાંધીનગરની હદને અડીને આવેલા સાંતેજ ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં શુક્રવારે સાંજે લાગેલી ભયાનક આગે ભારે તબાહી મચાવી છે. શુક્રવાર સાંજથી શરૂ થયેલી આગ પર કાબૂ મેળવ્યા બાદ, શનિવારે સવારે ૭ વાગ્યે ફેક્ટરી પરિસરમાંથી એક વ્યક્તિનો મૃતદેહ મળી આવતા અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રાથમિક અંદાજ મુજબ, આ આગના કારણે કંપનીને અંદાજે ૮૦ કરોડ રૂપિયાનું મોટું આર્થિક નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

સાંતેજ ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં આવેલી ફેઈથ ઈન્ડસ્ટ્રિયલ લિમિટેડ નામની કેમિકલ અને પ્લાસ્ટિક મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીમાં શુક્રવારે સાંજે ૦૫ વાગ્યે આગ લાગી હતી. શનિવારે સવારે ફેક્ટરીમાંથી એક અજાણ્યો મૃતદેહ મળી આવ્યો છે. જેને પોસ્ટમોર્ટમ અને ઓળખ માટે સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યો છે. આગ એટલી ભીષણ હતી કે તે બાજુમાં આવેલી ટેક્નો ઈન્સ્ટ્રૂમેન્ટ ફેક્ટરીમાં પણ ફેલાઈ ગઈ હતી અને તેને પણ ભારે નુકસાન પહોંચાડ્યું છે. આગ બુઝાવવા માટે ફાયર બ્રિગેડના ૧૫ વાહનો અને ૯૮ જેટલા જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા.

ફાયર ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, શુક્રવારે સાંજે ૦૫ વાગ્યે કંટ્રોલ રૂમને આગ લાગવાનો કોલ મળ્યો હતો. થલતેજ અને ચાંદખેડા ફાયર સ્ટેશનની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફેક્ટરીમાં કેમિકલ અને પ્લાસ્ટિકના ઉત્પાદન માટે રાખવામાં આવેલો અતિ જ્વલનશીલ કાચો માલ હાજર હોવાથી આગે મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે આસપાસના કામદારોમાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી.

આગની ગંભીરતાને જોતા તંત્ર દ્વારા મેગા સર્ચ અને ફાઈટીંગ ઓપરેશન શરૂ કરાયું હતું. આ ઓપરેશનમાં ૨૦ કિલોલીટરની ક્ષમતા ધરાવતા ૬ વોટર બાઉઝર, ૧ ઈમરજન્સી મેડિકલ ટ્રાન્સપોર્ટ વ્હીકલ, ૮ ફર્સ્ટ રિસ્પોન્ડર બોલેરો વાહનો કામે લગાડાયા હતા. ફાયર ટીમના ૬૪ ફાયરમેન, ૬ જમાદાર, ૨૦ ડ્રાઈવર, ૩ સબ-ઓફિસર, ૩ સ્ટેશન ઓફિસર, ૧ ડિવિઝનલ ફાયર ઓફિસર અને એડિશનલ ચીફ ફાયર ઓફિસર સહિત કુલ ૯૮ લોકોએ કલાકોની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

આ દુર્ઘટનામાં અન્ય કોઈ વ્યક્તિને ઈજા થઈ હોવાના અહેવાલ નથી. જો કે બીજા દિવસે વહેલી સવારે એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે. ફેક્ટરીની અંદર લાગેલી આગના કારણે મશીનરી અને કેમિકલનો જથ્થો બળીને ખાખ થઈ જતા કરોડોનું નુકસાન થયું છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ પોલીસ અને ફોરેન્સિક (એફએસએલ) ની ટીમ દ્વારા ટેકનિકલ તપાસ હાથ ધરીને આગનું કારણ શોધવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

# રાજ્યમાં થયેલાં ૬૧૩ કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ

અમદાવાદ, તા. ૨૩

રાજ્યમાં વધતા સાયબર ફ્રોડ સામે ગુજરાત પોલીસે શરૂ કરેલા "મ્યુલ હંટ ૨.૦" અભિયાન હેઠળ મોટી સફળતા મળી છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કાર્યવાહી કરીને પોલીસે સાયબર ફ્રોડના ૧૩ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ આરોપીઓ ૬૩૧ કરોડ રૂપિયાથી વધુના ઓનલાઈન ફ્રોડમાં સંડોવાયેલા હતા. એટલું જ નહીં મોટાભાગના આરોપી ૮ પાસ જ હતા. તેમ છતા ટેક્નોલોજીની મદદથી લોકો સાથે સાયબર ફ્રોડ કરતા હતા.

અમદાવાદ, સુરત, ગાંધીનગર, ભરૂચ અને રાજકોટ સહિતના વિસ્તારોમાંથી ઝડપાયેલા આરોપીઓ વિવિધ સાયબર ગેંગ સાથે જોડાયેલા હોવાનું ખુલ્યું છે. આરોપીઓની ધરપકડ બાદ દેશભરમાં ૯૮૨ જેટલા સાયબર ફ્રોડ કેસ સોલ્વ કરવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસ તપાસ દરમિયાન રાજકોટથી ઝડપાયેલા વિમલ જાડા મુખ્ય આરોપી હોવાનું સામે આવ્યું છે. જ્યારે અમદાવાદ અને સુરતમાંથી ઝડપાયેલી ગેંગ પાસેથી અનેક બેંકની પાસબુક, એકાઉન્ટ સંબંધિત દસ્તાવેજો અને ડિજિટલ પુરાવાઓ જપ્ત કરવામાં આવ્યા છે.

સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના એસ.પી. રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ઈન્ચાર્જ ડીજીપીની સૂચનાથી 'મ્યુલ ઓપરેશન' એટલે કે 'મ્યુલ હન્ટ ૨.૦' (સ્ક્રિની ઊઁહં ૨.૦) હાથ ધરવામાં આવ્યું હતું. તે અંતર્ગત ચાર અલગ-અલગ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. આ ચાર ગુનાઓમાં અમદાવાદ, સુરત, વડોદરા, ભરૂચ અને રાજકોટ ખાતેથી અલગ-અલગ ૧૩ આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે.

વધુમાં રાજદીપસિંહે જણાવ્યું હતું કે, ઝડપાયેલા આરોપી પૈકી એક ગેંગની ખાસિયત એ છે કે, જેમાં 'વિમલ ઝાડા' કરીને આરોપી છે, એ ઓનલાઈન ટેલિગ્રામ અથવા તો અલગ-અલગ ચેનલોના માધ્યમથી જે બ્રીચ ડેટા થયેલો હોય એટલે કે જે નાગરિકોનો ડેટા લીક થયો હોય, એ ડેટા પ્રાપ્ત કરી લેતો હતો. જેમાં બેંકના કસ્ટમર આઈડી, રજિસ્ટર ફોન નંબર વગેરે વિગતો મેળવી. એના આધારે એ કસ્ટમરને સોશિયલ એન્જિનિયરિંગથી ફોન કરી અને એમની પાસેથી ઓટીપી મેળવી લેતો હતો. ઓટીપી મેળવ્યા બાદ જે વિક્ટિમ છે, એના બેંક એકાઉન્ટનો પાસવર્ડ ચેન્જ કરી નાખતો અને પાસવર્ડ ચેન્જ કરી અને પૈસા ઉપાડી લેતો હતો. એ વિમલની પણ ધરપકડ ખાતાધારકની સાથે કરવામાં આવેલી છે.

આ ઉપરાંત અમદાવાદ અને સુરત ખાતેથી જે ગેંગ પકડવામાં આવેલી છે, આ ગેંગની ખાસિયત એ છે કે એસ.એન.બી. એક્વા શિપિંગ પ્રાઈવેટ લિમિટેડના નામે, શિપિંગના નામે પેઢી ખોલવામાં આવેલી હતી અને એ પેઢીના માધ્યમથી સાયબર ક્રાઈમના પૈસાઓની લેવડ-દેવડ કરતા હતા. ત્યાં જ્યારે રેડ કરવામાં આવેલી ત્યારે ૨૦ અલગ અન્ય બેંક એકાઉન્ટોની પણ વિગત પ્રાપ્ત થયેલી અને પૂછપરછ કરતા એણે જણાવ્યું કે તેમની જ એક પેઢી સુરતમાં વેસુ રોડ ખાતે કાર્યરત છે.

જેનું નામ છે 'ઝેપ્લીન ઓવરસીઝ શિપિંગ પ્રાઈવેટ લિમિટેડ'. ત્યાં રેડ કરતા ૧૫થી વધારે બેંક એકાઉન્ટોના ખાતા બુકો વગેરે પ્રાપ્ત થયેલી હતી. આમ આ ગેંગો દ્વારા અલગ-અલગ તમામ રાજ્યના ૯૮૨ જેટલા સાયબર ક્રાઈમ ડિટેક્ટ થવા પામ્યા છે.

તમામ આરોપીઓમાં મ્યુલ એકાઉન્ટ ખાતાધારક, એનો હેન્ડલર, હેકિંગ અથવા ક્રાઈમ કરનાર વગેરે અલગ-અલગ લોકોની ધરપકડ થઈ છે. આગળ આ લોકો ક્યાં પૈસા મોકલતા હતા અને કઈ રીતે ટ્રાન્સફર કરતા હતા જેની તપાસ અલગ-અલગ ટીમો હાથ ધરી છે. આ લોકોને સામાન્ય રીતે ૪ ટકાથી લઈ અને ૮ ટકા સુધીનું કમિશન પ્રાપ્ત થયેલું હોવાનું આરોપીઓએ પ્રાથમિક પૂછપરછમાં કબૂલ્યું છે.

મોટાભાગના આરોપીના એજ્યુકેશનની વાત કરીએ તો, જે હેકર છે એ તો માત્ર ૮ ધોરણ ભણેલો છે. એટલે કોઈ એવું વિશેષતઃ એજ્યુકેશનલ બેકગ્રાઉન્ડ ધરાવતા નથી પરંતુ ટેકનોલોજીથી તમામ લોકો સુપેરે વાકેફ હોય એવું હાલ જણાઈ રહ્યું છે.

# દસક્રોઈમાં હીટ એન્ડ રનની ઘટનામાં ૩ વર્ષના માસૂમનું મોત

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદના આઉટર વિસ્તાર ગણાતા દસક્રોઈ તાલુકાના ગામડી ગામ પાસે એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં માતા સાથે ખરીદી કરી ઘર પાસે રસ્તા કિનારે ઊભેલા સાડા ત્રણ વર્ષના માસૂમ બાળકને એક બેફામ સ્પીડે આવતા પિક-અપ ટેમ્પોએ અડફેટે લીધો હતો. ગંભીર રીતે અકસ્માતમાં ઘવાયેલા બાળકનું જીફઁ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજતાં શ્રમિક પરિવાર હીબકે ચડ્યો હતો.

મૂળ મહેસાણા જિલ્લાના વતની અને હાલ ગામડી ગામ પાસે રહીને મજૂરી કામ કરતા નવઘણભાઈ ઝાલાનો સાડા ત્રણ વર્ષનો પુત્ર ક્રિષ્ણા આ અકસ્માતનો ભોગ બન્યો છે. ૨૧ મેની સાંજે ક્રિષ્ણાની માતા વર્ષાબહેન અન્ય મહિલા અને બાળકો સાથે વટવા વિસ્તારમાં કરિયાણું ખરીદવા ગયા હતા. સાંજે આશરે ૭ વાગ્યે તેઓ રિક્ષા પાછી બાંધીને ગામડી સ્થિત 'સ્વાસ્તિક-૨' ફ્લેટ્સ નજીક પોતાના ઘર પાસે ઉતર્યા હતા.

પરિવાર હજુ રસ્તાની સાઈડમાં ઊભો જ હતો, તે દરમિયાન અચાનક એક પિક-અપ ટ્રકના ચાલકે પોતાના વાહનને પૂરઝડપે અને બેજવાબદારીપૂર્વક હંકારી લાવી માસૂમ ક્રિષ્ણાને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ટેમ્પોનું વ્હીલ ફરી વળતાં બાળકને માથાના પાછળના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી ચાલક વાહન સાથે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

ગંભીર હાલતમાં લોહીલુહાણ થયેલા માસૂમને તાત્કાલિક વટવાની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાંથી વધુ સારવાર માટે એલ.જી. હોસ્પિટલ અને ત્યારબાદ સિવિલ બોડીની જીફઁ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, ટૂંકી સારવાર બાદ રાત્રે ૧૦:૩૪ વાગ્યે ફરજ પરના તબીબોએ માસૂમ ક્રિષ્ણાને મૃત જાહેર કર્યો હતો. ઘટનાના સમયે વટવા ખાતે મજૂરી કામે ગયેલા પિતાને ફોન પર આ અઘટિત ઘટનાની જાણ થતાં તેઓ હોસ્પિટલ દોડી આવ્યા હતા.

# સેટેલાઈટમાં રત્નાકર ૩ બિલ્ડિંગમાં આગ



અમદાવાદ, તા. ૨૩

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં જોધપુર પ્રેરણા તીર્થ રોડ પર રત્નાકર-૩ બિલ્ડિંગની બી વિંગમાં આવેલા ત્રીજા માળે આજે (૨૩ મે) આગ લાગવાની ઘટના બની હતી. આગ લાગતા જ ફ્લેટમાં રહેતા લોકો નીચે દોડી આવ્યા હતા. તેમજ બનાવની જાણ થતાં ફાયરવિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોચી હતી. ૬ ગાડીએ પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવી લીધો હતો.

આગ બેડરૂમમાં લાગી હતી અને પ્રસરી હતી જેમાં ૩ રૂમ બળીને ખાક થઈ ગયા હતા. ફ્લેટના રહીશે કહ્યું કે છઝ્ર અને ચાર્જર ચાલું હોવાથી આગ લાગી હતી. ધુમાડાના કારણે ૧૫ લોકોને રેસ્ક્યુ કરાયા હતા.

બી બ્લોકમાં આવેલા ત્રીજા માળે ફ્લેટમાં અચાનક આગ લાગતા ત્રણ રૂમ બળીને ખાક થઈ ગયા હતા. રૂમમાં રાખેલા તમામ સામાનને મોટું નુકસાન થયું હતું. એસી, પંખા અને બેડ સહિતની વસ્તુઓ બળી ગઈ હતી.

આગ લાગવાની ઘટનામાં કોઈપણ પ્રકારની મોટી જાનહાનિ થઈ નથી. ઘરમાં માત્ર એક જ વ્યક્તિ હોવાથી મોટી દુર્ઘટના ટળી છે. તેમજ ફ્લેટમાં ફાયરના સાધનો હોવાથી આગ પર કાબૂ મેળવવા પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો.

ફાયર વિભાગના અધિકારી પંકજ રાવલે જણાવ્યું હતું કે, રત્નાકર ૩ની બી વિંગમાં ૩૦૨ નંબરના ફ્લેટમાં આગ લાગી હતી. બેડરૂમમાં વહેલી સવારે આગ લાગવાની ઘટના બની હતી. ફ્લેટના રહીશે એવું જણાવ્યું છે કે એસી ઓન હતું અને ચાર્જર ચાલુ હતું જેથી આગ લાગી હતી, પરંતુ આગ લાગવાની ઘટના કેમ બની તે તપાસ બાદ જ સામે આવશે.

વધુમાં પંકજ રાવલે જણાવ્યું હતું કે, કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવાયો છે. ફ્લેટની સિસ્ટમથી આગ પર કાબૂ મેળવી લેવાયો હતો. તાપમાન જ્યારે ૪૪ ડિગ્રીએ પહોંચી જાય છે ત્યારે ઈલેક્ટ્રીક સાધનો ઓવર હીટ થવાની ઘટના બનતી હોય છે. આગ માત્ર ફ્લેટ સુધી પ્રસરી હતી. પરંતુ ધુમાડાના કારણે ૧૫ લોકોને રેસ્ક્યુ કરીને બહાર લાવવામાં આવ્યા હતા. એસી સહિતની વસ્તુઓને નુકશાન થયું છે.

# નિકોલના જ્વેલર્સમાં કરોડોના સોનાના દાગીના ચોરનાર મહિલા સેલ્સગર્લનો પોલીસ પર ગંભીર આક્ષેપ

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં આવેલા જાણીતા 'અભૂષણ ગોલ્ડ એન્ડ સિલ્વર' શોરૂમમાંથી થોડા દિવસો પહેલા માર્કેટિંગ એક્ઝિક્યુટિવ તરીકે ફરજ બજાવતી હર્ષિદા શેટ્ટી નામની મહિલા કર્મચારી રૂ. ૧.૬૬ કરોડના સોનાના દાગીના ચોરીને રફુચક્કર થઈ ગઈ હતી. આરોપી મહિલાની ધરપકડ બાદ હવે સેલ્સગર્લ હર્ષિદાએ પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. મહિલાના આક્ષેપ બાદ સમગ્ર મામલે કોર્ટ સુધી પહોંચ્યો છે, ત્યારે કોર્ટે નિકોલ પોલીસ અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને નોટિસ ફટકારી કોર્ટમાં હાજર થવા ફરમાન કર્યું છે.

આરોપી મહિલાએ પોલીસ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. વકીલ મારફતે આરોપી હર્ષિદાએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે, 'પોલીસની ધરપકડની કામગીરી દરમિયાન સર્વોચ્ચ અદાલતની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવ્યું નથી અને મહિલાઓની ધરપકડના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. તેમજ મારું શારીરિક ચેકિંગ કરતી વખતે કોઈપણ મહિલા પોલીસકર્મી હાજર ન હતા અને પુરુષ પોલીસકર્મી દ્વારા ચેકિંગ કરાયું હતું, જે કાયદાકીય રીતે ગુનો બને છે.'

વધુમાં હર્ષિદાએ આક્ષેપ કર્યા હતા કે, પોલીસે સોનું રિકવર કરતી વખતે તેની પાસે રૂ. ૧ લાખ રોકડ પડાવી લીધા હતા. પોલીસની કામગીરી મામલે કોર્ટમાં અરજી કરતાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટે પોલીસ પાસે જવાબ માંગ્યો છે. આ મામલે વધુ સુનાવણી હવે સોમવારે(૨૫ મે) થશે.

ઉલ્લેખનીય છે કે મહિલા આરોપી અને તેના ભાગીદાર પુરુષ આરોપી મયુર માળીને પોલીસે ઝડપી પાડ્યા છે. તે પૈકી મહિલા આરોપીના રિમાન્ડ પૂર્ણ થઈ ચૂક્યા છે, જ્યારે મયુર માળી ૨૫ મે સુધી રિમાન્ડ ઉપર છે. આરોપીઓ પાસેથી ૮૦૦ ગ્રામ જેટલું સોનું રિકવર કરવાનું બાકી છે. મયુર માળીએ બાકીનું સોનુ ઉદેપુરથી ૪૦ કિલોમીટર દૂર બઠેડા ગામમાં દાટ્યું હોવાનું જણાવ્યું હતું. પોલીસ તેને લઈને ઉદેપુર તપાસ કરવા જવાની હતી.

જો કે આરોપી મહિલાને પુરુષ મિત્રો જ દગો આપીને મોટાભાગના દાગીના લઈને ફરાર થઈ ગયો હતો. જ્યારે મહિલા આરોપી પોતાની પાસેના કેટલાક દાગીના વેચવા માણેકચોક ખાતે આવી હતી, જ્યાં ક્રાઈમ બ્રાન્ચ તેને આશરે ૨૨ લાખના ઘરેણા સાથે ઝડપી પાડી હતી.

નિકોલમાં અનમોલ સર્કલ પાસે ગ્રેવિટી શોપિંગ મોલમાં આવેલા આ શોરૂમના માલિક દર્શનભાઈ જૈને નોંધાવેલી ફરિયાદ મુજબ, શનિવારે(૯ મે) બપોરે ૨ વાગ્યે તેઓ જમવા માટે ઘરે ગયા હતા. આ દરમિયાન શોરૂમમાં મેનેજર અને અન્ય ૧૯ જેટલા કર્મચારીઓ હાજર હતા. સાંજે ૫ વાગ્યે જ્યારે માલિક પરત આવ્યા ત્યારે સ્ટાફે અમુક દાગીના ગાયબ હોવાની જાણ કરી હતી.

# મહેસાણામાં કેમિકલને નદીમાં ઠાલવવાનું કૌભાંડ ઝબ્બે

મહેસાણા, તા.૨૩

મહેસાણાની ખારી નદી પાસે એક દુકાન આગળ પાણી નિકાલની કુંડી મારફત ઝેરી-દુર્ગંધયુક્ત શંકાસ્પદ કેમિકલ પ્રવાહી ગેરકાયદે નદીમાં ઠાલવવાનું કૌભાંડ ઝડપાતાં બી ડિવિઝન પોલીસે ટેન્કર જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.મહેસાણા બી ડિવિઝન પીઆઈ એ.આર.પટેલની સૂચનાથી સર્વેલન્સ સ્ક્વોર્ડના માણસો ગુરુવારે રાત્રે નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હતા ત્યારે મોડી રાત્રે મહેસાણા હાઈવે પર ખારી નદી પાસે બંધન ગેસ્ટ હાઉસની નીચે આવેલી દુકાન આગળ એક શંકાસ્પદ ટેન્કર પાસે હાજર શખ્સ ટેન્કરના ટાંકામાંથી પાઈપલાઈન મારફત બંધન ગેસ્ટ હાઉસ નીચેની દુકાન આગળ બનાવેલી પાણી નિકાલની કુંડીમાં ટેન્કરમાંથી કેમિકલ જેવું ઝેરી-દુર્ગંધયુક્ત પ્રવાહી નિકાલ કરતા હોવાની જાણ થઈ હતી.

# ગોવાથી દારૂનો મોટો જથ્થો ભરીને આવતું કન્ટેનર ઝડપાયું

વડોદરા,તા.૨૩

ગોવાથી દારૂનો મોટો જથ્થો ભરીને આવતું કન્ટેનર વડોદરા નજીકના ભારત માલા હાઈવે ઉપરથી ઝડપાયું હતું.

પોલીસે એક કરોડ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી ડ્રાઈવરની ધરપકડ કરી છે.

હરિયાણા પાર્સિંગનું એક કન્ટેનરમાં દારૂનો જથ્થો ભરેલ છે અને આ કન્ટેનર હાલમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર ભરૂચથી વાસદ તરફના ટ્રેક ઉપર આવી રહેલ છે તેવી બાતમીના આધારે એલ.સી.બી. ટીમ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર ભરુચથી વાસદ તરફની ટ્રેક ઉપર ગોકળપુરા ગામની સીમમાં ગોકળપુરા પુરા ગામ નજીક વોચ ગોઠવવામાં આવી હતી.

દરમિયાન બાતમી મુજબનું કન્ટેનર આવતા તેને ઝડપી પાડી તપાસ કરતા કંન્ટનેરમાં ડ્રાઈવર એકલો હોય જેનું નામઠામ પુછતા લખન મહિપાલ બિશ્નોઈ રહે, ધતરવાલોકી ઢાણીયા, ભાકરાશની પોસ્ટ સાંગરિયા તા.લુણી જી.જોધપુર રાજસ્થાનનો હોવાનું જણાવેલ જેને સાથે રાખી કંન્ટનેરમાં પાછળના ભાગે તપાસ કરતા ભારતીય બનાવટની વિદેશી દારૂની પેટીઓ ભરેલ મળી આવી હતી. જે બહાર કાઢી ગણતરી કરતા વિદેશી દારુની પેટી નંગ ૧૨૯૦ જેમાં કુલ કવાર્ટરીયા નંગ-૬૧૯૨૦ કુલ કિ.રૂા. ૯૬,૫૯,૫૨૦ તથા મોબાઈલ ફોન નંગ૦૧ કિ.રૂા.૧૦,૦૦૦ તથા ટાટા કંપનીનુ કંન્ટેનર-૦૧ કિ.રૂ.૧૦,૦૦,૦૦૦ વિગેરે મળી કુલ રૂ.૧,૦૬,૬૯,૫૨૦ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

પકડાયેલ ઈસમને વિદેશી દારૂ કયાંથી ભરી લઈ આવેલ અને કોને આપવાનો હતો તે બાબતે પુછપરછ કરતા પકડાયેલ આરોપીના ઓળખીતા રાજુરામ મોડારામ બિશ્નોઇ રહે, ગામ ફીચ, તા.લુણી જી.જોધપુર રાજસ્થાનએ ગોવા ખાતે બોલાવેલ અને ધર્માભાઇ નામના ઈસમ સાથે સંપર્ક કરાવેલ અને આ ધર્માભાઈએ ગોવા મડકઈ ઈન્ડસ્ટ્રીયલ ખાતેથી વિદેશીદારૂ ભરેલ કંન્ટેનર આપેલ અને ગુજરાત તરફ લઈ જવાનુ જણાવેલ અને જેમ જેમ લોકેશન મોકલે તે મુજબ ગુજરાત તરફ આગળ જવાનુ હોવાની હકિકત જણાવતા પકડાયેલ ડ્રાઈવર ઈસમ તેમજ વિદેશી દારૂ જથ્થો સપ્લાય કરનાર ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનમાં કેસ રજીસ્ટર કરાવવામાં આવેલ છે.

# ગુજરાત પંચાયત વિભાગનો મોટો નિર્ણય તલાટી અને જુનિયર ક્લાર્ક સહિત ૧૧૧ કર્મચારીઓની આંતર જિલ્લા બદલી

અમદાવાદ, તા. ૨૩

રાજ્ય સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા પંચાયત સેવા સંવર્ગના કર્મચારીઓ હિતમાં એક મહત્ત્વપૂર્ણ આદેશ જાહેર કરવામાં આવ્યો છે. સચિવાલય ખાતેથી જાહેર કરાયેલા સત્તાવાર આદેશ અનુસાર, રાજ્યભરના વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા પંચાયત સેવાના કુલ ૧૧૧ કર્મચારીઓની આંતર જિલ્લા ફેરબદલી કરવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી લાંબા સમયથી બદલીની રાહ જોતા કર્મચારીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ૨૨મી મે ૨૦૨૬ના રોજ પંચાયત વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ મુજબ, વિવિધ વર્ગના કર્મચારીઓની બદલીઓ વહીવટી અનુકૂળતા અને નિયમોને આધીન કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે, તલાટી કમ મંત્રી, જુનિયર ક્લાર્ક, સ્ટાફ નર્સ, ગ્રામ સેવકની બદલી કરાઈ છે.

સરકારના કડક આદેશ અનુસાર, બદલી પામેલા તમામ ૧૧૧ કર્મચારીઓએ તાત્કાલિક અસરથી પોતાના નિયત કરાયેલા નવા જિલ્લામાં ફરજ પર હાજર થવાનું રહેશે. હાલમાં જે-તે જિલ્લા પંચાયત હેઠળ ફરજ બજાવતા આ કર્મચારીઓને વહેલી તકે મુક્ત કરવાની જવાબદારી સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીઓને સોંપવામાં આવી છે.

# મધ્યમ વર્ગમાં ઘરઆંગણે ઓછાં ખર્ચે મજાઃ ડે પિકનિકનું ચલણ વધ્યું

અમદાવાદ, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક કટોકટીના સમયમાં દેશવાસીઓને વિદેશ પ્રવાસ ન ખેડી દેશ-રાજ્યના સ્થાનિક પર્યટનસ્થળોએ ફરવા જવા જાહેર અપીલ કરી હતી. આ અપીલને અમદાવાદીઓએ આવકારી છે, એટલું જ નહીં, વેકેશનમાં પરિવાર સાથે વિદેશ કે અન્ય રાજ્યોના પ્રવાસન સ્થળોએ જવાને બદલે અમદાવાદની આજુબાજુમાં આવેલા રિસોર્ટમાં જ પરિવાર સાથે વીકએન્ડ ગાળવા અથવા ડે પિકનિકનો વિકલ્પ અપનાવ્યો છે. વડાપ્રધાનની જાહેર અપીલની એવી અસર થઈ છે કે, અમદાવાદ આસપાસ આવેલા રિસોર્ટની ઈન્ક્વાયરીમાં ૨૦૦ ટકાનો તોતીંગ વધારો થયો છે. ૧૫ દિવસ પહેલા ડે પીકનિક માટે ગણ્યાગાંઠ્યા લોકો પૂછપરછ કરતા હતા, પરંતુ છેલ્લા એક સપ્તાહમાં વીકએન્ડ(શનિ-રવિ, બે દિવસ) અને ડે પીકનિક માટે ખાસ્સી એવી પૂછપરછ જ નહીં, પરંતુ અનેક પરિવારોએ બુકિંગ પણ કરાવી લીધું છે. સાથોસાથ કોર્પોરેટ જૂથો પણ એન્યુઅલ, કોર્પોરેટ મીટિંગ કે અન્ય ઈવેન્ટ માટે રિસોર્ટ બુક કરવા લાગ્યા છે.ગુજરાતમાં ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષા પૂરી થયા બાદ કેટલાક પરિવારોએ વિદેશ પ્રવાસ માટે લક્ષદ્વીપ, મોરેશિયસ, બાલી અને યુરોપના દેશો જ્યારે મધ્યમ વર્ગીય પરિવારોએ દેશમાં જ જમ્મુ-કાશ્મીર, હિમાલચ પ્રદેશ, સિક્કિમ તો કેટલાક ગુજરાતી પરિવારોએ 'સસ્તુ ભાડુ ને સિદ્ધપુરની જાત્રા'ની ઉક્તિને અનુસરીને નજીકના આબુ, ઉદેપુર, કુંભલગઢ, જેસલમેર જેવા સ્થળોએ વેકેશન ગાળવાનું આગોતરું આયોજન કર્યું હતું. જેમાંથી કેટલાક પરિવારોને કોઈ કારણસર બુકિંગ કે ટિકિટની સમસ્યા થઈ અને એ સમયગાળામાં જ વડાપ્રધાને જાહેર અપીલ કરતા આવા પરિવારોએ ટૂર કેન્સલ કરીને ઓછા ખર્ચમાં ગુજરાતમાં જ મજા માણવાનો નિર્ણય કર્યો. વડાપ્રધાનની અપીલ અને લોકોની પૂછપરછ જોતા રિસોર્ટ માલિકોએ વાજબી ભાવે પેકેજ ઓફર કરીને ધંધો કરવાની તક ઝડપી લીધી છે. અમદાવાદના એક બુટિક રિસોર્ટના માલિક મિલિન્દ શાહ કહે છે કે, વડાપ્રધાનની અપીલને ગુજરાતીઓએ આવકારી છે, એટલું જ નહીં, અમલમાં પણ મૂકી છે. જાહેર અપીલ બાદ ખૂબ જ ટૂંકા સમયમાં તેમણે ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓની છ મોટી ઈવેન્ટ કરી છે અને ૨૦૦થી વધુ ડે પીકનિકના બુકિંગ મેળવ્યા છે. તેઓ કહે છે કે, અમારો રિસોર્ટ અન્ય રિસોર્ટ કરતા અલગ-બુટિક રિસોર્ટ છે. જે લોકોને અલગ પ્રકારની અનુભૂતિ કરાવે છે. ઈન્ડોર-આઉટડોર ગેમ્સ અને સ્વિમિંગ પુલ સહિતના આકર્ષણ તો ખરા જ. ઈવેન્ટ મેનેજમેન્ટના ક્ષેત્ર સાથે સંકળાયેલા સૂત્રો કહે છે કે, મોંઘવારી અને સમયને અભાવે હવે અનેક પરિવારોમાં નજીકના સ્થળોએ વીકએન્ડ અથવા બે-ત્રણ દિવસના 'આઉટીંગ'નો ટ્રેન્ડ વધી રહ્યો છે. જેમાં અનેક લોકો પરિવાર સાથે પોતાના બજેટમાં એન્જોય કરે છે. કેટલીક કંપનીઓ પણ લોકલ ડેસ્ટિનેશનમાં ઈવેન્ટ માટે પૂછપરછ કરી રહી છે અને બજેટ મુજબ અમે તેમને આયોજન કરી આપીએ છીએ.


દિવેલાની ખેતી - પ્રગતિની કેડી
ખેડુત ભાઈઓ માટે ખાસ ભલામણ

પ્રગતિ
પ્રગતિ સર્ટીફાઈડ હાઈબ્રીડ બિયારણ
• જી.સી.એચ - ૭
સુકારા અને કૃમિ સામે પ્રતિકારક
• જી.સી.એચ - ૪
સુકારા સામે અંશતઃ પ્રતિકારક
• જી.સી.એચ - ૨
મૂળના કહોવારા સામે પ્રતિકારક
ઓર્ગેનિક જમીન સુધારક અને ખાતર
પ્રગતિ પ્લસ
નાઈટ્રોજન : ૪% થી વધુ, ફોસ્ફોરસ : ૧.૫% અને પોટાશ : ૧% થી વધુ
ઓછો ખર્ચ - વધુ ઉત્પાદકતા - વધુ પ્રગતિ
ઈસેદુ એગ્રોકેમ પ્રા. લી.
(સબસીડરી ઓફ જયંત એગ્રો - ઓર્ગેનીક્સ લી.)
પ્લોટ નં. ૬૬૭, સ્ટેટ હાઈવે નં.૪૧, મુ.પો. જગાણા
તા. પાલનપુર, જિ.બનાસકાંઠા (ઉત્તર ગુજરાત)
મો : ૭૫૭૫૦૦૧૮૮૦, ૭૫૭૫૦૦૧૮૭૩
Email : pragati@ihseduagro.com Web : www.ihseduagro.com